# કલ્યાણ




| | | | | |
|---|---|---|---|---|
| વર્ષ : ૧૭ | માગશર | : સંપાદક : | ડીસેમ્બર | વીર સં. |
| અંક : ૧૦ | ૨૦૧૭ | સોમચંદ ડી. શાહ | ૧૯૬૦ | ૨૪૮૭ |

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૭૨૫ |
| ઉકેલ માગતો પ્રશ્ન : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૭૨૭ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૭૨૯ |
| જ્ઞાન ગોચરી : | શ્રી ગવેષક | ૭૩૭ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૭૪૨ |
| વિનાશનાં તાંડવ : | પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૭૪૬ |
| મહા માનવ : | શ્રી શૈલેશ | ૭૫૦ |
| વેરાયેલાં પુષ્પો : | શ્રી રમણલાલ ભોગીલાલ પારેખ | ૭૫૪ |
| મધપૂડો : | શ્રી મધુકર | ૭૫૫ |
| પ્રાર્થનાનું પરિબળ : | ડો. એમ. ડી. દેશાઇ | ૭૬૧ |
| સ્યાદ્વાદની મહત્તા : | પૂ. મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ. | ૭૬૫ |
| આપણે આજે ફરી વિચારીએ : | શ્રી ભાઇલાલભાઈ ડી. પટેલ | ૭૬૬ |
| સંસાર ચાલ્યો જાય છે. : | વૈદ્ય મો. ચુ. ધામી | ૭૭૭ |
| જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા : | શ્રી કિરણ | ૭૮૫ |
| સમાચારસાર : | સંકલિત | ૭૯૧ |
| વેરાયેલાં વિચારરત્નો : | પૂ. પં. શ્રી કનકવિજયજી ગ. | ૮૦૦ |


## ઉપયોગી સૂચન

એજન્ટોને ત્યાં જે ગ્રાહકબંધુઓ લવાજમ ભરે તેઓએ પાલીતાણા ખાતે કાર્યાલયને એક કાર્ડથી જણાવવું જરૂરી છે.

*

કલ્યાણ માસીકમાં ગીતો, સ્તવનો, પદ્યો કે કાવ્યો લેવાનો નિયમ નથી. લેખો પણ કાગળની એક બાજુએ લખીને મોકલો

'સમાચાર સાર' વિભાગમાં દરેક ધાર્મિક સમાચારો ટૂંકમાં લેવાય છે તો સમાચારો બને તેટલા મુદ્દાસર અને ટૂંકા લખવા

❀

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો

❀

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❀

નવા દશ ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❀

ટાઇટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનંતિ છે.

❀

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાના ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોષ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનતિ છે.

❀

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.

# ઉઘડતે પાને

જૈન સમાજમાં આજે સર્વદેશીય પ્રશ્નોને શ્રદ્ધા, સમભાવ, સંસ્કાર તથા સિદ્ધાંતની દૃષ્ટિયે છણાવટ કરતાં સાહિત્ય પ્રચારની ખોટ છે, એકદેશીય સાહિત્ય કોઇપણ રીતે સર્વ સમાજને-સમાજના દરેક વર્ગને માર્ગદર્શન આપી શકે તેમ નથી; માટે જ 'કલ્યાણ' આજે જૈનસમાજને શ્રદ્ધા સાથે સંસ્કાર અને શિક્ષણ સાથે સમભાવનો પ્રચાર કરવા કાજે જૈનત્વને જૈન આર્ષદૃષ્ટિને-જૈનસિદ્ધાંતને વફાદાર રહેવાપૂર્વક સમાજના બાલ, પ્રૌઢ, યુવાન કે વૃદ્ધ; ઓછું ભણેલાં કે વધારે ભણેલાં; ગંભીર સાહિત્ય શોખીન કે હળવા સાહિત્ય રસિક દરેકને માર્ગદર્શન આપવાપૂર્વક તે તે વર્ગનું જીવન ઘડતર કરવા પોતાનો મહત્ત્વનો ફાળો ગૌરવપૂર્વક આપવા ઇચ્છે છે.

છતાં યે સમાજ પ્રત્યેની, ધર્મ કે શાસન પ્રત્યેની તેની પોતાની જે કાંઇ ફરજો છે, તેને બજાવવા માટે તે સર્વ રીતે સજાગ છે. કોઈપણ પ્રશ્નમાં સમાજને જાગતા રહેજોની રોન મારવાની તેની ફરજને તે અદા કરવા નિર્ભયપણે કટિબદ્ધ છે. દેવદ્રવ્યના પ્રશ્નથી માંડીને ચાલુ વાતાવરણમાં ભયના વાદળોની જેમ ઘૂમી રહેલો 'ધાર્મિક ટ્રસ્ટ એકટ'નો પ્રશ્નઃ પણ તે બધાયમાં, 'કલ્યાણ' પોતાથી શકય સઘળું કરીને સમાજને જાગ્રત રાખવાપૂર્વક સત્તાસ્થાને રહેલા-વર્ગને યોગ્ય પડકાર આપવા તે કદિ ચૂકયું નથી. વર્તમાન કોંગ્રેસતંત્રની અભારતીય નીતિ-રીતિ સામે મકકમ અવાજે સ્પષ્ટ શબ્દોમાં 'કલ્યાણે' તે તંત્રને પડકારેલ છે.

આજ કારણે 'કલ્યાણ' જેવા સંસ્કૃતિ પ્રચારક ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિના માર્ગદર્શક હળવા છતાં શિષ્ટ માસિકની આજે કેટ-કેટલી આવશ્યકતા છે? તે કહેવાનું કે સમજાવવાનું ન હોય! કેવલ ૫-૫૦ના લવાજમમાં જાહેરાતના પેજોને બાદ કરતાં પણ દર મહિને ૮ાા ફર્મા, ૯૮ જેટલા પેજોનું નકકર વાંચન, વિવિધ વિષયસ્પર્શી સાત્વિક, તાત્ત્વિક રસમય થાળ પીરસતા 'કલ્યાણ'ના શુભેચ્છકોને એટલું જ કહેવાનું રહે છે કે, 'કલ્યાણ'નો હજુ અમે વધુ વિકાસ કરવા ઇચ્છા રાખીએ છીએ. આજે સરેરાશ દર મહિને ૧૦ ફર્મા આપતા 'કલ્યાણ'ને આવતી કાલે ૧૨થી ૧૫ ફર્માઓનું વાંચન આપતા કરવાના અમારા મનોરથો છે, સમાજમાં એવું અઠવાડિક, પાક્ષિક કે માસિક નથી કે જેનું માસિક વાંચન કલ્યાણ જેટલું નકકર, સંગીન, વિવિધ વિષયસ્પર્શી સાત્વિક તથા તાત્વિક અને વિશાલ હોય, છતાં અમને આજે એ બાબતમાં સંતોષ છે કે, સમાજમાં 'કલ્યાણ'નું સ્થાન વિશિષ્ટ છે, ને રહેશે.

તેનું કારણઃ તેના શુભેચ્છકોનો સહૃદયતાભર્યો સહકાર, તેના હજારો વાંચકવર્ગનો એકસરખો આત્મીય ભાવ; અને તેના સંચાલકોનો સમાજની નાડ પરખીને તેની શ્રદ્ધા, સંસ્કાર તથા તેના જીવનને ઘટતા જીવનોપયોગી સાહિત્યને રજુ કરવાનો સજાગ પ્રયત્નઃ કલ્યાણ' માટે અમારી કોઈ અભિલાષા કે અન્ય પ્રાર્થના નથી પણ એક જ કહેવાનું સર્વકોઈને રહે છે કે, આજ દિન સુધી 'કલ્યાણ'ને જે સહકાર આપતા રહ્યા છો. તે રીતે આપોને 'કલ્યાણના ઉત્તરોત્તર વિકાસમાં તમારો નમ્ર ફાળો આપતા રહેજો! સર્વ કોઇ શુભેચ્છકો કલ્યાણને માટે એક એક ગ્રાહક નવો કરતા રહે તો આજે કલ્યાણ જે હજારોની સંખ્યામાં વાચકવર્ગ ધરાવે છે, તે આવતી કાલે લાખોની સંખ્યામાં વાચકવર્ગ ધરાવતો થાય! 'કલ્યાણ'ની તેના જન્મ સમયે તેના મુદ્રાલેખમાં જે મંગલભાવના તેના પહેલા વર્ષના પહેલા અંકમાં મુદ્રિત કરેલી હતી તે આજે પણ એજ છે કે, શિવમસ્તુ સર્વ જગતઃ જગતના ચૌદે રાજલોકના સર્વ-આત્માઓનું સર્વ રીતે સર્વ સ્થાને કલ્યાણ હો! ભદ્ર હો!, શ્રેય તથા મંગલ હો.'

વર્ષ : ૧૭ કલ્યાણ માગશર
અંક : ૧૦ ૨૦૧૭

## ઉકેલ માગતો પ્રશ્ન !

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

આ સ્થળેથી એકવાર કહેવાઈ ગયું છે કે આપણે હવે લગ્ન અંગે થતા ખર્ચના મોટા ભપકાઓથી દૂર રહેવું જોઇએ અને લગ્નને એક આદર્શ રૂપે પ્રતિષ્ઠિત કરવા માગતા હોઇએ તો બને તેટલી સાદાઇથી તે ઉજવવાં જોઈએ.

પરંતુ કાળનો સખત તમાચો લાગતો હોવા છતાં આપણે એટલા નિંભર બની ગયા છીએ કે પરિસ્થિતિ, કાળ અને સંયોગનો જરાયે વિચાર કરતા નથી.

કન્યાના પ્રત્યેક માતા પિતા-પોતાની પુત્રી સુખી થાય એવું ઈચ્છતા હોય છે અને સમાજમાં કંઈક ભણેલો મુરતીયો મળે તો એને પ્રાપ્ત કરવા પડાપડી થતી હોય છે અને વધારે કમનશીબી એ છે કે આ પડાપડીમાં જે માબાપ વધારે ધન વેરી શકે તેજ પોતાનું ધાર્યું કરી જાય છે. મુરતીયાને અમેરિકા કે યુરોપ અભ્યાસ માટે મોકલવાના વચન અપાય છે. કરિયાવરની સામગ્રીની વિપુલતા વર્ણવાય છે અને આ રીતે વરવિક્રયની એક ભયંકર પ્રથા જે આપણા સમાજમાં હતી નહિં તે ફરીવાર સજીવન થતી હોય છે. આ પાપના પરિણામે મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની કન્યાઓ માટે ભારે વિષમ પરિસ્થિતિ સર્જાવા માંડે છે.

ઘણીવાર એવું પણ બને છે કે સામાન્ય ભણેલા મુરતીયાઓની દષ્ટિ પણ કોઈ માલદારની કન્યા મેળવવા તરફ વળે છે અથવા કંઈક પ્રાપ્તિની આશા જાગે છે.

આવી વૃત્તિ એ એક કદી માફ ન થઇ શકે એવું ભયંકર દૂષણ છે અને આવું દૂષણ એક મહા જ્વાળા પ્રગટાવીને સમાજના કલેવરને ભસ્મીભૂત કરી નાંખે તે પહેલાં જૈન સમાજના વિચારક ભાઇઓએ આ દૂષણને ડામવા અંગે કંઈક કરવું જોઇએ.

લગ્ન એ સંસાર જીવનની એક ઉત્તમ ક્રિયા હોય તો એ ક્રિયાને આવાં દૂષણ વડે અભડાવવી ન જોઈએ. વરકન્યાના માબાપોએ સમાન સ્થિતિના ઘર સાથે જ સંબંધ બાંધવાનો નિર્ણય કરવો જોઇએ, અને આજની અસંસ્કારી કેળવણીના વિષથી જેનાં જીવતર ચંચળ બની ગયાં છે, તેવા નવજુવાનાએ આગળ આવીને આ દૂષણને ડામવા માટે કટિબધ્ધ થવું જોઇએ.

આ પ્રશ્ન કેવળ આટલેથીજ પતતો નથી. શ્રીમંતોએ લગ્ન પ્રસંગને એટલો વિકૃત અને બિહામણો બનાવી દીધો છે કે સારાયે સમાજને એ લોકો પાછળ ખેંચાવું પડે છે.

લગ્ન સમયના વસ્ત્રાલંકારોમાં માત્ર પોતાની શ્રીમંતનાં પ્રદર્શન સિવાયની અન્ય કોઈ દૃષ્ટિ ભાગ્યેજ દેખાતી હોય છે.

લગ્ન નિમિત્તે થતી પાર્ટીઓ એટલી બધી ખરચાળ હોય છે કે એ કરતાં ભારતીય પ્રથાનું ભોજન ઘણું જ સગવડ ભર્યું, સ્વાવલંબી અને સસ્તુ હોય છે; પણ શ્રીમંતોને આવી પાર્ટીઓને આવા જલસાઓ વગર ચાલતું નથી નાણાનો ધૂમાડો કરવામાં કઇ ઉદારતા પડી છે? એજ સમજાતું નથી. અને મધ્યમવર્ગને પણ ન છૂટકે આવા ચાળા કરવા પડે છે.

આપણા લગ્ન ગીતો જે જુનાં કહેવાય છે તેની પાછળ હેતુ અને આદર્શ પડયો હતો. આજ ફિલ્મી ફેશનનાં ગીતો આપણામાં રહેલા સંસારના અને સાહિત્યના દૈન્યની જ જાહેરખબર કરતાં હોય છે.

લગ્ન એ સંસાર જીવનનું એક સંસ્કારી કાર્ય છે.

એ સાંસ્કારિક કાર્ય જેટલું સાદું, શુદ્ધ અને અંતરના ભાવથી ભરેલું હોય તેટલું વધારે મંગલમય પરિણામો લાવનારૂં નિવડે છે.

લગ્ન એ કેવળ સંસાર જીવનનું મંગલાચરણ છે. જૈનદર્શનને એમાં એટલો રસ નથી, જેટલો રસ ત્યાગમય જીવનમાં છે. કારણ કે જૈનદર્શન તો ખુલ્લી રીતે વાત કરે છે કે સંસારની કોઈપણ ક્રિયા સુખાભાસથી આગળ વધતી જ નથી. પરંતુ આ તત્ત્વજ્ઞાનનો પ્રશ્ન છે. વ્યવહાર અને સંસાર ભાવને પણ ધર્માશ્રિત જ રાખ્યાં છે. કારણ કે ધર્મના આશ્રય વગરનું કોઇપણ કાર્ય પરિણામે લાભદાયક નથી.

આપણી લગ્ન પ્રથામાં એવોજ ધર્માશ્રિત આદર્શ પડયો હોવા છતાં આજ આપણે વધુમાં વધુ વિલાસ અને વૈભવનાં પ્રદર્શન કરવામાં જ જાણ્યે કોઈ મહાન કામ કરી નાંખ્યું હોય તેવો સંતોષ મેળવીએ છીએ.

આ પ્રશ્નને સમગ્ર દૃષ્ટિએ વિચારવાનું અને લગ્ન જેવી સંસારની ઉત્તમ ક્રિયાના એક સંસારને એના શુદ્ધ સ્વરૂપે રાખવાનું આપણે સહુ નક્કી નહીં કરીએ તો થોડાજ વરસો પછી આપણી લગ્નપ્રથા એક અભિશાપ જેવી બની જશે અને જ્યારે વિકૃતિ વધી પડે છે, ત્યારે વિનાશ સિવાય બીજું કોઇ પરિણામ આવતું નથી.

દરદ પ્રાણઘાતક બને તે પહેલાં જો યોગ્ય પથ્યાપથ્ય અને ઉપચાર કરવામાં આવે તો દરદી ફરીવાર આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે. પરંતુ દરદ પોતે જ જ્યારે વિકરાળ બની જાય છે ત્યારે સંસારનું કોઇ અમૃત દરદીને બચાવી શકાતું નથી.

આજનો આ પ્રશ્ન છે. આપણો અને આપણી ભાવિ પ્રજાનો આ પ્રશ્ન છે. પ્રશ્નનો ઉકેલ લાવવો એ આપણું જ કર્તવ્ય છે.

★

# રામાયણની રત્નપ્રભા

**[ જૈન રામાયણ ]**

**શ્રી પ્રિયદર્શન**

❋

આજના અંકથી જૈન સમાજના લોકપ્રિય અને વિશાલ વાચક સમૂહ ધરાવતા 'કલ્યાણ'માં એક નવી ભાવવાહી ઐતિહાસિક કથા શરૂ થાય છે. જેના મૂલ લેખક કલિકાલકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ છે: તેમણે શ્રી રામચંદ્રજી, લક્ષ્મણજી, રાવણ, બિભીષણ, વાલી, સુગ્રીવ તથા હનુમાન તેમજ તેમના પૂર્વજોને સ્પર્શતી કથા આલેખી છે. તેને અનુલક્ષીને લેખક શ્રી પ્રિયદર્શન પોતાની પ્રાસાદિક ઓજસ્વી સરલ તથા સ્વચ્છ શૈલીમાં 'કલ્યાણ' માટે એ ઇતિહાસપ્રસિદ્ધ મહાપુરુષોની જીવનગાથા આલેખે છે. લેખકની શૈલી માધુર્યભરી તથા તેજસ્વી છે. વાચકોને અવશ્ય રસપ્રદ બનશે. દર અંકે આ ઐતિહાસિક કથા આગળ ને આગળ વધતી રહેશે. જે વાચકોને અવશ્ય મનોરંજક તથા બોધક બનશે. તમે દર મહિને 'કલ્યાણ' ને અવશ્ય વાંચતા રહેશો.

❋

( ૧ )

## પૂર્વભૂમિકા

અજિતનાથ ભગવાનના સમયની આ વાત છે.

'રાક્ષસ' નામનો એક દ્વીપ અને તેમાં લંકા નામની નગરી.

લંકા એટલે લંકા જ! ખૂબ સુંદર!

તેમાં મેઘવાહન રાજા રાજ્ય કરે.

મેઘવાહન રાજાથી રાક્ષસવંશ શરૂ થયો. ભલે વંશનું નામ રાક્ષસ હતું, પણ આ મેઘવાહન રાજા તો દેવથી ય વધુ દયાળુ અને પરોપકારી હતો.

એક દિવસ મેઘવાહન મહેલની અગાસીમાં બેઠો હતો. તેણે અનંત આકાશ સામે જોયું....જોયા જ કર્યું...આંખો મીંચી દીધી...

તેણે આત્મનિરીક્ષણ કર્યું. અહો! આ આકાશ જેમ અનંત છે....છેડો જ નથી. તેમ મારૂં ભવભ્રમણ પણ અનંતકાળથી ચાલુ છે. ક્યારે અંત આવશે?

રાજ્ય પરનો રાગ ચાલ્યો ગયો. રાજા વૈરાગી બની ગયો.

મહેલનો ત્યાગ કરી સદ્ગુરુનાં ચરણોમાં નિવાસ કરવાનો તેણે નિર્ણય કર્યો.

તુરત મોટા પુત્ર મહારક્ષને બોલાવ્યો.

'બેટા ! આ રાજ્ય હવે તારે સંભાળવાનું છે.' પુત્રના માથે પોતાનો ધ્રૂજતો હાથ ફેરવતા મેઘવાહને કહ્યું.

'પિતાજી....આપ....'

'રાજ્યરક્ષાનું મારૂં કર્તવ્ય અહીં પૂર્ણ થાય છે. હવે આત્મરક્ષાનું પરમકર્તવ્ય બજાવવાનો સમય થઇ ગયો છે બેટા !'

મહારક્ષની આંખોમાં આંસુ ઉભરાયાં. સર્વસ્વનો ત્યાગ કરી જતા પ્રેમાળ પિતાના વિરહની કલ્પનાએ તેને ધ્રૂજાવી દીધો.

'પિતાના માર્ગમાં આડો ઉભો રહું ? ન જવા દઉં, ન જવા દઉં. પણ પછી પિતા ક્યારે ય નહિ જાય ? શું મારા રોકાયા રોકાશે ? જાલિમ કાળની ફાળ આગળ મારૂં શું ચાલશે ? ના ના. ભલે ન ચાલે. પણ મારાથી નહિ જવા દેવાય.' મહારક્ષનું મનોમંથન ગુંચવાતું ચાલ્યું.

'પણ હું એમના પ્રિયમાર્ગમાં વિઘ્ન કરીશ, તો તેમનું કોમળ હૃદય કેટલું બધું દુભાશે ?

કેટલું બધું દુઃખ અનુભવશે ! મારાથી તે તો નહિ જ સહન થાય. હું તેમના માર્ગમાંથી ખસી જાઉં.'

મહારક્ષે મૌનપણે જ મેઘવાહનનું વચન સ્વીકારી લીધું.

મેઘવાહને રાજ્યનો, પુત્રનો, પરિવારનો, સર્વસ્વનો ત્યાગ કર્યો.

અજિતનાથ ભગવાનની પાસે જઇ રાજા 'મહારાજ' બની ગયો.

મેઘવાહન મુનિવરે આકરાં તપ અને જબરાં ધ્યાન ધરવા માંડયા ! ભગવાનની આજ્ઞાને તો રજેરજ પાળવાની તેમની તકેદારી.

મેઘવાહન મુનિવરે કર્મોનો ક્ષય કરી નાંખ્યો અનંત અનંતકાળથી ચાલી આવતું ભવભ્રમણ થંભાવી દીધું.

મેઘવાહનનો આત્મા સિદ્ધ બની ગયો.

હવે નહિ જન્મ, નહિ મૃત્યુ.

અનંત આનંદ અને અનંતજ્ઞાનમાં અનંતકાળ ઝીલવાનું.

મહારક્ષે લાંબોકાળ લંકા પર રાજ્ય કર્યું.

એક દિવસ એનો અંતરાત્મા પણ જાગ્યો. સંસારની માયા ત્યજી દેવા કટિબદ્ધ બન્યો.

રાજ્ય પર પોતાના પુત્ર દેવરક્ષને બેસાડયો.

સાધુ બની, સાધના કરી મહારક્ષે પણ આત્મસિદ્ધિ કરી.

પછી તો લંકાની ગાદી પર જે જે રાજા બેસે છે, તે તે પોતાના પુત્રને રાજ્ય ભળાવી પોતે સાધુ બની સિદ્ધ બનતા જાય છે.

આવું અસંખ્યકાળ સુધી ચાલ્યું.

અજિતનાથ પછી સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભસ્વામી, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભસ્વામી, સુવિધિનાથ અને એમ આઠ તીર્થંકરદેવો થઇ ગયા.

અગીયારમા શ્રેયાંસનાથસ્વામી તીર્થપતિનો કાળ આવી લાગ્યો.

(૨)

વૈતાઢય પર્વતના શિખરો, ખીણો, એટલે વિદ્યાધરોની દુનિયા !

ત્યાં મેઘપુર નામનું એક નગર અને અતીન્દ્ર રાજા ત્યાં રાજ્ય કરે. અતીન્દ્ર વિદ્યાધરોનો રાજા. તેની કીર્તિ વૈતાઢયના શિખરે શિખરે અને કોતરે કોતરે ગવાયેલી.

શ્રીમતી એની રાણી, શીલવંતી અને ગુણવંતી.

તે રાણીએ એક પુત્રનો અને એક પુત્રીનો જન્મ આપ્યો.

પુત્રનું નામ શ્રીકંઠ.

પુત્રીનું નામ દેવી.

દેવી એટલે દેવી જ જોઈ લ્યો ! રૂપ-રૂપનો અંબાર !

દેવી યૌવનમાં આવી ત્યાં તો તેનું સૌન્દર્ય સોળે કળાએ ખીલ્યું.

દેવીના રૂપની પ્રશંસા દેશ-વિદેશમાં થવા લાગી.

એક દિવસ અતીન્દ્રની રાજસભામાં એક દૂત આવીને ઉભો.

રત્નપુરનગરના પુષ્પોત્તર વિદ્યાધરેન્દ્રનો એ દૂત હતો.

અતીન્દ્રને તેણે નમન કર્યું.

'શા માટે આવવાનું થયું છે ? દુતને યોગ્ય આસને બેસાડી નરેશે પૂછયું.

'મને રત્નપુરના પુષ્પોત્તર વિદ્યાધરેન્દ્રે મોકલ્યો છે.'

'હા, શા માટે ?'

અમારા વિદ્યાધરેન્દ્રને પદ્મોત્તર નામનો તેજસ્વી પુત્ર છે. રૂપે અને ગુણે પૂરો. તે પુત્રની

સાથે તમારી પુત્રી દેવીનો વિવાહ થાય તો સરખે સરખી જોડી થાય.'

દૂતની વાત સાંભળી અતીન્દ્ર ક્ષણભર વિચારમાં પડી ગયો, સ્વસ્થ થઈ તે દૂતને કહે છે;

'વારૂ, હું વિચારી જોઈશ.' રાજાનો ટૂંકો પ્રત્યુત્તર લઈ દૂત ત્યાંથી રવાના થઇ ગયો.

અતીન્દ્ર વિદ્યાધરેશે દેવીના માટે યોગ્ય પતિની ચારેકોર તપાસ કરાવી. ત્યાં તેની દૃષ્ટિ લંકા પર પડી.

લંકામાં ત્યારે રાક્ષસેશ્વર કીર્તિધવલ રાજા હતો. તેની ઉજ્જવલ કીર્તિએ અતીન્દ્રને આકર્ષ્યો.

દેવીનું લગ્ન કીર્તિધવલ સાથે કર્યું. ગુણવંત અને શ્રીમંત પદ્મોત્તર રાજપુત્ર દેવીને મેળવવા સમર્થ ન બન્યો !

અતીન્દ્ર અને પદ્મોત્તરના પિતા પુષ્પોત્તર વચ્ચે વૈરની ગાંઠ બંધાણી.

(૩)

દેવીનો ભાઈ શ્રીકંઠ.

સુવર્ણાચલની યાત્રા કરી શ્રીકંઠ આકાશમાર્ગે મેઘપુર પાછો ફરી રહ્યો છે.

વચ્ચે આવ્યું રત્નપુર.

સોહામણા ઉદ્યાનમાં તેણે એક નવયૌવના રૂપસુંદરી જોઇ.

શ્રીકંઠની આંખોએ એ સુંદરીનાં રૂપનું ધરાઈ ધરાઇને પાન કર્યું.

પોતાની તરફ એકીટસે પ્રેમભરી આંખે જોતા જુવાન પ્રત્યે પેલી યુવતી પણ આકર્ષાણી.

પરસ્પર આંખો મળી.

પરસ્પર હૃદય મળ્યાં.

પરસ્પર ભાવ ભેટયા !

મનમાં વિકારના અંકુરા ફૂટયા, પાંગર્યા, અને ફળના ફણગા ય ફૂટયા.

ઉંચી ડોકે યૌવનાએ શ્રીકંઠ પર મધુર દૃષ્ટિએ જોયા જ કર્યું.

શ્રીકંઠ વિકારને વશ બની ગયો.

વિકારને વિકસવાની તક પણ મળી ગઈ. યુવતી શ્રીકંઠને ચાહતી હતી !

એ નીચે આવ્યો અને સુંદરીને ઉપાડી આકાશમાર્ગે ઝડપી પ્રયાણ કર્યું.

પણ....અચાનક રાજપુત્રીનું અપહરણ થયું જાણી દાસીઓ ગભરાઈ ગઈ.

'પદ્મા હરાણી. પદ્મા હરાણી. પદ્માને કોઈ ઉપાડી ગયું.' નગરમાં કોલાહલ મચી ગયો.

વાત પહોંચી પુષ્પોત્તર રાજા પાસે.

પુત્રી પદ્માના અપહરણના સમાચારે તે ક્રોધથી ધમધમી ઉઠયો. પુત્રીને ઉપાડી જનાર દુષ્ટને દારુણ સજા કરવા તત્પર બની ગયો.

યુદ્ધની નોબતો ગગડી.

રાજા પુષ્પોત્તરે યુદ્ધના બખ્તર ધારણ કર્યાં.

અંગ પર શસ્ત્રો સજી, વિરાટ સૈન્ય સાથે તેણે શ્રીકંઠનો પીછો પકડયો.

શ્રીકંઠ જાણતો જ હતો કે પાછળ પુષ્પોત્તર આવવાનો જ છે ! તે તો પહોંચ્યો સીધો લંકામાં ! પોતાના બનેવી કીર્તિધવલનાં શરણે !

હૃદય ખોલીને શ્રીકંઠે પદ્મા સાથેનો પ્રેમકીસ્સો કીર્તિધવલને કહી દીધો. આ બાજુ પુષ્પોત્તર પાછળ જ આવી લાગ્યો.

શું વિશાળ સૈન્ય ! જાણે યુગાન્તનો મહાસાગર ! જ્યાં જુઓ ત્યાં સૈન્ય જ સૈન્ય ! વિદ્યાધર રાજા પુષ્પોત્તર વૈરનો બદલો લેવા તમતમી રહ્યો છે. એક તો પોતાની દેવી માટેની માંગણીને શ્રીકંઠના પિતાએ માન્ય નહોતી રાખી, અને એમાં આ શ્રીકંઠે પોતાની પુત્રીનું અપહરણ કર્યું એટલે બળતામાં ઘી હોમાયું !

કીર્તિધવલ હતો વિચારક રાજા. તેણે પુષ્પોત્તરને યુદ્ધથી જવાબ આપવાનું પગલું ન ભર્યું,

પરંતુ સમજુતીથી પુષ્પોત્તરના રોષને નીચોવી નાંખવાનો નિર્ણય કર્યો.

યુદ્ધથી તો રોષના ભડકા થાય. રોષને પાણી પાણી કરી નાંખવા તો સમજુતી જોઈએ.

કીર્તિધવલે પોતાના એક વિચક્ષણ દૂતને પુષ્પોત્તર પાસે મોકલવા સજ્જ કર્યો. દૂત આવી પહોંચ્યો પુષ્પોત્તર નૃપતિની પાસે.

પુષ્પોત્તરને પ્રણમીને તેણે કીર્તિધવલનો સંદેશો કહેવો શરૂ કર્યો;

રાજન્ ! શું આપને એમ નથી લાગતું કે આ યુદ્ધ નિષ્પ્રયોજન છે? પુત્રી અવશ્ય ક્યારેય કોઇને આપવાની જ હોય છે. હવે, જ્યારે તમારી ગુણવંતી પુત્રી સ્વયં જ શ્રીકંઠને પ્રેમથી વરી છે, ત્યારે આપ જેવા વિચક્ષણ પુરુષે શ્રીકંઠનો તેમાં અપરાધ ન ગણવો જોઇએ.

'છતાં ય જો આપ યુદ્ધ કરશો તો પુત્રીનું મન કેટલું બધું દુભાશે? હવે તો પુત્રીના માનસિક અભિપ્રાયને અનુસારે શ્રીકંઠ સાથે તેના લગ્નનો મહોત્સવ કરવો તે જ સુયોગ્ય છે....'

દૂતની વાત હજુ ચાલી રહી છે, ત્યાં તો પદ્માએ મોકલેલી એક ગંભીર સ્ત્રી ત્યાં આવી, અને પદ્માની વિનંતિ રાજા સમક્ષ રજુ કરી;

'પિતાજી ! ખરેખર, હું જાતે જ શ્રીકંઠને વરી છું; મારું તેમણે અપહરણ નથી કર્યું; તો નાહક શા માટે યુદ્ધ કરીને લાખો જીવોનો નાશ કરવો ?'....

આ સાંભળીને વિદ્યાધરેશ પુષ્પોત્તરનો પ્રકોપ પ્રશાંત થઈ ગયો.

વિચાર વિચક્ષણ પુરુષોનો પ્રકોપ મોટે ભાગે સહેલાઈથી શાંત કરી શકાય છે. જ્યારે જડ પુરુષોના પ્રકોપને શમાવવો ઘણો કઠીન હોય છે.

પુષ્પોત્તરે વિચાર્યું; 'જ્યારે પુત્રી જ સ્વયં શ્રીકંઠને વરી છે. વળી, શ્રીકંઠ ભલે શત્રુપુત્ર છે, છતાં વીર અને ગુણી છે. તો ભલે તે બંનેનો વિવાહ થઇ જતો !'

પુષ્પોત્તરની યુદ્ધયાત્રા વિવાહયાત્રામાં પલટાઈ ગઈ.

કીર્તિધવલે દબદબાપૂર્વક પુષ્પોત્તરનો નગર પ્રવેશ કરાવ્યો.

મહાન મહોત્સવ ઉજવી શ્રીકંઠ-પદ્માનો વિવાહ કર્યો અને પુષ્પોત્તર રાજા રત્નપુર તરફ પાછો વળ્યો.

(૪)

પ્રભાતનો સમય છે.

કીર્તિધવલ, શ્રીકંઠ અને દેવી એક સુશોભિત ખંડમાં બેઠાં છે.

કીર્તિધવલ શ્રીકંઠના સામું એકીટસે જોઈ રહેલ છે.

'હવે હું અહીંથી જઇશ...' શ્રીકંઠે કહ્યું.

'હવે મેઘપુર જવાની શી જરૂર છે ? વૈતાઢ્ય પર્વત પર તમારા ઘણા દુશ્મનો ઉભા થયા છે, નાહક લડાઇઓ લડી લડી જીવન બરબાદ શા માટે કરવું ? તમને શત્રુઓનો ભય છે, એમ મારે નથી કહેવું, તમે શત્રુઓનો પૂરો સામનો કરી શકો એમ છો, છતાં તમને અહીંથી જવા દેવા મારૂં મન માનતું નથી. તમારી સાથેનો ગાઢ સ્નેહ તમારા જવાથી કેટલું દુઃખ આપશે, તેની કલ્પના પણ મને ધ્રુજાવી મૂકે છે. માટે જવાનું તો માંડવાળ જ કરો.'

'હા, હવે તો અહીં જ રહે.' બ્હેન દેવીએ પણ આગ્રહ કર્યો.

'ભલે, અહીં રહેવું ન ઠીક લાગતું હોય તો રાક્ષસદ્વીપની બાજુમાં જ વાનરદ્વીપ છે. બીજા પણ બર્બરકુલ, સિંહલદ્વીપ વગેરે આપણા દ્વીપો છે. જાણે સ્વર્ગભૂમિનાં નમૂના જ જોઈ લ્યો ! એના એ સુંદર પ્રદેશો છે. તે પ્રદેશોમાંથી કોઇ પણ એક સ્થળે રાજધાની કરીને તમે રહો.'

બહેન-બનેવીના સ્નેહબંધનમાંથી મુકત બનવું શ્રીકંઠ માટે અશકય હતું. કીર્તિધવલની

વાત સ્વીકારે છૂટકો થયો. વાનરદ્વીપ પસંદ કર્યો.

વાનરદ્વીપ ઉપર 'વિષ્કિન્ધ' નામનો પર્વત, રમણીય અને મનોહર. તે પર્વત પર કીર્તિધવલે 'વિષ્કિન્ધા નગરી વસાવી. અને શ્રીકંઠને તે રાજ્યનો અધિપતિ બનાવ્યો.

પદ્માની સાથે શ્રીકંઠે વિષ્કિન્ધામાં વાસ કર્યો.

શ્રીકંઠે પોતાની અપૂર્વ પ્રતિભાથી રાજ્યનું સંચાલન શરૂ કર્યું. પ્રજાનાં સુખ માટે તે રાતદિ' ચિંતાતુર રહે છે. માત્ર મનુષ્યો માટે જ તેના હૃદયમાં પ્રેમ હતો એમ નહિ પણ પશુઓ-પંખીઓ પ્રત્યે પણ તેના આત્મામાં તેટલી જ મમતા હતી.

વિષ્કિન્ધાના ઉદ્યાનોમાં....જંગલોમાં શ્રીકંઠે વાંદરાઓ જોયા.

મોટી મોટી કાયા ! ગમી જાય તેવી ગેલ ! ફળ ખાઈને જીવન જીવે ! શ્રીકંઠના હૃદયમાં વાંદરાઓ પ્રત્યે પ્રેમ છલકાણો. રાજ્યમાં તેણે ઢંઢેરો પિટાવ્યો:

'કોઇએ પણ વાનરોને મારવા નહિ. મારશે તેને કડક શિક્ષા થશે.' એટલેથી જ શ્રીકંઠને સંતોષ ન થયો. તેણે તો વાનરોનાં ટોળે ટોળાં ભેગાં કરવા માંડયા.

વાનરો નાચે ને શ્રીકંઠનું હૈયું નાચે! વાનરોને ગમતાં ભોજનીયાં આપવા માંડયા.

અને, રાજા વાનરોનો પ્રેમ કરે, પછી પ્રજા ય પ્રેમ જ કરે ને ! લોકોએ પણ વાનરોને ખાવાનું-પીવાનું આપવું શરૂ કર્યું.

ઘરની ભીંતો પર આકર્ષક ચિત્ર ચીતરાવા લાગ્યા !

રાજ્યની અને ઘરની ધજાઓમાં પણ વાનરો ચીતરાવા લાગ્યા ?

રમવાનાં રમકડાં પણ વાનરોની આકૃતિનાં બનવા લાગ્યા.

સર્વત્ર વાનરોના નામ, વાનરોની આકૃતિઓ અને વાનરોના ચિત્રો સર્જાયા. પરિણામ એ આવ્યું કે વાનરદ્વીપમાં આવી વસેલા વિદ્યાધર મનુષ્યો પણ 'વાનર' કહેવાયા ! વાનરના અતિ સહવાસથી માનવ પણ વાનર તરીકે ઓળખાયો !

એકદા સભા મંડપમાં બેઠેલા શ્રીકંઠે આકાશમાર્ગે કોલાહલ થતો સાંભળ્યો.

તેણે આકાશ તરફ દૃષ્ટિ કરી.

'સેંકડો....હજારો દેવો, કોઈ વિમાનમાં તો કોઈ રથમાં ! કોઈ હાથી પર તો કોઇ અશ્વ પર ! નંદીશ્વરદ્વીપ તરફ જઈ રહ્યા છે.

હૈયાં જિનભકિતથી નાચી રહ્યા છે. શાશ્વત જિનપ્રતિમાઓનાં પૂજન-વંદન કરી કૃતાર્થ બનવાના મનોરથોમાં મહાલી રહ્યાં છે.

શ્રીકંઠને પણ શુભ મનોરથ પ્રગટયો; તેનાં પવિત્ર ચિત્તમાં પણ નંદીશ્વર શૈલ પર જવાની તમન્ના પ્રગટી.

વિમાનને સજાવ્યું.

જિનભકિતની ભવ્ય સામગ્રી સાથે લીધી.

દેવોની પાછળ શ્રીકંઠ વિદ્યાધર-રાજાએ પણ આકાશમાર્ગે પ્રયાણ કર્યું.

ઉચ્ચ-પવિત્ર અને ઉર્ધ્વગામી આત્માઓ આત્મતારક નિમિત્તો મળતાં તેને વધાવી લેવાના મનોરથો કરે, મનોરથને પાછા મલીન વાસનાઓ નીચે દાટી ન દેતાં તેમને પાંગરાવવા અને ફળશીલ બનાવવાના પ્રયત્નો આદરે.

મનુષ્યની સહજ વૃત્તિ તો એવી હોય છે કે તે પાપ-આલંબનોને ઝડપી ગ્રહણ કરે છે. તેના આલંબને પાપ મનોરથો અને પાપ પ્રવૃત્તિઓ વેગશીલ બનાવે છે !

આ તો શ્રીકંઠ! શિવગામી છે!

તીર્થયાત્રાનો હર્ષ હિલોળે ચઢયો છે. વિમાન માઇલો પર માઇલો, યોજનો પર યોજનો

કાપતું આકાશમાર્ગે ચાલ્યું જાય છે. ત્યાં અચાનક વિમાન થંભી ગયું.

કોણે થંભાવ્યું? શ્રીકંઠના મુખ પર ગંભીરતા છવાઈ ગઇ. નીચે દૃષ્ટિ કરી તો મોટો વિરાટકાય પહાડ! ગગનચુંબી શિખરે બિમાનની ગતિને અટકાવી દીધી!

દેવોની તો અચિંત્ય શકિત! તેમનાં વિમાનો તો માનુષોત્તર પર્વતને લંઘીને ચાલ્યાં ગયા. શ્રીકંઠ ચિંતાતુર બની ગયો.

'રોષ કોના પર કરવો? રોષ શા માટે કરવો! પ્રારબ્ધ જ મારૂં પાંગળું છે. પૂર્વજીવનની તપશ્ચર્યા અધૂરી છે. માટે, જ મારો આ ભવ્ય મનોરથ પૂર્ણ ન થયો. તો આવું નિર્માલ્ય જીવન જીવવાનો શું અર્થ છે? તે રાજ્યને પણ શું કરવાનું કે જે મારા આટલા મનોરથને પણ પૂરવા સમર્થ ન બન્યું...? પુત્ર પરિવારને પણ શું કરવાનો કે જે મારી શુભ કામનાને અળ લાવવા નાકામિયાબ નિવડયો?

સર્યું આ સંસારથી...જીવન તપશ્ચર્યાને ચરણે જ ધરી દેવું શ્રેયસ્યકર છે....'

શ્રીકંઠના અંતસ્તલમાં પોઢેલી વૈરાગ્યની પાવનભાવના ઝબકીને બેઠી થઇ.


શ્રીકંઠે સંસારનો ત્યાગ કર્યો.

તીવ્ર તપશ્ચર્યાઓની ભઠ્ઠીઓમાં મલિન આત્મસુવર્ણને ઉજ્જવલ બનાવી દીધું.

આયુષ્ય પૂર્ણ થયું. શ્રીકંઠનું નિર્વાણ થયું.

મોહની કેવી આછી ચાદર શ્રીકંઠના આત્મત્વને આવરીને રહેલી કે એક સામાન્ય પ્રસંગ પરના તીવ્ર વૈરાગ્યે મોહ ચાદરને ચીરી નાંખી! કેવું આત્મસ્પર્શી ચિંતન! માનુષોત્તર પર્વતની ભેખડોને માર્ગમાંથી તોડીફોડી નાખવાની કોઈ વિચારણા ન કરતાં આત્માના મોક્ષ તરફના પ્રયાણમાં આડખીલી કરી રહેલી સંસારની ભીમ ભેખડોને જ તોડીફોડી નાંખવાનો સતત અને સખત પુરુષાર્થ આદર્યો!

નંદીશ્વરની તીર્થયાત્રા ભલે ન થઇ, મોક્ષયાત્રા તો થઈ ગઈ! (ક્રમશઃ)



વિતરકો: બાટલીબૉઈ એન્ડ કંપની • ફોર્બ્સ સ્ટ્રીટ, કોટ, મુંબઇ. ૧.
માલીકો: ભોગીલાલ લહેરચંદ પ્રાયવેટ લીમીટેડ.
શાખાઓ: મદ્રાસ • કલકત્તા • દીલ્હી • અમદાવાદ • કાનપુર • વિજયવાડા • સીકંદ્રાબાદ
કોઇમ્બતુર • બેંગલોર.

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

જુદા જુદાં સામાયિકોમાં પ્રસિદ્ધ થયેલ જીવનોપયોગી સાત્ત્વિક લેખો જે બોધક તથા પ્રેરક છે, તે કલ્યાણના વિશાલ વાચકવર્ગને અનુલક્ષીને આ વિભાગમાં અવાર-નવાર રજૂ થતા રહે છે. અહિં જેઓના લેખો પ્રસિદ્ધ થાય છે.તે લેખકોની બધીયે વિચાર શ્રેણી અમને સમ્મત છે. એવું કોઇએ માની લેવું નહિ, તે રીતે 'કલ્યાણ' માં પ્રસિદ્ધ થતા અન્યાન્ય લેખકોના લેખો માટે પણ સમજી લેવું. —સં.

★

## આજે વધો રહ્યો છે પશુભાવ!

કાલનો માનવસમાજ નવ્વાણું ટકા પશુ સમાજ જ છે. ઇંદ્રિયો અને મનના નિગ્રહ વગરનો આ સમાજ પૂછડું નથી ધરાવતો માટે મનુષ્ય સમાજ છે, એ સમજ કાચી છે. સામાન્ય પશુ કરતાં એનામાં વિશેષ બુદ્ધિ હોવાથી એ વધુ ભયંકર બની ગયો છે એટલીજ એની વિશેષતા છે.

આવો મનુષ્યસમાજ અને તેની જરૂરિયાતો અને તે જરૂરિયાતોની તૃપ્તિ ઉપર મુસ્તાક રહેનારું અર્થશાસ્ત્ર અને તેને ચીલે ચાલતી રાજ્યસત્તા મને તો ભ્રાંતિની મુસાફરી લાગે છે. માણસની જરૂરિયાતો વધી રહી છે કે તેનો પશુભાવ વધી રહ્યો છે તેનો આપણે એકાગ્ર ચિત્તે વિચાર કરવાનો છે.

સ્થૂળ ઉત્પાદન કરવાની ધૂનમાં આપણે સૂક્ષ્મ ઉત્પાદનને વેગળું મૂકયું છે. કાપડ, ઘર અને રેડિયો એ જો જરૂરિયાત છે, તો આત્મસંયમ એ શું જરૂરિયાત નથી? સંયમથી આત્મશક્તિ અને પ્રભુત્વ વધે છે. એ વાતને બરાબર સમજીને જો આપણે સ્વીકારીએ તો મનુષ્યને માટે સંયમ એ સર્વોપરિ જરૂરિયાત બની જાય છે.

પરંતુ અત્યારે તો, અને ખાસ કરીને ભારતમાં, એવો વિચિત્ર ખેલ નજરે પડે છે કે મનુષ્યને પોતાને બરાબર ઘડયા વગર તેની જરૂરિયાતોને પહેલી ઘડવામાં આવે છે? એ બધી જરૂરિયાતોની બાબતમાં આપણે સ્વસ્થ ચિત્તે વિચાર કરતા નથી, સ્વસ્થ ચિત્તે આપણે વિચાર કરી શકતા નથી. કારણ કે સંયમના અભાવે આપણે મનને એકાગ્ર કરી શકતા નથી. કેટલાક દાખલા લઇએ.

અન્ન એ આપણી પ્રાથમિક જરૂરિયાત છે એ વાત સૌ કબૂલે છે. પરંતુ કેટલું અન્ન જરૂરી છે અને કેટલું અન્ન જરૂરી નથી તેનો નિર્ણય દરેકે પોતે કરવાનો છે. ચાર રોટલીની જરૂર હોય છતાં બાર રોટલી ખાવી એનો અર્થ એટલોજ કે બીજા બે માણસોને આપણે રોટલી વગરના રાખવા. વધુ ખાઇ જવું અને ચોરી કે લૂંટ કરવી એ બે કૃત્યોની વચ્ચે મને તફાવત દેખાતો નથી. ઘરમાંજ અન્ન છે તે આપણું છે એનો અર્થ એવો નહિં કે આપણી જરૂરિયાત કરતા વધુ વાપરીને આપણે દેશબાંધવોને લાંઘણ કરાવવા પેદા થયા છીએ.

અર્થશાસ્ત્રની કોઇ પણ વાતમાં આત્મશાસ્ત્રથી અળગી પાડી શકાય જ નહિ. અળગી પાડો તો અવળા ચક્કરમાં ભરાઇજ જાઓ એવું અનાજની બાબતમાં તેવુંજ મકાનોની બાબતમાં.

આટલાં બધાં મોટાં અને કિંમતી મકાનોમાં મોંઘો પૈસો વેડફી દેવાની શી જરૂર હશે? આ બધા ઇંટવાડામાં આત્માની કઇ કળા ખીલી છે? સરકાર આ બધા રાજમહેલો બાંધવામાં

કયો વટ જોતી હશે? કોની આગળ આપણે આ બધું પ્રદર્શન કરવું છે? પ્રજા તો ગરીબ અને ચીંથરે હાલ છે. એની પાસેથી કરવેરા ઉઘરાવી આ બધી બિહામણી, અવાસ્તવિક અને આલીશાન ઈમારતો બાંધી આપણે શું સાબિત કરવું છે? ગરીબાઇના ઘા ઉપર મીઠું ભરવામાં શો હેતુ હશે?

હકીકત એટલીજ છે, અને તે વહેલી સ્વીકારાય તેવું ઇચ્છીએ કે, આપણે સરકારરૂપે કે પ્રજારૂપે ગમે તે રૂપે ઊભા હોઇએ, પરંતુ આત્મચિંતન કરતા નથી. જો આપણે આત્મચિંતન કરતા હોત તો આ બધો નાટારંભ આપણને આનંદ ન આપત. આજે આપણે રાજારૂપે કે પ્રજારૂપે આત્મવાદી રહ્યા નથી. પાટા ઉપરથી ઉતરી ગયા છીએ.

**આ**પણે સમાજવાદની વાત કરીએ છીએ, પરંતુ સમાજવાદને માટે આત્મચિંતન જોઇએ. જો પ્રજામાં સાચી ધર્મ બુદ્ધિ હોય તેને સમાજવાદ શીખવવો પડતોજ નથી. સમાજવાદ એ ભારતીય સંસ્કૃતિનું તો પ્રધાન અંગજ છે. મહાકવિ કાલિદાસે ભારતીય આત્માનો ઉદ્દગાર રઘુવંશના પોતાના એક નાના સરખા વાકયમાં રજૂ કર્યો છે. 'ત્યાગાયસંભૃતાર્થાનામ્!' એટલે કે રઘુવંશના રાજાઓ ત્યાગને અર્થેજ સંપત્તિ એકઠી કરનારા હતા.'

—**શ્રી યશોધર મહેતા.** (અખંડ આનંદ)

⊙

## પુનર્જન્મ !

**એ**ક ઘણી આશ્ચર્યકારક હકીકત સાંભળી કે ખેડીઅલીપુરમાં એક ભટને ત્યાં એક બાળકનો જન્મ થયો છે તે તેના પૂર્વ જન્મની વાત બતાવે છે. 'બ્રાહ્મણવાણી' માસિકના તંત્રીને મળતા તેમણે તે હકીકત સત્ય છે એમ કીધું.

એમ છતાં એ હકીકતની સત્યતા માટે વિશ્વાસ ન પડયો. તેથી ગયા માર્ચમાં કેટલાક મુઝફ્ફરનગર ગયા અને ત્યાંથી ખેડીઅલીપુર ગયા. ત્યાં કલીરામ ભટને ઘેર એક પુત્ર જન્મ્યો હતો. જ્યારે તે ૩॥ વર્ષનો થયો ત્યારે તે કહેતો કે 'મારૂં નામ સોમદત્ત છે, મારા પિતાનું નામ પં. લક્ષ્મીચંદ છે અને મારી માતા જ્યારે હું મેળામાં જતો, ત્યારે ખોબો ભરીને મને પૈસા આપતી. હું શિકારપુરમાં રહેતો.'

આ વાતનો બહુ ફેલાવો થયો, ખેડઅલીપુરથી શિકારપુર પાંચેક ગાઉ દૂર છે. ત્યાંથી પં. લક્ષ્મીચંદ ખેડઅલીપુર આવી પહોંચ્યા. સેંકડો લોકો ભેગા થયા હતા. ત્યાં તે બાળકને લઇ આવ્યા. જેવો બાળક ત્યાં આવ્યો કે તરતજ તે પં. લક્ષ્મીચંદને વળગી પડયો. અને બાપુજી બાપુજી કહેવા લાગ્યો. લક્ષ્મીચંદની આંખમાંથી પણ આંસુની ધારા વહેવા લાગી. આમ બન્નેને રડતાં દેખીને આખી મેદની ગમગીન થઇ ગઇ.

આ બાળક વીરસીંહને શિકારપુર લઇ ગયા. રસ્તામાં લક્ષ્મીચંદનો એક કુવો આવ્યો તે જોઇ બાળક બોલી ઉઠયો; 'આ અમારો કુવો છે. ગામમાં પેસતા વેંત તેને નીચે ઉતારી મૂકવામાં આવ્યો. તે ગલીઓ પસાર કરતો એક ચોરા પાસે આવી પહોંચ્યો જ્યાં પં. લક્ષ્મીચંદનું મકાન આવ્યું. બાળકને જાણીબૂઝીને બીજા મકાનમાં લઇ જવામાં આવ્યો. ત્યાં તો તે બોલી ઉઠયો કે, 'આ મારૂં મકાન નથી, પણ પટવારીજીનું છે.' પછી તે લક્ષ્મીચંદને ઘેર પહોંચી ગયો.

ત્યાં પચાસેક બૈરાંઓ તથા છોકરાઓ એકઠાં થયા હતા. અને તેમાંથી તેણે પં. લક્ષ્મીચંદની પુત્રીઓને એક પછી એક ઓળખી બતાવી. અને લક્ષ્મીચંદની પત્નીને દેખીને તેણે કહ્યું કે, 'આ તો મારી બા છે. પણ તે તેનાથી દૂરજ રહ્યો. તેને પુછવામાં આવ્યું કે 'તું દૂર શા માટે રહ્યો છે?' ત્યારે તેણે કહ્યું કે, 'મારી બાએ મને કશુ આપ્યું તો નહિ,' પણ જ્યારે તેની બાએ તેને પાંચ રૂપિયાની નોટ દેખાડી એટલે લાગલો તે તેની પાસે દોડી ગયો અને તેનો ખોળો ખુંદવા લાગ્યો.

ખેડીઅલીપુરમાં જ્યાં એનો જન્મ થયો હતો

ત્યાં તે પાછો જવા પણ ઇચ્છતો નથી. પરાણે તેને પાછો લઇ આવ્યા. હઠે ચઢીને તેણે ખાવાનું બંધ કર્યું. અને કહ્યું કે 'હું તો બ્રાહ્મણનો દીકરો છું અને ભટને ત્યાં મારાથી ન ખવાય' એટલે તો ૪-૫ દિવસ સુધી તો તેને જુદા વાસણમાં દૂધ વગેરે આપ્યું. અને કંટાળીને તેને પાછો શિકારપુરમાં મૂકી આવ્યા. અને તે શિકારપુરમાંજ રહે છે, અને નિશાળમાં ભણવા પણ જાય છે. આ બાળકે નિશાળના શિક્ષકો તથા બીજી પ્રતિષ્ઠિત વ્યક્તિઓની હાજરીમાં ઉપરની હકીકત સિવાયની બીજી પણ આશ્ચર્યજનક વાતો કહી એટલે એની વાતોની સત્યતાની ખાતરી થઇ.

પં. લક્ષ્મીચંદનું કહેવું એવું હતું કે, 'આસરે ચૌદેક વર્ષ ઉપર તેનો સોમદત્ત નામનો છોકરો સાડા ત્રણ વર્ષનો થઇ ગુજરી ગયો હતો. એટલે તે જણાવે છે કે નવ વર્ષ વચ્ચે કોઇ યોનિમાં તે પીપળાના ઝાડ પર રહ્યો. ત્યાર પછી હું ખેડીઅલીપુર ગયો અને ત્યાંની મારી તપાસમાં આ હકીકત તદ્દન સત્ય જણાઇ. તે લોકોએ મને કહ્યું કે બાળક તેના પૂર્વજન્મના પિતા પં. લક્ષ્મીચંદને ઘેરજ રહે છે. અને તેઓ હમણાં શિકારપુરથી નૈનીતાલ રહે છે. અને તે બાળક પણ તેમની સાથે નૈનીતાલ ગયો છે. અને પં. લક્ષ્મીચંદ પણ તેને પોતાના પુત્ર જેટલોજ પ્રેમ કરી રાખે છે. કોઇ કોઇ વખત તેના હાલના માતા પિતાને મળવાને આવે છે.'

એક દિવસ વીરસિંહ ગામની પાદરે બાગમાં રમવા ગયો હતો. તે વખતે અકસ્માત તે બાગની પાસેથી પં. લક્ષ્મીચંદની પત્ની નીકળી અને તેની પર આ વીરસીંહની નજર પડી. એટલે તરતજ એને તેની પૂર્વજન્મની સ્મૃતિ થઇ આવી. કે આ સ્ત્રી શિકારપુરની રહેનારી છે અને તેની પૂર્વજન્મની બા છે. એની સાથે તે વાતો કરવા તથા બોલવા માંગતો હતો ત્યાં તો તેણી આગળ નીકળી ગઈ. ઘરે આવી એણે એની માને કહ્યું કે 'મા આજે મારા પૂર્વજન્મની બા બાગ પાસેથી જતી મેં જોઇ, તે મારી સાથે બોલી નહિં. પણ ચાલી ગઇ.' આ સાંભળી તેની માને તથા બીજાઓને આશ્ચર્ય થયું પણ બાળકની ગાંડી વાતોમાં તેણે હસી નાંખ્યું.

માએ કહ્યું કે, 'અરે તારી મા તો હું છું, તું તો ગાંડો તો નથી થયોને?' આમ આ વાત થોડો વખત વિસારે પડી. ખેડી ગામની પાસે હીંડન નદી પર દરેક કાર્તિક પુનમ પર મેળો ભરાય છે. એક વખત ખેડીઅલીપુરના લોકો ત્યાં જવા તૈયાર થયા. અને આ વીરસીંહે પણ ત્યાં જવા હઠ લીધી. અને તેના માતા-પિતાએ તેને એ લોકો સાથે જવા દીધો. તેની માએ બે આના આપ્યા. આથી તે નારાજ થયો અને તેણે એક જણને ફરિયાદ કરી કે, 'જુઓ તો ખરા, આ જન્મની મારી મા મેળામાં જવા માટે મને ફકત બે આનાજ આપે છે. બે આનાથી શું થાય? 'મારી જુની મા હતી તે તો હું મેળામાં જાઉં ત્યારે મુઠી ભરી પૈસા આપતી હતી. આ મા તો બહુ લોભી છે.'

એણે તો આ વાતને હસી કાઢી કે કંઇ બે મા તે હોતી હશે અને કાંઇ પૂર્વજન્મની વાતો તે કયાંય યાદ રહેતી હશે? પણ જ્યારે એ બાળકે એ વાત વારંવાર કહી ત્યારે કુતૂહલ વૃત્તિથી જાણવાની ઇચ્છા થઇ એટલે તેણે પૂછ્યું કે, તારા પૂર્વજન્મના મા કયાં રહે છે? જવાબમાં શિકારપુરમાં, મારા પિતાનું પં. લક્ષ્મીચંદ નામ છે. અને મારૂં સોમદત્ત નામ હતું. બીજી ઘણી ઘણી વાતો એણે કહી જેથી આશ્ચર્ય થયું. ('કલ્યાણ' હિન્દી ઉપરથી શ્રીરંગ. ઓગષ્ટ ૧૯૬૦ માંથી)

—પૂ. મુનિરાજશ્રી **જયપદ્મવિજયજી.**

★

## —ને તેમની આંખ ઉઘડી....

**બ**ગદાદનો ખલીફ બહુ ધનલોભી હતો. પ્રજા ભૂખે મરતી હતી, છતાંય એને ગળેથી ધન છૂટતુ નહોતું. એ વખતે ગુરુ નાનક બગદાદમાં પધાર્યા. ખલીફ એને મળવા ગયો. ગુરુ નાનકે તો સો કાંકરા ખલીફને આપ્યા ને કહ્યું; 'આ મારી અનામત સમજજો અને હુ પાછી માગું ત્યારે આપજો.'

'આપ ક્યારે લઇ જશો ?' ખલીફે પૂછયું.

'કશી ઉતાવળ નથી. કયામતને દિવસે ખુદાના દરબારમાં.'

આ વસ્તુ કઇ રીતે બને ?

'એજ હું તમને સમજાવવા માગું છું. જેમ આ કાંકરા નથી લઇ જઇ શકાતા તેમ, તમે સંગ્રહ કરેલું ધન પણ સાથે લઈ જઇ શકવાના નથી.'

ખલીફની આંખ ઊઘડી અને એણે સઘળી દોલત પ્રજાને આપી દીધી.

(૨)

**મી**ણબત્તીના પ્રકાશમાં બેઠાં બેઠાં ખલીફા હજરઅલી સાહેબ રાજ્યના ખજાનાનો હિસાબ કરતા હતા. એવામાં બે સરદારો એમને મળવા આવ્યા. હિસાબનું કામ પૂરૂ થયું એટલે ખલીફાએ સળગતી મીણબત્તી બુઝાવી નાંખી અને ખાનામાંથી બીજી મીણબત્તી કાઢીને સળગાવી. આ જોઇને બન્ને સરદારો આશ્ચર્ય પામ્યા અને ખલીફાને પૂછયું:

'પેલી મીણબત્તી પૂરી થયા વિના જ તમે બુઝાવી નાખી ને નવી સળગાવી એનું રહસ્ય અમને કહો.'

ખલીફા શાંતિથી બોલ્યા: 'ત્યારે હું રાજ્યનું કામ કરતો હતો. એ કામ પૂરૂં થયું એટલે રાજ્યના ખર્ચે વપરાતી મીણબત્તી બુઝાવી નાખી. અંગત કામ માટે હું રાજ્યની વસ્તુ વાપરૂં તો હું અપ્રામાણિક કહેવાઉં.'

બન્ને સરદારોએ ખલીફાને મનોમન પ્રણામ કર્યા. (પ્રવાસી)

★

## એકસો ને એકવાર એકજ શબ્દ !

**સ**ત્તરમી સદીમાં જાપાનમાં ઓ–ચો–સાન નામે એક વજીર થઇ ગયો. સાન અને એના આખા કુટુંબે સૌજન્ય અને એકતા માટે આખા દેશમાં ભારે નામના મેળવી હતી. ઓ–ચો–સાનનુ કુટુંબ કંઇ નાનું નહોતું. સાન કુટુંબમાં નાનામોટા મળીને લગભગ હજાર માણસો હતાં. એક જ કુટુંબમાં આટલાં બધાં માણસો રહેતાં હોવા છતાં એની એકતામાં ક્યાંય ભંગ પડયો નહોતો. લગભગ હજાર માણસનું આખું કુટુંબ સાથે જ રહેતું હતું, એટલું જ નહિ પણ એક જ રસોડે જમતું પણ હતું.

સાન કુટુંબનો એક પણ માણસ દ્વેષ, વેર કે કલહનું નામ નહોતો જાણતો, એટલું જ નહિ પણ એ કુટુંબથી કલહ એટલો બધો દૂર રહેતો, નાસતો ફરતો કે એ પરત્વે સમગ્ર જાપાનમાં કઈ કેટલી ય વાયકાઓ, દંતકથાઓ પ્રચલિત બની ચૂકી હતી.

લોકો કહેતાં હતાં કે: ઓ–ચો–સાનના ઘરનો કૂતરોય બીજા કૂતરા પાસેનુ હાડકું ચોરવા કે પડાવી લેવા સપનેય પ્રયત્ન કરતો નથી! સાન કુટુંબના માણસો જ નહિ, એના કુતરાએ પણ આવી ખ્યાતિલાયકાત મેળવી હતી.

ઓ–ચો–સાનના કુટુંબનું આવું સૌજન્ય, એકતા અને વિનયવિવેકભરી કથા જાપાનના સમ્રાટ યા મોતોને કાને પણ પહોંચી ચૂકી હતી. શહેનશાહના માન્યામાં વાત આવતી નહોતી. આથી આ 'દંતકથા' નું પારખુ લેવા અર્થાત્ એમાં રહેલ ભેદ અગર સત્ય જાણવા એક દિવસ ખુદ શહેનશાહ પંડે જ રાજ્યના વૃદ્ધ વજીર ઓ–ચો–સાનને ઘેર પહોંચી ગયો !

સ્વાગતસત્કાર અને શિષ્ટાચારની સામાન્ય વિધિ પતી ગયા કેડે સમ્રાટે વૃદ્ધ વજીરને પૂછયું: 'મંત્રીજી, આપના કુટુંબના સૌજન્ય, વિનયવિવેક તથા એકતા તેમજ મળતાવડાપણા પરત્વે મેં ઘણી વાર્તા, કથાઓ સાંભળી છે. જે કોઇ મને મળવા આવે છે, તે તમારા કુટુંબ વિષે વાત કાઢયા વગર રહેતું નથી, મારી આગળ બધા જ તમારા કુટુંબનાં વખાણ કર્યા કરે છે. કહે છે કે, આવું કુટુંબ જાપાનમાં તો શું દુનિયાભરમાં મળવું વિરલ છે! એક હજારથી વધારે માણસોવાળા તમારા કુટુંબમાં સૌજન્ય, વિનયવિવેક તેમજ આવી એકતાની સુભગ–મંગળ ત્રિવેણી કયા આધારે, કયા તત્ત્વ પર ખડી છે, અર્થાત્ ટકી રહી છે ? એ વાત હું જાણુવા ઇચ્છું છું, અને એટલા

ખાતર જ તમારી પાસે આવ્યો છું. આશા છે કે મારા પ્રશ્નનો જવાબ મળશે અને મારૂં આગમન સાર્થક બની રહેશે.'

વૃદ્ધાવસ્થાને કારણે વજીર ઓ-ચો-સાનથી વધુ સમય સુધી બેસી રહી કે વાત કરી શકાય તેમ નહોતું. વૃદ્ધ વજીરે સમ્રાટને હાથ જોડયા. પછી પોતાના પૌત્રને ઇશારો કરી નજીક બોલાવ્યો, અને તેને કાગળ, ખડિયો ને કલમ હાજર કરવા સૂચવ્યું.

દાદાજીની આજ્ઞા અનુસાર પૌત્રે કાગળ, ખડિયો ને કલમ હાજર કર્યાં.

વૃદ્ધ વજીરે કાંપતે હાથે કાગળ પર એકસો ને એક શબ્દ લખ્યા. અને પછી એ કાગળ સમ્રાટના હાથમાં મૂકયો.

શહેનશાહે ભારે ઉત્સાહપૂર્વક કાગળ પર નજર નાખી. પણ નજર નાખતાં એ આશ્ચર્યથી અવાક્ બની ગયો!

કાગળ પર એકનો એક શબ્દ એકસો ને એક વાર લખ્યો હતો. એ શબ્દ હતો : 'સહનશીલતા!'

પોતાના શહેનશાહને આશ્ચર્યચકિત ને અવાક જોઇ વૃદ્ધ વજીર ઓ-ચો-સાને કંપતા અવાજે ખુલાસો કર્યો, 'મહારાજ! મારા કુટુંબના સૌજન્ય વિનયવિવેક તેમ જ એકતાનું રહસ્ય બસ, આ એકજ શબ્દ પર ટકી અર્થાત્ અવલંબી રહ્યું છે. 'સહનશીલતા'નો આ મહામંત્ર જ અમારી વચ્ચે સૌજન્ય ને એકતાના દોરારૂપ કાયમ બની રહ્યો છે. એજ અમારી એકતા ટકાવી રહ્યો છે. અમારા કુટુંબનાં સૌજન્યની કે એકતાની જે કંઇ સુવાસ પમરી રહી હોય તો તે એમાંથી જ, એના વડે જ પમરી રહી છે. એટલે આ મહામંત્રને જેટલી વાર ઘેવડાવાય અર્થાત જીવનમાં જેટલો ઊંડો ઉતારાય એટલું ઓછું છે!'

**ભાનુશંકર જોષી**

⊙


**કવિપત્નીઃ** ટગર ટગર સામું શું જોયા કરો છો?

**કવિઃ** જોઉં અભરાઇ તારી,
ચાંદી નથી ન દૂધ તોયે;
ઝગઝગાટથી અંજાય આંખ,
આ થાળી વાટકા અને ચમચાઓ,
રણુકે છે ઝાંઝર સમાન.
વાહરે! **વાઘ છાપ વાસણ તારાં,**
મારી કલ્પના જગાવ.

**કવિપત્ની :** હવે બસ કરો! બસ કરો!
આ બધાં વાસણોની ખરીદ તો
મેં નીચેની દુકાનેથી કરી છે.

## પન્નાલાલ બી. શાહ

GUARANTEED STAINLESS STEEL
TIGER BRAND
P. B. SHAH
BOMBAY-2

સ્પેશ્યાલીસ્ટ :
"ઈન્ડસ્ટ્રીયલ કેન્ટીન્સ"
૨૧, કંસારાચાલ
મુંબઈ—૨



## સાધનાની પગદંડીએ

લેખક
**શ્રી વજ્રપાણિ**

⊙

૧૯૨ પેજ હોવા છતાં પ્રચારાર્થે
પોષ્ટેજ સહિત ૦-૭૧ ન. પૈસા

⊙

: મંગાવો :

## સોમચંદ ડી. શાહ

પાલીતાણા

# કુલ દીપક

**'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા**

**શ્રી 'સૂર્યશિશુ'**

**પૂર્વપરિચય:** રાજગૃહીના મન્મથરાજાનો પુત્ર યુવરાજ રૂપસેનકુમાર કનકપુરનગરની રાજકુમારી કનકવતી સાથે ગાંધર્વ લગ્નથી પાણિગ્રહણ કરે છે. બાદ તેના થોડા અપરાધના કારણે તેને મૂલીયું સુંઘાડી વાનરી બનાવે છે. પોતે યોગીના વેષે નગરીમાં રહે છે. રાજા કનકભ્રમ યોગીને આગ્રહપૂર્વક બોલાવે છે, ને પોતાની પુત્રીને મૂલરૂપમાં લાવવા માટે આગ્રહ કરે છે. યોગી રાજમહેલમાં આવે છે. **હવે વાંચો આગળ**

⊙

## પ્રકરણ ૨૩મું:

## યોગીની ઓળખાણ:

યોગીન્દ્રે કુમારી કનકવતીના ખંડમાં પગ દીધો, જે શયનખંડની કલા, શોભા દૃષ્ટિપથે આવતાં જ સાનને ચમકાવતી હતી, પણ આજે તે રમ્યતાને સ્થાને અસ્ત–વ્યસ્તતા દેખાઈ રહી હતી. કલારચનામાં માલિકના સ્વામિત્વના આદેશની ઊણપ જણાતી હતી. યોગીન્દ્રનું મન કંઇક ચિંતન તરફ વળે છે.

ત્યાં તો પૂર્વે ન જોયેલ એવા વેશપરિધાનક યોગીન્દ્રને જોઈ મર્કટી ભયભીત બની ચારે તરફ દોડવા લાગી.

માનવપણાની સ્વાંગસુંદરતાની વિમલતા તો મર્કટીના સ્વરૂપમાં નષ્ટ પામી હતી, પરંતુ મૂકપણાનાં દુઃખે દુઃખી થયેલી તેનાં નેત્રો અશ્રુ–પ્રવાહ વહાવી વહાવી શુષ્ક થઈ ગયા હતાં. મુખ દીન બની ગયું હતું. આવી કરુણ સ્થિતિ જોઇ યોગીરાજનું હૃદયપટ કરૂણાથી આર્દ્ર થયું. પશ્ચાત્તાપની જ્વાળામાં પ્રજ્વલિત બન્યું. પણ શું થાય ? જે સ્વાંગ ધર્યો છે તેને પૂર્ણ ભજવે જ છૂટકો.

મર્કટી કુમારીની દશાને દૂર કરવા માટે યોગ્ય સાધનોની તૈયારી કરાવી, સર્વ દાસદાસીને સ્થાનથી દૂર કર્યા. ત્યારબાદ ઉચ્ચસ્વરે મંત્રાક્ષરની ધૂન મચાવી દીધી. બધો ય પરિવાર દૂર થયો એટલે દ્વાર બંધ કરી વાનરીના નાક આગળ મૂળીયું ધરવા જાય છે, ત્યાં વાનરી એકદમ શાંત બની ગઇ અને એકસરખી નજરે યોગીને જોવા લાગી. પોતે કઈ રીતે વાનરી બની હતી તે પ્રયોગ આવતાં જ તે રૂપસેનને ઓળખી ગઇ.

યોગીએ મૂળીયા સૂંઘાડયાં, ક્ષણમાં જ તે માનવસ્વરૂપે થઈ ગઈ.

કનકવતી યોગીને જોતાં જ લજ્જા પામી અને દાસીઓને બોલાવી. સર્વ દાસીઓ કનકવતીનો સ્વર સુણી દોડતી દોડતી તેના ખંડ તરફ આવી. ખંડમાં પ્રવેશતાં જ કુમારીને અસલ સ્વરૂપમાં જોઇ હર્ષાયમાન થઇ ગઇ. અને કહેવા લાગી. 'કુમારીબેન ! તમારૂં દુઃખ કંટક ટળ્યું. માતપિતાના હૃદકાશે સ્થિત થયેલ ચિંતાના વાદળોને દૂર કરવા સમાચાર મોકલીએ.'

વળી બીજી એક સખીએ કહ્યું; 'બેન ! તારા મર્કટપણાને દૂર કરવા પરોપકારી આ યોગીન્દ્રે ઘણા પ્રયત્નો આદર્યા છેવટે પ્રયત્નમાં સિદ્ધિ મેળવી.'

કુમારીએ કહ્યું; 'અહો આની પરોપકારવૃત્તિ !!!'

હંમેશા પરોપકારવૃત્તિકારક સ્નેહને પ્રાપ્ત

કરી તેને પાલન કરનાર તેમ જ પરદુઃખમાં ઉભો રહેનાર, દુઃખે દુઃખી થનાર વિરલ છે.

દાસીઓ સાથે વાર્તાલાપ કરી તેઓને પોતાના સ્નાન તથા વિલેપન, વસ્ત્રાભૂષણની તૈયારીએ મોકલી અને એક દાસીને રાજપ્રાસાદે સમાચાર દેવા મોકલી.

શયનભવનમાં એકાંત થતાં જ કુમારી કનકવતીએ યોગીન્દ્ર તરફ ત્રાટક માંડયું. છતાં યોગી પોતાની દષ્ટિને ઊંચી કરતો નથી. નતદષ્ટિએ સ્થિર રહ્યો.

કુમારી એકદમ આકુળવ્યાકુળ થઇ ગઈ અને છેવટે બોલી; 'સ્વામિ ! હવે તો મારા પ્રત્યે સૌમ્યદૃષ્ટિ કરો. આમ તમે યોગીના વેશમાં છુપાયેલા રહેશો, એટલે કાંઇ હું તમને સમજી શકીશ નહિ? યુગાન્તરના સંબંધીઓને પણ વિના અવલોકયે, વિના પરિચયે નયનની સ્નિગ્ધતાએ સમજી શકાય છે કે અભૂતપૂર્વના કોઈ સ્નેહી હોવા જોઈએ, નહિંતર નયનપ્રિયને જોતાં જ હૃદયમાં કૂણી લાગણી ઉત્પન્ન થાય નહિ.'

'તો આપને માટે મારે કહેવાનું શું હોય ? હું ક્ષમા યાચું છું.' ઇત્યાદિ ઘણાં વચનો વડે વિનવવા છતાં યોગીન્દ્ર તેનીની સન્મુખ જવાબ તો શું પણ દષ્ટિ સરખી યે ઉંચી કરતો નથી.

ત્યારે કુમારીએ યોગીન્દ્રના ચરણમાં અશ્રુપૂર્ણ નયને મસ્તક નમાવી કહ્યું; 'હે આર્યપુત્ર! આપ મન્મથ રાજવીના કુલદીપક છો, ભલે તમે તમારૂં સ્વરૂપ છૂપાવવા માગતા હો, હજી આ દાસીના અપરાધનો ગુસ્સો દિલમાં વસ્યો છે ? અગ્નિપરીક્ષા બાદ શું એરણના શૃંગ પર આરોહણ કરાવવાનું છે ? તમારી ઇચ્છા હશે તો હું ઉલ્લાસભર્યા હૈયે અનુસરીશ, પરંતુ રહેમ નજર કરી કૃતાર્થ બનાવો.'

'પ્રાયશ્ચિત્તના નીરે અંતરમાં વિમલતા અર્પી છે. એક સરખા વહી જતાં જીવનમાં કોઇ ઉન્નતિ, કોઈ મધ્યમ ગતિ અને કોઈ અવનતિ તરફ વાળનારો હોય છે. તો એનું પરાવર્તન કરવા કોણ સમર્થ નીવડયું છે ? હું સાચા હૃદયથી માફી માંગું છું. નાથ !!! મને નકારો નહિ. સજ્જનોને શું કહેવું ? એઓનું અંગેઅંગ કરૂણા વરસાવતું હોય છે !'

ત્યાં તો રાજદ્વારે મોકલાવેલ સમાચાર સુણી રાજા તથા બુદ્ધિસાગર મંત્રી કુમારી વાનરીએ સ્વસ્વરૂપ પ્રાપ્ત કર્યું જાણી આનંદ પામ્યા, પરંતુ યોગીના કુળ, નામ; ગોત્રકાર્ય, વગેરેની જાણ વગર વ્હાલસોયું સુતા કુસુમ પોતાના વચનને ખાતર યોગીનાં હાથમાં સોંપવું પડશે એમ હર્ષ અને ખેદની મિશ્રિત લાગણીથી મૂંઝાયેલ રાજા સમાચાર આપવા માટે આશાર્થી અને ઉત્સાહી દાસીને પારિતોષિક આપવાનું પણ ભૂલી ગયો. દાસીની આકાંક્ષા-ઉત્સાહ ભંગ થઇ ગયા. વીલે મોઢે તે રંગમહેલે પાછી ફરી.

રાજા અને મંત્રી પણ કનકવતીના મહેલે ખબર કાઢવા આવ્યા. કનકવતીના મિલન માટે આતુર થયેલા તેઓએ કનકવતીના ખંડમાં જ સીધો પ્રવેશ કર્યો. વાનરપણાને ત્યજીને પૂર્વ-સ્વરૂપમાં શોભતી કનકવતીને જોતાં જ આનંદાશ્રુ વહી ગયા, પરંતુ ખેદ-આતાપના તાપે તેઓ શુષ્ક બની ગયાં.

યોગીએ કહ્યું: 'રાજવી ! મેં તમારી જ્યોતને જવલંત કરી છે.' આ સાંભળતા જ કનકભ્રમ રાજા આનંદના સ્થાને ચિંતાની અગ્નિમાં જલવા લાગ્યો. અરે ! આ યોગી અજાણ્યા કુળનો વિદેશી લાગે છે તેથી જાણીને અંધારામાં શાને કૂદાય? હે કુળદેવી ! મને સહાયક થાઓ.'

બળતે હૈયે રાજાએ કહ્યું 'યોગીન્દ્ર ! આપનો ઉપકાર.'

રાજાના રૂક્ષ અને ટુંકા ઉત્તરથી બુદ્ધિસાગર મંત્રી એમની મુંઝવણ સમજી ગયા. અને યોગીને કહેવા લાગ્યા; 'યોગીન્દ્ર ! તમારી કર્તવ્ય તમન્નાથી

આનંદ થયો છે. આપ ઉત્તમકુલના ઔજસિક દીપક જણાવ છો. એમ તમારી કાંતિ, ગુણ અને ખ્યાતિ કહી આપે છે. છતાં તમો કયાંના રહે-વાસી છો ? તમારી જ્ઞાતિ કઇ ? કયું કુળ ? કયો ધર્મ ? તમોએ આટલી નાની વયમાં ભેખ ધારણ કર્યો એનું શું કારણ ? અમે આપના જીવનાં-શોને જાણવાને આતુર છીએ.'

'મંત્રીશ્વર ! જાતિ-કૂલાદિ પ્રશ્નોનું અહીં પ્રયોજન નથી. પ્રથમથી જ રાજા સાથે કરાર થયા હતા કે રાજકુમારી સાજી થશે તો તેના બદલામાં કુમારીનું પાણિગ્રહણ મારી સાથે કરવું. રાજા સંમત બન્યા. કુમારી સ્વસ્વરૂપમાં આવી ગઈ છે. હવે હું મારા ઇચ્છિતને જ ઈચ્છું છું. સજ્જનોનું વચન અન્યથા થતું નથી.'

'હે યોગીન્દ્ર ! તમે તો ઉપકારી, ગુણને જાણ-નાર ગુણજ્ઞ. સુજ્ઞ અને વિચક્ષણ છો.'

'આપની સજ્જનતાની પ્રભાએ તો કયારની ય ચમકારી ફેલાવી પ્રતીતિ કરાવી છે અલબત્ત ! ઈંગિત આકાર વડે, કાર્યની ગતિ વડે, ચેષ્ટા વડે, વાણીના રંગ વડે, મુખ અને નેત્રના વિસ્ફાર કે વિકારાદિ વડે અંતર્ગત મન ઓળખાય છે; તો પણ હે યોગીન્દ્ર ! કૃપા કરીને રાજાનાં મનની શાંતિ માટે સત્યપૂર્વક કુલાદિનો પ્રકાશ કરો. રાજાએ કરારની કબૂલાત કરી છે અને પૂર્ણતા પણ કરશે.'

'મંત્રીશ્વર ! આ તમારી મીઠી વાણી વિજય માટે વ્યૂહ રચી રહી છે.'

'આ વ્યૂહ નથી પણ સત્ય જ છે.'

'કાર્યની ઉત્તમતા સમજી અને જાણ્યા બાદ તે કાર્યના આદરમાં જો હૈયાને કોણે શલ્ય ભર્યાં હોય તો ઉત્સાહ, ઉમંગ કે રંચનો સાવ ક્યાંથી વહે ? એ તો છૂપાયેલાં જ રહેશે. મંગ-ળના પ્રયાણમાં અમંગળના ધ્વનિ ન ફરકે, ન ગજે માટે જ આપને પુનઃ વિનંતિ કરૂં છું કે આપની જીવનવાટિકાની સૌરભ શબ્દમાં બ્હેકાવો.'

'મંત્રીશ્વર ! તમે યુક્તિસંગત મધુર વાક્-ચાતુર્યથી મને જીતી લીધો છે. એથી મારી કથની તમારી સમક્ષ કહેવી જ પડશે. મનુષ્યને જેમ ચન્દ્ર, પાણી, ચંદન અને શીતળ છાયા આલ્હાદ આપે છે તેમ મિષ્ટ વાણી પણ આલ્હાદનું અંગ બની રહે છે.'

યોગીન્દ્રે લજ્જાપૂર્વક પોતાનું યથાવસ્થિત સ્વરૂપ કહ્યું અને અંતે જણાવ્યું કે, 'રાજગૃહીના મન્મથ રાજાનો જ્યેષ્ઠ પુત્ર હું પોતે જ છું.'

શું તમે જ મન્મથ રાજાના કુલદીપક રૂપ-સેનકુમાર ? એમ આશ્ચર્ય અને આનંદથી મંત્રી અને રાજા ઉભય બોલી ઉઠયા.

પછી રાજાએ પૂછયું; 'આપને શા માટે વનમાં ભટકવું પડયું ?'

'માતપિતાના અપવાદને ટાળવાને અર્થે તેમ જ મારા ભાગ્યની પરીક્ષા કરવા, આજદિન સુધી હું ભમી રહ્યો છું અને છેવટે મારા અભીષ્ટને પામવા આજે ચરમ પ્રયાસે યોગીરાજના વેશે મને મહંતસિદ્ધિ બક્ષી છે. આ સર્વ પૂર્વકૃત પુણ્યનું કારણ છે છતાં મન આનંદ અને ગૌરવ લે છે.'

કનકભ્રમ રાજાએ કહ્યું; 'કુમાર ખરેખર તમારા જેવા વિરલની વીરતાએ મારૂં કન્યાધન સાચવી શકયો છું. આજે હસતી ખેલતી પ્રફુ-લ્લિત બની તે નવજીવન પામે છે.'

તમને જ્યારે તમારી સિદ્ધિનો આનંદ છે. ત્યારે અમારે હૈયે અનવધિ હર્ષ છે કારણ એક તરફ પુત્રી જીવનનો ઉત્કર્ષ અને બીજી દિશાએ પ્રતાપી, પરમકૃતાર્થી, કરૂણાવત્સલ, ધર્મી અને કુળની જ્યોતિ વધારનાર દીપક સરખા કુમાર રૂપસેનનો સત્સંગ.'

જીવનમાં અભીષ્ટ, મિષ્ટ અને ઇપ્સિતની તો ક્યારે પણ પુણ્ય પરિબળે સંગતિ મળતી રહે, પણ સજ્જનની સંગતિ દુર્લભ થાય છે. પરંતુ આજે અમારે આંગણે સોળ કળા પૂર્ણ પ્રકાશમાન ભાનુ ઉદય થયો કે સત્સંગ સુલભ બનતાં સાથ સુવાસિત બન્યો. અને તે વળી અમારી સુતાના જીવનનૃત્યના તાલે તાલમાં ઝંકાર જગાવતો સંગીત રેલાવતો મનોજ્ઞ નીવડયો.'

રૂપસેનકુમારે ગંભીરતાથી કહ્યું: 'મહાશય ! એ સર્વ તમારા સરખા સહાયકોના સથવારાથી જ પૂરક તત્ત્વો બન્યા છે.'

'અમારી સહાયતાની કદર કરો છો એ તમારી લઘુતા દર્શાવે છે. બાકી તમારી પરાર્થી ઉદાત્ત ભાવનાનું અવલોકન કરતાં અને સહનશીલતાભરી પ્રતાપી દૃષ્ટિ સમક્ષ મારા જેવાને એક ક્ષણ પણ થોભવું શરમજનક છે. વધુ શું કહું ? ગુણ વિશાળતાની સ્તુતિ કરતાં મારી વકતૃત્વતાના કોશમાં હવે એક પણ શબ્દ રહ્યો નથી, પરંતુ છે એક તમારી પ્રત્યે આચરેલ દુર્વતન કટાક્ષમય બાણો અને સત્તાવાહીના જુલ્મોના સંસ્મરણોની કિતાબ.'

'એના પૃષ્ટોનું વાંચન કરતાં તમારી પાસે યાચના કરવા ફક્ત બે શબ્દ છે.

'ક્ષ....મા.'

બીજું મારી કુસુમતનયાનું જીવન તમારા હસ્તે સુપ્રત કરવા ઈચ્છું છું.

'રૂપસેનકુમાર—તમારી વાચાશકિત પર મુસ્તાક છું. આવી રીતે ક્ષમા માગી નાહક શા માટે મને શરમાવો છો ? સર્વ વિપત્તિમાં જો કોઈ નિમિત્તભૂત હોય તો તે મારા પૂર્વસંચિત કર્મના ફળો જ છે. તમારા કરવાથી કશું જ નથી બન્યું.'

રાજાએ કુમારને નિવાસ કરવા માટે યોગ્ય સ્થાન અને સામગ્રીની તૈયારી કરાવીને અનુચરોને આદેશ આપ્યો કે, 'રૂપસેનકુમાર અને કનકવતીના પાણિગ્રહણ માટે સુંદર તૈયારી કરો.'

આજ્ઞાના ફરમાન પછી રૂપસેનકુમારને ઉદ્દેશીને રાજાએ કહ્યું; 'મન્મથ રાજાના કુળદીપક ! હવે તો મહંત યોગીનો સ્વાંગ ઉતારો.'

હજુ કોઈ સાધના બાકી છે ! યોગસિદ્ધિ અધૂરી છે કે સંપૂર્ણ ?

રૂપસેનકુમારની દૃષ્ટિ રાજા સાથે મલતાં જ લળી પડી અને સર્વ પરિજન ખડખડાટ હસી પડયો.

(ક્રમશઃ)

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे वणेली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेन पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर,—सुखड—बरास—वाळाकुंची—वरख—बादला (सोनेरी-रुपेरी) वगेरे मले छे:

जयेन्द्रकुमार रमणिकलाल जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ पुना २.

# વિનાશનાં તાંડવ: [માનસિક પાપનો દારૂણ વિપાક]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

આજે ચોમેર ભારત જેવા અહિંસાપ્રધાન દેશમાં હિંસાના ભયંકર તાંડવો ખેલાઇ રહ્યા છે, વનસ્પત્યાહારી પ્રજાને પણ માંસાહાર તરફ વાળવાનો નાદાન પ્રચાર ચાલી રહ્યો છે. પરિણામે અનાજની અછત, ચોમેર ભૂખમરો, અતિવૃષ્ટિ આદિ વિનાશક વાતાવરણ સર્જાઇ રહ્યું છે, આ પરિસ્થિતિમાં વિવેકી આત્માઓએ અહિંસા ધર્મની મહત્તા સમજીને જીવદયાના પાલનમાં મક્કમતા રાખવાની જરૂર છે. હિંસાના વિનાશક તાંડવને સમજવાં માટે ને તેનાં દારુણ વિપાકને જાણવા માટે 'કલ્યાણ'માં આ કથા શરૂ થાય છે, જેમાં કેવલ માતાના આગ્રહને વશ થઇ, લોટનો કૂકડો દેવીની સમક્ષ ધરવાના પરિણામે કેટ-કેટલાં દુઃખો ભોગવવા પડે છે. તે આ કથાના પ્રસંગોથી સમજી શકાશે. આ કથા વાંચી-વિચારી સર્વ કોઇ હિંસાના ક્રૂર વિપાકો જાણી તેનાથી પોતાની જાતને મન-વચન તથા કાયાથી મુક્ત રાખે!

❀

## પ્રકરણ ૧ લું:

### અદ્‌ભૂત ચમત્કાર:

અહિં એવો એક પ્રસંગ આલેખાય છે કે જેણે સાક્ષાત્ જીવની હિંસા કરી નથી, માત્ર લોટની આકૃતિનો જ નાશ કર્યો છે, છતાં તેનાથી તે જીવને કેવાં કેવાં દુઃખો ભોગવવા પડે છે, જે સાંભળતાં-વાંચતાં શરીરના રૂંવે રૂંવા ઉંચા થઈ જાય તેમ છે. તે પ્રસંગ નીચે મુજબ છે.

'મહાનુભાવો! જીવોનો વધ કરવામાં, કે યજ્ઞમાં હોમી તેનો પ્રાણ લેવામાં કદીયે કલ્યાણ થતું નથી, બલિદાનથી શાંતિ અને કલ્યાણની આશા રાખવી એ તો લોહીથી હાથ ધોવા બરાબર છે. ગંદા હાથને સાફ કરવા માટે નિર્મળ પાણી જોઇએ. નિર્મળ પાણીથી હાથ સાફ થાય. તેમ શાંતિ અને કલ્યાણની ઈચ્છા હોય તો જીવવધને તિલાંજલી આપવી જોઇએ. હિંસા તો પરભવમાં આંધળા-બહેરા, મુંગા-બોબડા, લુલા-લંગડાપણું અપાવે છે. અને દુર્ગતિમાં ભયંકર દુઃખો આપે છે. આ તમારો વ્યવસાય જોતાં મને મારા ભવોનો ઈતિહાસ નજર સમક્ષ તરવરે છે. જે એક ભવમાં લોટના જીવનો વધ કર્યો હતો તેનાથી કેવા કેવા અસહ્ય દુઃખો પામ્યો છું, તે સંભારતાં આજે પણ હું ત્રાસી જઉં છું, જ્યારે તમો આ સાક્ષાત્ અનેક જીવોનો સંહાર કરી રહ્યા છો તેથી તમારૂં શું થશે? તેની કલ્પના પણ આવી શકતી નથી. ભલે અમને મારવા માટે લાવ્યા છો, તો ખુશીથી અમને બન્નેને કુંડમાં હોમી દો. અમને જીવન-મરણની કંઇ જ ચિંતા નથી.'

વાત એવી છે કે રાજપુર નામના નગરમાં મારિદત્ત નામે રાજા રાજ્ય કરતા હતા. તે મારિદત્ત શિકાર, માંસભક્ષણ, દારૂપાન, જુગાર આદિના અનેક વ્યસનો ઉપરાંત અનેક પ્રકારના ભયંકર હિંસકયજ્ઞો કરાવતો હતો. તે ચંડમારી દેવીનો ભકત હતો. દેવીનું મંદિર પણ એટલું જ રૌદ્ર હતું કે દયાળુ આત્મા તો તે જોઈ ન શકે.

મંદિરના મધ્ય ભાગમાં એક ઉંચા આસન ઉપર સોનાના સિંહાસનમાં ચંડમારી દેવી બેસાડેલી હતી, જેનાં એક હાથમાં તીક્ષ્ણ કાતર, બીજા હાથમાં મૂશળ હતું, દાંત લાંબા અણીવાળા અને ગોળ હતા, બે ગાલ તો બેસી ગયેલા, આંખો મોટી અને ગોળ, જીભ તો વેંત જેટલી બહાર

કાઢેલી. આથી દેવીનું રૂપ બિહામણું લાગતું હતું. તેનું પ્રક્ષાલન પાણીના બદલે મદિરાથી કરવામાં આવતું, અંગ ઉપર આંકડા અને કણે-રના પુષ્પો ચઢાવાતા.

મંદિરના દરવાજે અનેક મારેલા પશુઓના શીંગડા લટકતા હતા, ગઢ ઉપર ભારંડ પક્ષીઓના ઇંડા ગોઠવેલા હતા, લાકડાના દંડને ઠેકાણે હાડકાઓ ગોઠવીને દંડ બનાવ્યો હતો અને પશુઓના વાળના ગુચ્છાની ધજા ઉડતી હતી. ભીંતો ઉપર કળીચૂનો તો કેવો? પશુઓનાં લોહીથી ભીંતો રંગેલી હતી. ચંડમારી દેવીનું મંદિર જોનારને કમકમા ઉપજાવે તેવું વિકરાળ હતું.

દર વરસની માફક આ વખતે પણ મારિદત્ત રાજાએ ઘણા જીવોનો ઘાણ કાઢયો હતો જેથી લોહીના તો તળાવડા ભરાયા હતા. આટલી હિંસાથી પણ ધરાયો ન હતો, તેથી આ વખતે તો યજ્ઞમાં હોમવા માટે એક બત્રીસલક્ષણું પુરુષયુગલને શોધી લાવવા સેવકોને આજ્ઞા કરી હતી.

રાજાના સેવકો તેવા યુગલની શોધમાં હતાં, ત્યાં અઠ્ઠમતપ (ત્રણ ઉપવાસ)ના પારણે નગરમાં ભિક્ષા માટે જતા સાધુ–સાધ્વી તેમના જોવામાં આવ્યા, બન્ને સુલક્ષણવાળા લાગતા સેવકો તેમને પકડીને દેવીના મંદિર તરફ લઈ જવા લાગ્યા. સાધુનું નામ અભયરુચિ હતું અને સાધ્વીનું નામ અભયમતી હતું.

'આર્યા! મરણનો ભય શા માટે રાખો છો? મરણ એકવાર ચોક્કસ આવવાનું જ છે, સારું થયું કે આપણે હજુ અઠ્ઠમનું પારણું કર્યું નથી. આપણું મૃત્યુ ઉપવાસપૂર્વક થાય તો તેમાં શું ખોટું?' સાધ્વીને ગભરાયેલા જોઇને અભયરુચિ અણગારે સાધ્વીને સ્થિર કરવા કહ્યું.

સાધ્વીએ કહ્યું કે, 'મને મૃત્યુનો ભય નથી, પણ આપણું મૃત્યુ પશુની જેમ દેવીના બલિ-દાનદ્વારા થઈ જશે? તેનું દુઃખ છે.'

'જેવાં કર્મ ઉપાર્જ્યાં હોય તેવા તેના વિપાકો આવે છે. આપણે આવા પ્રકારનું 'કર્મ' બાંધ્યું હશે, જે આજે ઉદયમાં આવી રહ્યું છે. હવે તો ચાર શરણીનો સ્વીકાર કરી પંચપરમેષ્ઠિના ધ્યા-નમાં લાગી જાવ, જેથી મૃત્યુ મહોત્સવરૂપ બને! અભયરુચિ મુનિએ અભયમતી સાધ્વીને કહ્યું:

બન્ને જણને યજ્ઞની વેદિકા પાસે લાવવામાં આવ્યા. રાજાએ આ બન્નેને જોયા. ખૂબ હર્ષ પામ્યો. જેવું જોઇતું હતું તેવું જ બત્રીસ લક્ષણું યુગલ મળી ગયું. હવે આ બન્નેને યજ્ઞ-કુંડમાં દઈ હોમી દઈ દેવીનું પૂજન પૂર્ણ થશે, પછી તો દેવીના પ્રસાદથી સુખ–શાંતિ ને લીલા-લહેર થશે.

શ્રી અભયરુચિ મુનિવર અને સાધ્વીજી શ્રી અભયમતીજી તો ચાર શરણનો સ્વીકારી કરી આંખો બંધ કરી નવકારમંત્રના ધ્યાનમાં લાગી ગયા છે.

માણસ ધારે છે શું? અને થાય છે શું? માનવીના હાથમાં કોઇ વાત હોતી નથી, જેનો પુણ્યોદય ચઢયો હોય તો તેને કોઇ નુકશાન કરી શકતું નથી. અહીં પણ એવું જ બન્યું ક્ષણવાર પહેલાં રાજા મારિદત્ત ખુશખુશાલ હતો તે ખુશનુમા ક્ષણવારમાં ઉડી ગઈ. કેમકે મુનિના પુણ્યપ્રભાવે એકાએક પૃથ્વી કંપવા લાગી. જાણે ભયંકર ધરતીકંપ થવાની તૈયારી ન હોય? આકાશમાં મોટું વાવાઝોડું ચઢી આવ્યું. ચારે તરફ અંધકાર છવાઈ ગયો, જોત–જોતામાં તો ચારે તરફ મકાનોના છાપરા ઉડવા લાગ્યા, કડાકા ને ભડાકા થવા લાગ્યા, સૌ પોતપોતાનો જીવ બચાવવા દોડાદોડી કરવા લાગ્યા. મંદિરમાં રહેલા સૌ ગભરાઇ ગયા, રાજા મારિદત્ત પોતે પણ ખૂબ ભયભીત બન્યા. હમણાં શું થશે તે કલ્પવું મુશ્કેલ થઇ પડયું. આંખે અંધારા આવવા લાગ્યા, સામે મૃત્યું ઉભેલું દેખાયું.

અચાનક આ ઉલ્કાપાતથી રાજાને વિચાર

આવ્યો કે 'બલિદાન માટે લાવવામાં આવેલા આ સ્ત્રી–પુરુષ કોઇ દૈવી લાગે છે. તેમના પ્રભાવથી જ અચાનક કુદરતમાં પલ્ટો આવી ગયો લાગે છે. માટે આમનું શરણું સ્વીકાર્યા સિવાય બચવાનો કોઈ ઉપાય દેખાતો નથી.'

રાજા તુરત મુનિના પગમાં ઢળી પડયો અને ગદગદ સ્વરે બોલ્યો કે 'હે મહાત્મન્! હું ભૂલ્યો, આપને ઓળખ્યા નહિ, કોઈ રીતે મને બચાવો. મારી ભૂલ થઈ ગઈ, ક્ષમા આપો. રાજસેવકો આપ જેવા મહાત્માને પકડી લાવ્યા છે. આપ કોણ છો? અને આપનો પરિચય આપશો તો મોટી મહેરબાની થશે.

રાજાને શાંત પડેલો જોઇ મુનિએ આંખો ઉઘાડી અને ઉપર મુજબના સુંદર શબ્દો બોલ્યા હતા. થોડીવારમાં વાતાવરણ પૂર્વવત્ બની ગયું.

'પ્રભુ! આપે એવું તે શું કર્યું હતું કે જેનાથી ઘણાં દુ:ખો આપને સહન કરવા પડયા? કૃપા કરી આપનો તે અધિકાર જણાવો, જેથી મારા જેવા પાપીનો કંઇક ઉદ્ધાર થાય.

અભયરુચિ મુનિવર પોતાની આત્મકથા કહે છે:

આ ભરત ક્ષેત્ર વિષે વિશાલા નામની સુંદર નગરી હતી. ત્યાં અમરદત્ત નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને યશોધરા નામની પત્ની હતી. નવમા ભવમાં હું તેમનો સુરેન્દ્રદત્ત નામે પુત્ર હતો. માતાને મારા ઉપર ઘણો સ્નેહ હતો. જ્યારે હું યુવાનવયમાં આવ્યો ત્યારે મારા માતપિતાએ અનેક રાજકન્યાઓ સાથે મારૂં પાણિગ્રહણ કરાવ્યું. તે બધી સ્ત્રીઓમાં નયનાવલી ઉપર મને ઘણો પ્રેમ હતો.

મારા પિતા અમરદત્તે મને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી. હું પણ દીક્ષા લેવાની ભાવનાવાળો હતો પણ નયનાવલીના પ્રેમથી હું દીક્ષા લઇ ન શકયો. વિષયસુખો અને રાજ્યને ભોગવતા ઘણો કાળ પસાર થઇ ગયો.

સુંદર પ્રકારે રાજ્યનું પાલન કરવાથી મારો યશ ચારે તરફ ફેલાતો હતો, તેથી સૌ મને રાજા યશોધર તરીકે ઓળખતું. મારૂં સુરેન્દ્રદત્ત નામ તો સાવ ભૂલાઇ ગયુ હતું.

એક વખતે નયનાવલી રાણી મારા વાળ ગુંથી રહી હતી. ત્યાં તેણે મારા માથામાં સફેદ વાળ જોયો અને મને કહ્યું; 'સ્વામિનાથ! આ ધોળોવાળ કેવો ચકચકે છે!' એમ કહી તે સફેદવાળ મારા હાથમાં આવ્યો.

'રાજન્! આ વાત જોતાં હું વિચારમા પડી ગયો. સેંકડો વરસોથી વિષયસુખ ભોગવવા છતાં સંતોષ થયો નથી. હવે જો આ વિષયોને છોડું તો સારૂં, નહિંતર કાળરાજા આવીને મારો કોળીયો કરી જશે, ત્યારે આ રાજ્ય, વહાલી રાણીઓ, ધન, માલ, મિલકત વગેરે બધું અહીં ને અહીં પડી રહેશે. વૃદ્ધાવસ્થામાં શરીર ઉપર કરચલીઓ પડી જશે, ઈન્દ્રિયો કામ કરતી અટકી પડશે. માથામાં ધોળાવાળ આવી ગયા છતાં હજુ હું માતેલા સાંઢની જેમ વિષયોની પાછળ કેટલો પાગલ બનું છું? માટે હવે સારા દિવસે મારા પુત્ર ગુણધરકુમારને રાજ્યગાદી સોંપી, સઘળી ઉપાધિથી મુકત બની દીક્ષા ગ્રહણ કરૂં. કેવું સુંદર સંયમ જીવન, શત્રુમિત્ર સૌ ઉપર સમાન દૃષ્ટિ, કોઈ પાપ નહિ કરવાનું.'

'રાજન્! આ મારો શુભ વિચાર મારી પ્રિય રાણી નયનાવલીને જણાવ્યો. આ સાંભળતા નયનાવલીની આંખમાં આસું ઉભરાઇ આવ્યા અને ધ્રુસકે ને ધ્રુસકે રડતાં રડતાં તે બોલવા લાગી, 'સ્વામિનાથ! આપ દીક્ષાની શી વાત કરો છો? ગુણધરકુમાર હજુ બાળક છે, તેના ઉપર રાજ્યનો ભાર કેમ મૂકાય? સંયમ એજ સાચું છે, એ હું પણ સમજુ છું. કુમાર મોટો થાય એટલે આપણે બન્ને સાથે ચારિત્ર ગ્રહણ કરીશું.'

મેં રાણીને કહ્યું કે 'રાણી! જીવનનો શો ભરોસો? જેને કાળ વશ હોય તે સારું કાર્ય

મુલતવી રાખી શકે, માટે હું તો તુરતમાંજ સંયમ ગ્રહણ કરીશ.' આવો મારો મક્કમ વિચાર જાણી, નયનાવલીએ કહ્યું; જો આપ દીક્ષા જ લેશો તો પછી મારે અહિં રહીને શું સુખ માણવાનું? હું પણ આપની સાથે જ સંયમ લઈશ.'

આ સાંભળી મને થયું કે 'અહો! નયનાવલીનો મારા ઉપર કેટલો બધો તીવ્ર અનુરાગ છે, કેટલો વિવેક છે.' પણ આ મારો ભ્રમ હતો તેની મને થોડા સમયમાં જ ખબર પડી.

રાત પડતાં હું શયનગૃહમાં ગયો. થોડીવાર નયનાવલી સાથે વાતો કરી નયનાવલી ઉંઘ આવે છે એમ કહી પલંગમાં પોઢી ગઈ. હું પલંગમાં પડયો પડયો ભાવીનો વિચાર કરતો હતો ત્યાં નયનાવલી ઉઠી. મને ઉંઘી ગયેલો જાણી, પલંગમાંથી નીચે ઉતરી, શયનગૃહનું બારણું ઉઘાડી બહાર નીકળી. હું સમજ્યો કે 'મારા ભાવિ વિયોગને સહન કરવાની ધીરજ નહિ હોવાથી કદાચ આપઘાત તો નહિ કરેને? એટલે હું પણ ઉઠયો. હાથમાં તરવાર લઈને તેને બચાવવા માટે શયનગૃહના બહાર નીકળ્યો. ત્યાં તો નયનાવલી એક કુબડા દ્વારપાલને જગાડી રહી હતી. મને લાગ્યું કે તે કુબડાને મારા અંગે કંઇ કહેવા આવી હશે. પણ ત્યાં તો કુબડો ઉઠયો અને લાલચોળ આંખ કરીને નયનાવલીને ઠપકો આપવા લાગ્યો, 'અરે! દુરાચારિણી! આટલું બધું મોડું કેમ કર્યું'? મને થયું કે આ કુબડો ઊંઘમાં બોલતો હશે. રાણીને આ પ્રમાણે કહેવાની તેની શી ગુંજાસ? હવે શું થાય છે તે જાણવા મારૂં મન ઉત્સુક બન્યું. નયનાવલી બોલી કે, 'રાજા વિચિત્ર સ્વભાવના છે. એ ઉંઘે ત્યારે આવુંને, રાજા હમણાંજ ઉંઘ્યા એટલે તુરત તમારી પાસે હાજર થઈ છું.' આ પછી ખડબચડા હાથવાળા કુબડાએ નયનવલીનો સુંદર મનમોહક સુગંધીથી મહેકતો ચોટલો પકડયો અને ખેંચીને બાહુપાશમાં જકડી નીચે પાડી મનોહર સુંવાળા ગાલો ઉપર ચુંબનો કરવો લાગ્યો અને તેની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો.'

આ દશ્ય જોતાં મને ખુબ ક્રોધ આવ્યો અને થયું કે 'આ બન્નેને હમણાંને હમણાં આ તરવારથી ટુકડે ટુકડા કરી તેમના અનાચારનું ફળ ચખાડું'. મ્યાનમાંથી તરવાર બહાર કાઢી, ત્યાં વિચાર આવ્યો કે 'આ મારી તરવારથી અનેક હાથીઓ અને મોટા મોટા બળવાન સુભટોને મારી નાંખ્યા છે, તો પુરુષોમાં કૂતરા જેવો આ કુબડો અને અકાર્ય કરનારી દુરાચારિણી એવી આ સ્ત્રીને કેમ મારૂં? વળી મારે તો દીક્ષા લેવી છે, તો આ બન્નેને મારવાથી શું? બન્ને ઉપર મને દયા આવી, મારી તરવાર મ્યાન કરી પાછો શયનગૃહમાં આવી પલંગમાં પડયો અને વિચારવા લાગ્યો કે 'અહો! સ્રીચરિત્ર કેવું છે? મોઢે કેવું મીઠું મીઠું બોલે છે અને આચરણ કેવું કરે છે? મને તેનો સ્નેહ છોડવો કઠણ લાગતો હતો પણ આ દશ્ય જોયા પછી મારૂં મન એકદમ વૈરાગ્યવાળું બન્યું. વિષયોની કેવી વિટંબના છે. સુંદર સુકોમળ મનોહર શરીરવાળા એવા મને મૂકીને શ્યામ, બેડોલ, અને કુબડામાં આ રાણી આસક્ત બને છે. વિષયોને ધિક્કાર હો જે આવું અઘટિત કાર્ય કરાવે છે.'

કેટલીક વાર પછી નયનાવલી આવી, મને ઉંઘતો જાણી, તે પણ પોતાના પલંગમાં ઉંઘી ગઈ, ત્યારપછી મને પણ નિદ્રા આવી ગઇ. સવાર પડતાં હું જાગ્યો. સવારનાં કાર્યો પતાવી હું મંત્રણાગૃહમાં ગયો અને ત્યાં મંત્રીઓને બોલાવ્યા.

(ક્રમશઃ)

# મ હા મા ન વ

શ્રી શૈલેશ

સુખની સાધના માટે, આનંદની સાધના માટે દોટ મૂકતા આત્માની અંતરના ઉંડાણેથી ખોજપૂર્વક અધ્યાત્મલક્ષી ચિંતન–મનનપ્રધાન વિચારધારા અહિં શબ્દદેહ પામે છે. આ મનન-નિદિધ્યાસન વૈજ્ઞાનિક દૃષ્ટિને સ્પર્શી જગતના વાર્તમાનિક વિરાટ આંદોલનોનું પૃથક્કરણ કરવા પૂર્વક 'કલ્યાણ'ના ચિંતનશીલ વાંચકોને વિચારપાથેય પીરસે છે.

લેખમાળાનો પ્રથમ હપ્તો અહિં રજૂ થાય છે. લેખક શ્રી આશાસ્પદ ચિંતક અને વિચારક છે.

❀

જીવન શું કામ મળ્યું છે. તે કેટલાયે જાણતા નથી, પણ જે જીવન મળ્યું છે તે ગમે તેમ મળ્યું હોય તે છોડી શકાય તેવું તો નથી જ, કોઇ માંગી લે તો આપી શકાય તેવું નથી.

જીવન મળ્યું છે એ જેટલી નક્કર હકિકત છે, એટલું જ સત્ય જીવન જીવી જાણવું એ છે, એ જનસામાન્યના વિચારમાં સમાયેલું છે.

સહુને જીવન જીવવું છે, જીવન સાથે જીવવાની વાસના પણ દરેક જીવ લઇને આવ્યો છે, અહીં આવીને તે નવરો બેસી રહેતો નથી, તેને કાંઇક મેળવી લેવું છે. એટલે તે સદૈવ ચલ–વિચલ થતો જોવામાં આવે છે. એની જીવન–દિશામાં કયાંક જિજ્ઞાસાઓ તો કયાંક કલ્પના શીલતા, કયાંક સર્જકતા તો કયાંક સંકલ્પ અને કયાંક આશા જણાયા કરે છે. પણ આ બધાયની પાછળ એને માત્ર પોતાના સુખની સિધ્ધિ જ મેળવવાની તમન્ના છે. સુખ શી રીતે મળે ? એની જિજ્ઞાસા, એની જ કલ્પના, એના જ માટે વિવિધ સર્જનો, સંકલ્પો, અને આશાના મીનારાઓ એ રચતો હોય છે. જુના વિચારો વહેતા થાય છે, પ્રત્યાઘાતોથી નવા વિચારો જન્મ પામે છે, બાળ મટીને યુવાન બનતા અને યુવાનમાંથી વૃધ્ધ બનતાં પ્રત્યાઘાતો તેના ઉપર ચમત્કારિક અસર ઉત્પન્ન કરે છે. જેનાં જીવનમાં જેવા પ્રત્યાઘાતો પડે છે, તેવા તે વ્યકિતના વિચારો ઘડાય છે, તેનાથી જ માનસિક અવસ્થાઓ પણ જુદા જુદા સ્વરૂપે સ્થિત થાય છે. અરે ! મુખ ઉપરની રેખાઓનાં નિર્માણ પણ પ્રત્યાઘાતોની અસરના કારણે જ તારતમ્યવાળા હોય છે.

સુખ ખાતર સારૂંયે જગત દોડયું જાય છે. પ્રત્યાઘાતોની અસરો તળે આવતું જાય છે, પણ પરિપૂર્ણ સુખ કોઈને મળતું નથી, જગતના સુખની કલ્પનાની ટોચે પહોંચતાં અધવચ્ચે જ મૃત્યુનું કારમું દુઃખ સઘળાં સુખોને હડપ કરી જનારૂં આંખ સામે ખડું થઈ જાય છે, અને સાચે જ જગતના બધા દુઃખોને હાથતાળી આપનારા આ મૃત્યુના સકંજામાં તો પ્રત્યેક માનવ આબાદ આવી જાય છે, સંપૂર્ણ સુખનો ભોકતા બની ગયો એવું અભિમાનથી માનનાર પોતે જ મોટા દુઃખમાં કચડાઈ રહ્યો છે, એવી પ્રતીતિ મૃત્યુના ડરામણા દુઃખમાં થવા લાગે છે, એટલે વિજ્ઞાન ગમે તેટલા સાધનો ઉભા કરશે, પણ તે માનવજાતને સુખી કરી શકે તેમ નથી બલ્કે વધુ દુઃખી કરી દેશે. સુખનાં સાધનો જેમ જેમ વધે છે તેમ તેમ માનવની ઇચ્છાઓ વધે છે, પુણ્યકર્મના યોગે અદ્યતન સાધનો ભલે તે મેળવી લે, પણ વધુ સાધનવાળાને તો મૃત્યુ વધુ સંયોગોનો વિયોગ કરાવનાર બનતું હોવાથી એ વખતનું દુઃખ અસીમ બની જાય છે.

પૂર્ણ સુખનું સર્જન વિજ્ઞાન કરી શકયું

નથી, મોગલ પાદશાહો વિલાસમાં ચકચૂર હોવા છતાં એમના સુખ મૃત્યુના દુઃખે રોતા થઈ ગયાં. એલેકઝાંડરે પાશવી સંહાર-લીલા આદરી જગતનું સામ્રાજ્ય મેળવ્યું પણ એ ય સુખી ન રહ્યો. જગતમાં પરિપૂર્ણ સુખ કોઈ ન મેળવી શક્યું. હજુ પણ વૈજ્ઞાનિકો હામ હાર્યા વિના દુઃખના વિધ્વંસક-પ્રતિપક્ષી-સાધનો ઉભા કર્યે જાય છે, મંગળમાં અનંત આનંદ ખોજે છે. શુધવાટ કરતાં સમંદરોમાં પણ જાનના જોખમે અખૂટ આનંદ કાજે ઝંપલાવે છે. કોઈ સ્થળ બાકી રાખ્યું નથી. એવો કોઇ કાંકરો બાકી રાખ્યો નથી કે જે કાંકરાનું તેમણે અખૂટ આનંદની પ્રાપ્તિ કાજે પ્રયોગ ટેબલ ઉપર સૂક્ષ્મ નિરીક્ષણ ન કર્યું હોય !

જગતનું પ્રાણી ફાટી આંખે વૈજ્ઞાનિકોની સામે જોઈ રહ્યું છે, અખૂટ આનંદ કયાંથી વહેશે? કયાંથી તૂટી પડશે? કયાંથી ફૂટી નીકળશે ? એ પ્રશ્નો આ જંતુના મનમાં ઘડી ઘડી રમ્યા કરે છે. વૈજ્ઞાનિકોએ યોજેલા પ્રત્યેક સાધનમાંથી આનંદ-પરિપૂર્ણ આનંદ-માણી લેવા આ માનવ ધનવ્યય-શરીરવ્યય-સમયવ્યય--સઘળો વ્યય કરવા અચકાય તેમ નથી, પણ છતાં પરિપૂર્ણ આનંદ મેળવી શકાયો નથી, હજુ સુધી એ આનંદ ગગનપટોને ભેદી ભૂલોક ઉપર તુટી પડયો નથી, સાગરના અતળ ઉંડાણેથી હજુ ફૂટી નીકળ્યો નથી, લાવારસથી ભરપૂર પહાડોમાંથી આ આનંદ તો પ્રજ્વળ્યો નથી, અરે દૂર દૂરના અંતરિક્ષમાં પણ હજુ આ પરિપૂર્ણ આનંદની સેરો પણ ફુટી જણાતી નથી.

કયાં છે આ પૂર્ણાનંદ? કયાં છે આ અમર જીવનનો અતુલ આનંદ? સબૂર! તેનું અસ્તિત્વ કયાંક છે તો ખરૂં જ ને? કે પછી ગગનકુસુમ જેમ સર્વથા અસત્ છે? અગણિત કાળ વહી ગયો ! બધું ફીંદી નાંખ્યું, જીવનોના જીવન રગદોળી નાંખ્યાં ! સમયોના ગંજાવર પર્વતો ખર્ચી નાંખ્યા! બુદ્ધિના ભંડાર ઉલેચી નાંખ્યા! લાખોના પ્રાણ હરી લીધાં. સઘળા અકાર્યોને કાર્યરૂપે બનાવી દીધાં ! અઘટિત સઘળું ઘટમાન કરી દીધું ! અકલ્પ્ય સઘળું કલ્પનાક્ષેત્રે ખડકી દીધું ! અગમ્ય ઘણું ય દૃષ્ટિગોચર બનાવી દીધું ! તો ય પૂર્ણાનંદ કયાં ય ન જણાય ? સ્વપ્ને પણ ન જણાય ?

જાગતિક જન્તુ અકળાય છે, પૂર્ણાનંદની ખોજે નીકળેલ માનવપંખી થાકે છે, અનેક નીસાસા નાંખે છે. હિંમત ધરીને દોટ પણ મૂકે છે. અને પછડાટ પણ ખાય છે, સ્વપ્નના તરંગી જગતમાં ઘણે દૂર ચાલી જાય છે. પણ કયાં ક ગોથું યે ખાઇ જાય છે.

હૈયે પડતા આવા પ્રત્યાઘાતો એને દીન બનાવી મૂકે છે. 'આનંદ ! પૂર્ણ આનંદ ! પરિપૂર્ણ-આનંદ !' આ શબ્દોના ગુંજારવ એના શ્વાસોશ્વાસમાં ઘુંટાયા જ કરે છે.

શું સુખની તીવ્ર ઝંખનાના દુઃખનો, વ્યાધિઓની અકળવિકળતાનો, આધિભૌતિક કલેશોના ઝંઝાવાતોનો, અનેકવિધ માનસિક સંતાપોનો એક જ સપાટે અંત લાવી દઇને મૃત્યુ જ પરમ સુખરૂપ નથી બની જતું ? મૃત્યુનું દુઃખ તે હોય ! જો મૃત્યુ જ પરમસુખરૂપ બને તો ? મૃત્યુ એ સઘળી ધમાલ-ધાંધલોથી વિશ્રાન્તિ નથી ! જીવન જીવવાના રસસ્વાદ પૂર્ણ થયા બાદનું નવીન રસનું પાન નથી? મૃત્યુ જ પરિપૂર્ણ સુખ નથી ? જાગતિક જન્તુના વિચારચક્રો અવળા ફરવા લાગે છે, પરંતુ અહીં પણ તે ગુંચવાય છે.

મૃત્યુ જો જંજાળોનો અંત હોય તો ધર્મતત્ત્વ શું ? ત્યાગ શું ? દાન શું ? દયા શું ? આ બધાની જરૂર શા માટે ? ધર્મધુરંધરો તો કહે છે કે વર્તમાન જીવનમાં વાવેલા સારા-નરસા બીજોનાં ફળ મૃત્યુના પડદાની પાછળ સ્હેલા છે, એ ફળ કટુ ન આવે તે માટે દાન, દયાના ધર્મો-ત્યાગના માર્ગો ડગલે પગલે બતાવવામાં આવ્યા

છે, જેણે આ માર્ગ સ્વીકાર્યો નથી એ પ્રાણીઓ મૃત્યુ બાદ અસંખ્ય જન્મ–મરણો પામીને તીવ્ર યાતનાઓ ભોગવે છે, એમના ભાવી જીવન ત્રાસમય બની રહે છે, જગતના જન્તુનું માનસ દ્વિધા બને છે, પરિપૂર્ણ સુખ પોતામાં જણાતું નથી. જગતમાં ક્યાં ય દેખાતું નથી, કોઈ પણ દિશાએ પરિપૂર્ણ સુખનો પવન પણ સ્પર્શતો નથી, જગતના દેખાતાં સુખોમાં નક્કરતા જણાતી નથી, એટલે એ નકલી સુખો ક્યારે દગો દેશે, એ તકલાદી સુખો ક્યારે તુટી જશે, એ સમજાતું નથી, એટલે ભયભીત બનીને હવે ચારે બાજુ દોડાદોડ કરે છે, એની દશા અતિશય દયામણી થઈ જાય છે.

હવે સુખ મેળવવા સાધનોના ઢેરના ઢેર ખડકે છે, પણ માનવ ત્યાં ય ફાવતો નથી, સાધનો ખર્ચાળ બને છે, સાધનો રીસામણી નારીની જેમ કામ કરતાં અટકી જાય છે, ઉપરથી એની સારસંભાળનું દુઃખ માથે આવી પડે છે, બિચારો વિશ્વનો માનવ ! એ સાધનોના ઢેરમાં જ દટાઈ જાય છે એ બોજો એનાથી ઊપડતો નથી. હવે એની ચિંતા જ એને ભરખવા માંડે છે એક રંકને મળતું બે ટંક ખાવાનું સુખ પણ લૂંટાય છે, ઠરી ઠામ બેસવાનો આનંદ પણ હરાય છે, સ્મિતના બે શબ્દો પણ ભૂલાય છે, નિર્દોષ પ્રકૃતિના આનંદ પણ અસહ્ય બને છે. સાધનોનો ગંજાવર જથ્થો જીવનને ચગદી નાંખે છે.

ખામોશ ! તો હવે વૈજ્ઞાનિકો સુખની શોધમાં હાર જ ખાઇ ગયા ને ? સુખના લાલસુ માનવગણને દુઃખની ભઠ્ઠીમાં શેકી દીધા ! અને છતાં માનવ એ વૈજ્ઞાનિકની સામે મીટ માંડીને જ બેઠો છે. આ વૈજ્ઞાનિકો ભીંત ભૂલ્યા લાગે છે એવું ક્યારેક માનવા છતાં જગતમાં જ કાંઇક મેળવવા દોડધામ કરી રહ્યો છે ! સુખની ભીખ માંગવાનું મહાદુઃખ તેની નજરમાં ય નથી આવતું ! શું તત્ત્વ હશે ? શું સત્ય હશે ? શું કર્તવ્ય હશે ? કાંઇ સમજાતું નથી. આટલી બધી જહેમત બાદ પણ જગતમાંથી જીવનમાંથી અધૂરૂં અને અધકચરૂં સુખ કેમ મળતું હશે ! જાગતિક જન્તુની આ ગ્રહદશા બદલાય ખરી કે નહિ ? કે પછી રશિયાના સ્પુટનિકે આકાશના ગ્રહોને સ્થાનભ્રષ્ટ કરી દઇને બિચારા માનવના સુખના દહાડા સદાને માટે અંતરિત કરી દીધા ?

કાજળ વરસાવતી અમાવાસ્યાની કાળી રાતે શય્યામાં આમતેમ પડખા ફેરવવા છતાં મને ઉંઘ આવતી ન હતી, તે વખતે ઉપરની વિચારમાળા ફરવા લાગી. વિચારોનાં મણકાં એક પછી એક આપોઆપ ફરતા ગયા. એક મોટા વૈજ્ઞાનિકની જેમ મારા જીવનની–ના, સહુના જીવનની ગંભીર સમસ્યાને ઉકેલવામાં હું ગરકાવ થઈ ગયો.

જેમ જેમ આ સમસ્યા ઉકેલવા મથતો ગયો તેમ તેમ વધુ ને વધુ ગુંચવાતો ગયો, ઊંડા પાણીમાં વગર વિચાર્યે ઉતરી જનારને ગુંગળામણનો કેવો અનુભવ થાય તેનો સાક્ષાત્કાર મને થવા લાગ્યો.

કાળી રાત વધુ બિહામણી બની, ટમટમતા નાનાશા દીપની કિંમત મને આજે જ સમજાણી. પણ અત્યારે એ અમૂલ સમાધાન રૂપ દીવડીની કલ્પના પણ અસ્થાને હતી, પણ ના, મરજીવા બનીને તોફાની સાગરમાં એક વાર ઝંપલાવી દઇએ તો જરૂર કાંઇક હાથ આવે જ, સાહસિકોની સૃષ્ટિમાં સાહસના મૂળ નાનાં–સૂનાં ન હોય. અંધકાર બહારના વિચારોમાં હું જરાક ગુંગળાયો તો ખરો, પણ એકાએક કોઇએ પડકાર કર્યો, સબૂર ! આત્મન્ ! સબૂર !

હું એકદમ ચમકી ઊઠયો, શરીરમાંથી વિજળીની ઝડપે ધ્રુજારીનું મોજું વહી ગયું. આંખો ફાડીને ચારે બાજુ જોયું, પણ અંધકાર સાથે આંખોની અથડામણ સિવાય, કાંઇ જ હાથ ન આવ્યું. ક્ષણ બે ક્ષણમાં સ્વસ્થ

થઇ ગયા પછી જ મને સમજાયું કે આ બાહ્ય જગતના કાળા માથાના માનવીનો અવાજ નથી, દૈવી-શકિતનો આ પડકાર નથી, પણ આધ્યાત્મિક બળના સર્વોપરિ સ્વામી એવા મારા આત્માનો જ આ અનાહત નાદ છે, મારો જ આતમરામ આજે જાગ્યો લાગે છે, લાવ, કાન દઇને એને સાંભળું. શું તે મારા પ્રશ્નનો સફળ ઉકેલ બતાવી આપશે? મારા જુના વિચારોને સજ્જડ હાર આપવા કેમ જાણે નવા વિચારોની વિરાટ સેના ઉતરી પડી, એક જ આત્મામાં બે શકિતઓ આવી વસી હોય તેમ તેઓ વચ્ચે વાતોનું તુમુલ ચાલ્યું; વિચાર અને પ્રતિવિચારના ઘર્ષણ શરૂ થયા. પણ ઘર્ષણોમાંથી નીપજતાં પ્રકાશમાં શ્યામળ અમાવાસ્યાની રાત્રિએ પણ ઉત્ક્રાન્તિનો રાહ ઝાંખો ઝાંખો દેખાવા લાગ્યો. એક જ આત્મામાં વિરોધી-પાર્ટીના આગેવાન તરીકેનું કાર્ય કરતી એ શકિત કહેવા લાગી:

આત્મન્! વિચારોના વમળમાં તું અટવાઈ ગયો કેમ વારૂ! પણ ગુંગળામણ શાને અનુભવે છે? સ્વસ્થ બની જા, ભયને વેગળો મૂક. મારી વાત સાંભળ. તને આજે નવી જ દુનિયામાં હું લઇ જાઉં છું. એ દુનિયાથી તું તદ્દન અજાણ છે. એટલે મારે પગલે તારું પગલું દાબતો જજે. બધા પૂર્વગ્રહોને છોડીને મારી વાત સાંભળતો રહેજે. તારું ઈષ્ટ કદાચ તને ત્યાં જ મળી શકશે.

(અપૂર્ણ)


જૈન ભાઈઓને ખુશખબર

# નાયલોન ચૂરો

તદ્દન નવો અધિક કરકસર યુકત-શુદ્ધ ચરબી વગરનો સર્વોપયોગી
નાયલોન ચૂરો (ટીનોપોલ મિશ્રિત પ્લાસ્ટીકની થેલીમાં વાપરો!)

## આ ઉપરાંત

ગેરેન્ટીડ ચરબી રહિત શુદ્ધ તેલમાંથી બનાવેલી નં. ૫૨૫ સ્પેશ્યલ-બાર સોપ તથા ટુકડા, ગોટા-ગોટી સ્પેશ્યલ ચીપ્સ નં. ૧ વાપરો!

## ન્યુ ઈરા સોપ વર્કસ

હાથીબાગ, લવલેન, મુંબઇ—૧૦
તથા C/o. ટેલીફોન નં. ૭૨૭૪૦

# વેરાયેલાં પુષ્પો

સં૦ શ્રી રમણુલાલ ભોગીલાલ પારેખ

જેમ જેમ આત્મામાં ગુણુ પ્રગટ થતા જાય છે તેમ તેમ યોગ્યતા વધતી જાય.

દુનિયામાં દોષ હોય કે ન હોય પણુ આજે આપણી આંખમાં તો દોષ છે જ.

પૂન્ય સામગ્રીને ઓળખીએ નહિ ત્યાંસુધી આદર આવે નહિ. જેટલો આદર તેટલી કમાણી.

ભગવાન શ્રી ઋષભદેવના કાળમાં જે સંઘ ન કાઢે તે અભાગીયો ગણાતો!

તે ભગવાનના આંતરામાં ૬ કોટાકોટી સંઘો શ્રી શત્રુંજય તીર્થે આવેલા છે.

સાધુ તે જ બની શકે કે જે છ કાયના કુટાને છોડી શકે.

નમસ્કાર મહામંત્રમાં સાધુનું સ્થાન છે, શ્રાવકનું નહિ. કારણુ કે તે પરમેષ્ઠી નથી.

ભગવાનની આજ્ઞાના મર્મને પામી, ભાવ આજ્ઞાને સામે રાખીને દ્રવ્યપૂજા કરવી તે ભાવ-પૂજાને પામવાનો માર્ગ છે.

આત્માના ગુણો પ્રગટ કરવામાં ઉત્તમોત્તમ આલંબન છે. શ્રી જિનેશ્વર દેવ તેમજ તેમની મૂર્તિ.

સાધુતા અને સાધુનો વેષ એ બે વસ્તુ જુદી છે.

વીતરાગ પાસે વીતરાગતાની માંગણી કરવાને બદલે રાગને વધારનારી ચીજ માંગો નહિ.

મનુષ્યમાં જો ધર્મકળા ન હોય તો તે રાક્ષસથી પણુ ભૂંડો છે.

આયુષ્ય ઘટી જવાના સંખ્યાબંધ દાખલા જોવા-જાણુવા છતાં સંસાર પરથી વૈરાગ્ય કેમ નથી આવતો ?

દુઃખસ્વરૂપ, દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક એવા સંસાર ઉપર વૈરાગ્ય ન આવે તો શું રાગ થાય ?

સંસારનાં સુખો ખારા પાણી જેવાં છે, ખારું પાણી ગમે તેટલું પીવાં છતાં તૃપ્તિ થતી નથી તેમ સંસારના સુખો ગમે તેટલા ભોગવવાં છતાં તૃપ્તિ થતી નથી. પણ જેમ ખારૂં પાણી અનેક જાતનાં દર્દો ઉભાં કરે છે તેમ આ પણ અનેક દુઃખો આપે છે.

આત્માને સ્પર્શતું તત્ત્વજ્ઞાન-એ છે લગામ મનની અને ઇંદ્રિયોની.

ધર્માચારને પ્રધાનતા આપે તે જૈન, લોકાચારને પ્રધાનતા આપે તે જન.

જ્ઞાન અને ક્રિયાની પાંખે ઉડનારો હોય તે જૈન.

ત્યાગવૃત્તિ પૂર્વકની ઉદારતા એ દાન.

ઇન્દ્રિયોનો સંયમ છે માર્ગ સદ્દગતિનો, ઇંદ્રિયોનો અસંયમ છે માર્ગ દુર્ગતિનો.

સહન કરે તે વીર, અને ગુસ્સો કરે તે કાયર (બાયલો)

મનુષ્યજન્મ સંસારમાં ભટકવા માટે નથી જન્મ-મરણુનું પૂર્ણુ વિરામ કરવા માટે છે.

પરલોકનો વિચાર ગયો પછી આસ્તિકતા કયાં રહી?

ધર્મી જીવોને જ ઉપસર્ગ અને કસોટી આવે.

ભોગૈષણા જડ છે સંસારની અને રસ્તો છે દુર્ગતિનો.

મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર, ઉન્માર્ગ-દેશના વગેરે પુત્રો છે ભોગૈષણાના.

# મધપૂડો

શ્રી મધુકર

'કલ્યાણ' માં અવાર-નવાર પ્રસિદ્ધ થતા આ વિભાગમાં હળવું અને જાણવા જેવું વાંચન અનેક સ્થળોયેથી ઉધ્ધૃત કરીને અહિં રજૂ થાય છે,

*

## સુભાષિત

**आशाया ये दासा ते दासा सकलजीवलोकस्य ।**
**आशा येषां दासी तेषां दासायते लोकः ॥ १ ॥**

આશા-તૃષ્ણાના જેઓ દાસ છે, તે સમસ્ત સંસારમાં ડગલે ને પગલે બધાયના દાસ બને છે. પણ આશાને જે સ્વાધીન રાખે છે, તૃષ્ણા પર જેઓ જય મેળવે છે, તેમની સેવામાં લોકો રહે છે. લોક તેમની સેવા કરે છે.

⊙

## નવું વર્ષ બનજો નવાયુગનું વહાણું !

ન સૈન્યો ન શસ્ત્રો ન ખટપટ ન ખૂનો
ન રોગી ન ભોગી ન કજીયા ન કાઝી
કરી લુપ્ત આખો યે સંસાર જૂનો
ભૂલી જૂના યુગનું જૂનું ઉધરાણું
નવું વર્ષ બનજો નવા યુગનું વહાણું. ૧
વસુધામાં પાંગરજો અમૃતનાં વહેણો
ને કિલ્લોલતો રહેજો સહુ જીવ મેળો,
ન શોષિત ન શોષક ન બંદૂક ન બેડી
ન માલિક ન દાસો ન કુબો ન મહેલો
નવું રોપતું ધરતીમાં દેવટાણું
નવું વર્ષ બનજો નવા યુગનું વહાણું ૨

—**શ્રી કરશનદાસ માણેક**

⊙

## સુવર્ણ રેણુ.

**રા**જકારણમાં સત્ય કહેનાર ખત્તાં ખાય, સત્તા ન પામે !

**મ**હત્તા સમર્પણમાં છે, સંચયમાં નહિ.

**બે** વસ્તુઓ મનુષ્યના વિકાસપંથમાં અવરોધક શિલા સમી છે, વિજયનો ગર્વ અને પરાજયનો ડંખ !

**મ**ન જ્યારે મેલું હોય છે, ત્યારે મુખમાંથી સત્ય નીકળતું નથી.

**પા**રકાને પોતાનો કરવાનો રાજમાર્ગ એક જ નિઃસ્વાર્થ પ્રેમ.

**ત**મારામાં ઉદ્દ્ભવતા વિચારો વિષે તમે કદિ વિચાર કર્યો ? જે અન્યને ખુશ કરીને જીવનની ધતિ-

---

**સુખીઆ સાધુ, દુઃખીયા સંસારી.**

**ભોગ છે સંસારનો માર્ગ.**

**યોગ છે મોક્ષનો માર્ગ.**

**ગુસ્સાનો સાચો પ્રભાવ નથી પડતો, પડે છે સંયમનો.**

**ઉત્તમ કલા, ઉત્તમ શીલ અને ઉત્તમ સંયોગો પામવા છતાં જો હું દુર્ગતિમાં જાઉં તો મારા તે કુલ, તે શીલ અને તે સંજોગોને લાંછન લાગે.**

**જિનનો સેવક કોઈ દાન લેવા આવે ત્યારે તે ચીજ સંતાડે નહિ.**

**સંતોષ અને ત્યાગવૃત્તિ એ છે સુખનાં સાધનો.**

⊙

કર્તવ્યતા માને છે, તે કદિ કોઇને સાત્વિક વસ્તુ આપી શકે નહિ.

નારીને અજોડ રૂપ મળે, મસ્તીભર્યું યૌવન મળે તેથી એ પૂર્ણ બની જતી નથી. પણ જો તેને સંયમ અને સંસ્કારિતા ન મળે તો એનું રૂપ અને યૌવન અભિશાપરૂપ બની જાય છે.

ભય આવે છે, ત્યારે માનવી મોટે ભાગે ગારા જેવો બની જાય છે, ભયની સામે લોખંડની દિવાલ જેવા ઉભા રહેવાની તાકાત તો કોઇકમાં જ હોય છે.

માનવી ધારે છે શું ને બને છે શું? અણધાર્યું બનવું એનું નામ જીંદગી! કોઇનાં સ્વપ્નો, કોઇની આશાઓ કે કોઇની કલ્પનાઓ એકધારી સફલ બનતી નથી.

મનના બાંધેલા માર્ગો કોઇના પૂરા થયા છે? મનની આગ કદિ ઠરી શકતી નથી, જેમ જેમ તેને ઠારવા જઇએ છીએ પણ જો સાવધાની ન હોય તો તે વધારે જોશથી જલે છે.

વિદ્યા મળે છે બુદ્ધિ તથા પુરૂષાર્થથી; ફળે છે વિનય તથા સંસ્કારિતાથી.

(સંગૃહીત)

⊙

## મનન મણકા

મુશ્કેલીમાં મિત્રની ખરી કસોટી થાય.
હીરો સંઘાડે ચઢે. તો જ તે પરખાય.
ખાય ન ખરચે શુદ્ધ મને, ચોર સબ લઈ જાય,
પાછળથી મધમાખ જેમ, હાથ ઘસી પસ્તાય.
માખી મંકોડો મૂર્ખ નર, મધલાળે મરંત,
ભ્રમર ભોરિંગ સુઘડનર, સમજી દુર ખસંત.

⊙

## આજની કટાક્ષિકા :

શ્રીમંતોનાં ચરણોમાં માથું પડે છે.
ગરીબોનાં માથામાં ચરણો પડે છે!

દિવસને આંખો હોય છે, ને રાત્રિને કાન.

કીર્તિ આવે છે, ત્યારે સ્મૃતિ અદ્દશ્ય થઇ જાય છે.

જે પોતાની આંખ ખુલ્લી નથી રાખતો તેણે પોતાની કોથળી ખુલ્લી રાખવી જ પડે.

નવો એક ડોકટર ને દશ નવા દર્દી,
ગરજ સરે મતદાર વૈરી,
ખાદી ને ગાદી ભેગા મળે ત્યારે બરબાદી.

⊙

## અ વ ન વા

શરીરના બધા સ્નાયુઓ કરતાં આંખના સ્નાયુઓને સૌથી વધારે કસરત મળે છે.

દિવસમાં આંખ સ્નાયુઓને ૧ લાખવાર હલાવે છે.

નાડીના ધબકારા જન્મ વખતે ૧૩૦ થી ૧૪૦ હોય છે, અને ૬૦ વર્ષ પછી ૭૫ થી ૮૫ હોય છે, ને તે દરમ્યાન તંદુરસ્ત માણસની નાડીના ધબકારા ૮૦ હોય છે.

વાઘ ફકત એશીયા ખંડમાં જ થાય છે. તેનું આયુષ્ય ૨૦–૨૫ વર્ષનું હોય છે.

મારવાડમાં રાણકપુરજી તીર્થનો ત્રૈલોકયદીપક ધરણવિહાર ધરણાશાહે પંદરક્રોડ રૂા. ખર્ચીને બંધાવ્યો છે.

રશીયાના પાટનગર મોસ્કોમાં ૫૭૩૬ પુસ્તકાલયો છે. અને તેમાં ૬ ક્રોડ અને ૪૦ લાખ પુસ્તકો છે. જે દુનિયાના કોઇપણ શહેરના પુસ્તકસંગ્રહ કરતાં વધારે છે.

કલકત્તા ખાતે આવેલા ભારતના રાષ્ટ્રીય પુસ્તકાલયમાં ૭ લાખ પુસ્તકો છે.

જગતમાં લખાતી અને બોલાતી ભાષાઓની સંખ્યા લગભગ ૫ હજાર જેટલી છે.

પ્રથમ વિશ્વયુદ્ધમાં (કૈયસરના યુધ્ધમાં) બધાં રાષ્ટ્રોના મલી ૭૪૫૩૨૦૦ મનુષ્યો માર્યા ગયા હતા, ને કુલ ખર્ચ ૧૮૬૦૦૦૦૦૦૦૦૦ પૌંડનું થયું હતું.

મનુષ્ય રોજ ૨૧૬૦૦ શ્વાસ લે છે.

મનુષ્યના ફેફસાં રોજ ૪૩૭ ઘન ફુટ હવા ભરે છે.

ચક્રવર્તીને જે નવનિધાનો હોય છે તેનાં નામ આ પ્રમાણે છે : (૧) નૈસર્પ (૨) પાંડુક (૩) પિંગલક (૪) સર્વરત્ન (૫) મહાપદ્મ (૬) કાલ (૭) મહાકાલ (૮) માણવક (૯) શંખ.

ભારતમાં જેને લોકસભા કહેવામાં આવે છે, તેને ઈંગ્લેંડમાં પાર્લામેન્ટ કહે છે. અમેરિકામાં કોંગ્રેસ, ફ્રાંસમાં ચેમ્બર ઓફ ડેપ્યુટીઝ, રશીયામાં ડુમા, જાપાનમાં ડાએટ, ઇટલીમાં સેનેટ, ઇરાનમાં મજલીસ તરીકે ઓળખાય છે.

ચોખાની પેદાશમાં સૌથી પ્રથમસ્થાન ચીનનું છે.

ફીલીપાઇન્સ ટાપુઓ પાસે સમદ્રની ઉંડાઇ ૬॥ માઇલની છે.

ઈરાનના ગાલીચા અને કાશ્મીરનું પશ્મીના નામનું ગરમ કાપડ દુનિયામાં શ્રેષ્ઠ ગણાય છે.

મેક્સિકોમાં ફૂલો દિવસમાં ત્રણ વખત રંગ બદલે છે.

કોડ નામની માછલી એકી વખતે ૫૦ લાખ ઈંડા મૂકે છે.

વિશ્વમાં ૧૯૫૫ની સાલમાં ચોવીશ હજાર ગ્રંથકૃતિઓનો બીજી ભાષાઓમાં અનુવાદ થયો હતો, તેમાં વધુમાં વ ટોલ્સ્ટોયની કૃતિઓ અનુવાદિત થઇ છે. તત્ત્વજ્ઞાનના પુસ્તકોના અનુવાદોમાં અમેરિકાનો અને વિજ્ઞાનના પુસ્તકોમાં પોલેંડનો નંબર પહેલો આવે છે.

આફ્રિકાના સહરાના રણમાં વર્ષો સુધી વરસાદ વરસતો નથી.

હીરાની સૌથી મોટી ખાણ આફ્રીકામાં 'પ્રીમિયર ડાયમન્ડ માઇન' નામની છે.

અમેરિકા દેશ આજે ઓળખાતી દુનિયાની મૂડીનો ૨૦ ટકા ભાગ ધરાવે છે.

ધોળા હાથી બ્રહ્મદેશ અને સિયામમાંજ થાય છે.

દુનિયાની સૌથી મોટી જેલ રશિયામાં મોસ્કોની બુબિયાની છે. જ્યાં ૮૦ હજાર કેદીઓને રહેવાની વ્યવસ્થા છે.

બ્રિટનનાં પુસ્તકાલયમાં જગતનું સૌથી ભારે પુસ્તક બાઇબલ છે. તેનું વજન ૭ મણ છે.

દુનિયાનો સૌથી મોટો મહેલ વેટીકન છે, જે રોમમાં છે, ને ત્યાં ખ્રીસ્તીઓના ધર્મગુરુ પોપ રહે છે.

જગતમાં સૌથી મોંઘી વસ્તુ રેડીયમ છે, જેની એક રતલની કિં. બે ક્રોડ ૮૦ લાખ રૂા. થાય છે.

ગુલાબનું એક ઔંસ અત્તર બનાવવા ૮૭૫ શેર ગુલાબના ફૂલ જોઇએ.

અમેરિકામાં લગભગ ૬ ક્રોડ ટેલીફોન, અને ૧૪ ક્રોડ રેડીઆઓ, અને ૪ ક્રોડ ટેલીવીઝન સેટ છે.

સ્વિઝર્લેન્ડ અને ઇટલી વચ્ચે સિંટલન બુગદો ૧૨ માઇલ ૪૫૦ વાર લાંબો છે. તે જગતમાં લાંબામાં લાંબો બુગદો છે.

અમેરિકાની કોંગ્રેસના પુસ્તકાલયમાં એક અત્યંત નાની કદની પુસ્તિકા છે. એનું કદ એક ઈંચના વીસમા ભાગનું છે. તેને અગીયાર પાના છે, એનું છાપકામ ખૂબ ઝીણું છે. તેમાં ભગવાન પ્રત્યેની પ્રાર્થના છે.

(સંગ્રહીત)

## ચ મ કા રા

### વ્યંગકારનો કરૂણ ઉપહાસ

બર્નાર્ડ શૉ વ્યંગકાર તરીકે પ્રસિધ્ધ છે. એકવાર શૉ અમેરિકા તરફ ખૂબ ચીડાયેલા અને તેમણે અમેરિકાની ખૂબ ઝાટકણી કાઢેલી. આથી અમેરિકાના લોકો એટલા બધા ખીજાયા કે દરેક છાપાઓએ મોટા અગ્રલેખો લખ્યા, તે વેળા એક છાપાના તંત્રી બિલકુલ ચૂપ રહેલા. એક વર્ષ બાદ બર્નાર્ડશૉ પોતાની પત્ની સાથે અમેરિકાના પ્રવાસે આવ્યા. તેમના આગમન વખતે પેલા તંત્રીએ સમાચાર છાપ્યા; 'શ્રીમતી બર્નાર્ડ શૉ અમેરિકા પધાર્યાં છે' બીજે દિવસે એક લાંબો લેખ તેણે છાપ્યો, 'તેમાં શ્રીમતી બર્નાર્ડશૉ કોણ છે? કયા પોષાકમાં આવ્યા છે? કયાં ગયા છે? કેવી રીતે ગયા? કોની સાથે વાતચિત કરી? ઇત્યાદિ બાબતો વિસ્તારપૂર્વક લખી, અને આ લખાણના છેક છેલ્લા ભાગમાં એક નાનું

સરખું વાક્ય લખ્યું : 'શ્રીમતી શોની સાથે તેમના પતિ પણ હતા, તેઓ લેખો લખીને પોતાનો જીવન-નિર્વાહ કરે છે.'

⊙

## હું તંત્રી છું, મુદ્રક નથી.

ઉર્દુ સાહિત્યના પ્રસિદ્ધ સાક્ષર દયાનારાયણ નિગમ કાનપુરથી 'જમાના' માસિક પ્રસિદ્ધ કરતા હતા. આ માસિક ખૂબ લોકપ્રિય બનેલું. મુન્શી દયાનારાયણ સાચું કહેતા સંકોચ રાખતા નહિ. માસિકનું ધોરણ ઉંચું રાખવા માટે તેઓ મોટા મોટા લેખકોની રચનાઓમાં પણ સુધારો કરતાં ખચકાતા નહિ, એકવાર એક પ્રસિદ્ધ લેખકે પોતાના લેખમાં સુધારો કરવા બદલ રોષ ઠાલવતો એક પત્ર મુન્શીજી પર લખ્યો. મુન્શી નિગમે જવાબમાં સાફ લખી નાંખ્યુ; 'હું મારા માસિકનો તંત્રી છું. માસિકનું ધોરણ ઉંચું રાખવા માટે લેખમાં ફેરફાર કરવાનો મને અધિકાર છે. હું મુદ્રક નથી કે કેવલ ટાઇપોના બીબા ગોઠવી દઉં, તો પછી મારી અને કંપોઝીટરની વચ્ચે તફાવત શો?' જેઓ વાત-વાતમાં મારો લેખ અક્ષરે અક્ષર આવવો જોઇએ એમ તંત્રી ઉપર દબાણ લાવે છે, તેઓએ આ હકીકત સમજવા જેવી છે.

⊙

## પોષ્ટ ટીકીટો કે પોપરમોંટ

ક્યુબાની અગાઉની સરકારે એકવાર જ્યારે પોષ્ટની ટીકીટો નવી બહાર પડી હતી. ત્યારે એનું વેચાણ વધારવા નવી યુકિત અજમાવી હતી, આ ટીકીટોની પાછળ ગુંદર લગાડવાને બદલે પીપરમેંટ જેવો સરસ બીન નુકશાનકારક સ્વાદવાળો મીઠો પદાર્થ લગાડયો હતો. આ ટીકીટોને સુગંધિત પણ બનાવવામાં આવેલ હતી. આ ટીકીટો પ્રજામાં તથા બાળકોમાં એકદમ લોકપ્રિય બની ગઇ હતી. ઘણા બાળકો ખીસ્સા ખર્ચીના પૈસાથી આવી ટીકીટો ખરીદી પીપરમીંટની જેમ તેને ચૂસતા હતા. સામાન્ય મીઠી ટીકડીઓ કરતાં આ ટીકીટો ચાટવાનું વધુ પસંદ કરતા હતા.

ભારત સરકારે પણ પૈસા કમાવવા માટે આ નુસખો અજમાવવા જેવો છે.

## અમેરિકાના પ્રમુખની ચુંટણી અને બંધારણ

અમેરિકામાં તાજેતરમાં ડેમોક્રેટીક પક્ષના જોન કેનેડી ચૂંટાઇ આવ્યા છે, અમેરિકાના બંધારણ મુજબ પ્રમુખની ચૂંટણી દર ચાર વર્ષે થાય છે. કોઇ એક જ વ્યકિત વધુમાં વધુ બે વખત એકી સાથે પ્રમુખ બની શકે. એથી વધુ વખત આપણા ભારતની જેમ ન રહી શકે. ત્યાં પ્રમુખના પ્રભુત્વવાળી લોકશાહી છે. ત્યાં પ્રધાનમંડળની સત્તા કરતાં પ્રમુખની સત્તા જ સર્વોપરિ છે. નોંધપાત્ર હકીકત એ છે કે, અમેરિકાની કારભાર ચલાવતી સેનેટ કે પ્રતિનિધિ સભામાં પ્રમુખ બીજા પક્ષનો હોય અને બહુમતિ પક્ષ બીજો પણ હોય છતાં વહિવટ સરલ રીતે ચાલે છે. કારણ કે પ્રમુખને તો સીધા લોકો જ ચૂંટી કાઢે છે. આઇઝનહોવરનાં તંત્રમાં અત્યારે પ્રમુખ પોતે રીપબ્લીકન પક્ષના છે. જ્યારે અમેરિકાની સેનેટ (રાજસભા) અને પ્રતિનિધિ સભા (લોકસભા) માં ૧૯૧૯ ના છેલ્લા આંકડા મુજબ સેનેટના સો સભ્યોમાંથી ૬૫ ડેમોક્રેટીક પક્ષના અને ૩૫ રીપબ્લીકન પક્ષના સભ્યો છે. પ્રતિનિધિસભામાં કુલ ૪૩૭ સભ્યો છે. તેમાંથી ૨૮૪ ડેમોક્રેટીકના અને ૧૫૩ રીપબ્લીકન પક્ષના છે. છતાં મહત્ત્વની બાબતોમાં તો ઉપલી કે નીચલી સભા કોઇ પણ બીલને નામંજુર કરે તો પ્રમુખ પોતાનો વિટોપાવર વાપરી શકે. બીજું; ત્યાં જે પક્ષમાંથી જે સભ્ય ચૂંટાઇને આવે એટલે તે પક્ષના પુતળા થઇને આંગળી ઊંચી કરવાની નહિ કે પક્ષની શિસ્તના નામે તે મતદાર વિભાગની ન્યાયી વ્યાજબી માંગણીની ઉપેક્ષા કરવાની નહિ. ચૂંટાયેલો સભ્ય કોઇપણ પક્ષની ટીકીટ ઉપર ચૂંટાઇ આવે પણ પોતાને જે યોગ્ય લાગે તે રીતે સેનેટ કે પ્રતિનિધિ સભામાં પોતાના મતદાર મંડળને વફાદાર રીતે મત આપી શકે. ભારતનાં બંધારણમાં આવી કોઇ જોગવાઇ નથી. અહિં તો પક્ષીય શિસ્ત એજ મોટું દુષણ બન્યું છે. જે કોઇ વખતે જે મતદાર મંડળમાંથી ચૂંટાઇને તે સભ્ય આવ્યો હોય તેને પણ ગુંગળાવી નાંખે છે.

# પ્રાર્થનાનું પરિબળ અને સહાનુભૂતિનો સાદ.

ડો. એમ. ડી. દેસાઈ–સુપ્રી. વી. એસ. હોસ્પીટલ–અમદાવાદ.

આપણી અશરણ દશાનો એકરાર અને પ્રભુની સર્વ શક્તિ પ્રત્યે સમર્પણ–શ્રધ્ધાભાવ, એ છે પ્રાર્થનાનું રહસ્ય: આવી પ્રાર્થના ન્હાના બાળકને પણ કેવી શક્તિ તથા નિર્ભયતા, હિમ્મત તેમજ સાત્વિકતા સમર્પે છે, એ હકીકત અમદાવાદ–વાડીલાલ સારાભાઇ હોસ્પીટાલના સુપ્રી. ડો. એમ. ડી. દેસાઈ પોતાના ઓપરેશન થીએટરમાંના કેટલાક યાદગાર અનુભવો રજુ કરતા અહિં આલેખે છે; સાથે ડોકટરોમાં કેવી હમમર્દી દર્દી તથા દર્દીના કુટુંબીજનો પ્રત્યે હોવી આવશ્યક છે? તે હકીકત પણ પોતાના બીજા અનુભવમાં તેઓ રજુ કરે છે. ડોકટરોમાં રહેલી સહાનુભૂતિ એ દર્દી તથા દર્દીઓના અંગત સ્નેહીઓમાં કેટ–કેટલી રાહત આપે છે, ને ડોકટરોની બેપરવાઇ દર્દીઓને તથા તેના કુટુંબીઓને કેટલી વેદના જન્માવે છે? તે આ લેખમાં આપણને એક પીઢ અનુભવી તથા સંવેદનશીલ ડોકટરની આપવીતી દ્વારા જાણવા મળે છે. આ લેખ 'આકાશવાણી'નાં સૌજન્યથી અહિં રજુ થાય છે.

⊙

એ દિવસે ઓપરેશનોનું લીસ્ટ બહુ લાંબુ હતું. હું એક ઓપરેશન પુરૂં કરી બીજા દરદીની રાહ જોતો થીએટરમાં ઉભો હતો.

અચાનક થીએટરની બહાર કોલાહલ સંભળાયો. બારણું ઉઘાડી જોયું તો દર્દી એક ૧૦–૧૨ વરસની નાની દેખાવડી છોકરી સ્ટ્રેચર ઉપર બેઠી થઇ જઇ બૂમાબૂમ કરતી હતી. 'મારે ઓપરેશન નથી કરાવવું ઓપરેશન નથી કરાવવું ઓ બા, મને ઘેર લઈ જા, હું મરી જઇશ રે....' એનાં સગાં વ્હાલાઓએ એને માંડ માંડ નાસી છૂટતી અટકાવી રાખી હતી. હોસ્પિટલમાં સામાન્ય નિયમ એવો હોય છે કે સગાંવ્હાલાઓને ઓપરેશન થીએટરમાં દાખલ કરવામાં આવતાં નથી. આથી ફકત છોકરીને જેમતેમ મા-બાપથી છૂટી પાડી અંદર લેવામાં આવી અને થીએટરનું બારણું બંધ કર્યું.

થીએટરનું વાતાવરણ છોકરી માટે નવું હતું. એક મોટા ઓરડામાં માંડ ચાર માણસો અને તે પણ સફેદ લાંબા ઝભ્ભાવાળા એટલે ભરબપોરે લાઈટના પ્રકાશમાં ઓળાઓ જેવા લાગે. મ્હોં-માથા ઉપરના પહેરવેશને લઇને, ન તો કોઈનું મ્હોં દેખાય, ન કોઈ સ્ત્રી કે પુરુષ છે તેની ઓળખાણ પડે. આવું વાતાવરણ ભલભલાને ભયભીત કરી દે ત્યાં તો બિચારી નાજુક નાની માંદલી છોકરી હતી, એણે સાંભળ્યું હતું કે, 'ઓપરેશન વખતે તો દવા સુંઘાડતાં ગુંગળાવી નાંખે છે. એણે સાંભળ્યું હતું કે, અંદર તો મોટા મોટા ચીપીઆ, ચપ્પુ ને કાતર વડે પેટ ચીરવામાં આવે છે. એણે એમ પણ સાંભળ્યું હશે કે ઓપરેશનમાં તો ઘણાં મરી પણ જાય છે.'

એટલે અંદર આવતાંની સાથે એ છોકરીએ તો ભારે તોફાન મચાવી ચીસાચીસ કરવા માંડી અને ટેબલ ઉપર નહિ સૂઇ જવાની હઠ લઈ બેઠી.

મારા માટે આવા પ્રસંગો નવા ન હતા. મોટી ઉમરના માણસોને પણ થીએટરના ટેબલ ઉપરથી કૂદી, નાસી જતા જોયા છે. શાંત, હિંમતવાન દેખાતા દરદીઓને પણ છેક છેલ્લી ઘડીએ દવા સુંઘતી વખતે, ઓપરેશન કરાવવાનો વિચાર

પડતો મૂકતા જોયા છે. ઓપરેશન એટલે મૃત્યુની ભેટ, કોને ખબર પાછા જીવતા નીકળાશે કે કેમ ! સાક્ષાત્ મૃત્યુને સ્વીકારતાં કોણ ગભરાયું નથી ?

આ છોકરીને પણ મૃત્યુનો ભય પેઠો હતો એટલે તોફાને ચઢી હતી. એને બળજબરીથી, બધાએ મળી, ઉંચકીને ટેબલ ઉપર સૂવાડી, હાથ પગ દબાવી શાંત કરી દીધી અને દવા સુંઘાડવાની શરૂઆત કરી. એકાએક છોકરીએ જોરથી માગણી કરી, મારે દાકતરને મળવું છે. કોણ મને કાપવાના છે ?

હું પાસે ગયો. છોકરીને છુટી કરવાનું કહ્યું એ એકદમ ટેબલ ઉપર બેઠી થઇ ગઈ અને ગભરાતે ચહેરે આમતેમ જોવા લાગી.

'શું છે બ્હેન ?' મેં પૂછ્યું, અને એના વાંસા ઉપર હાથ ફેરવ્યો. તમે મને મારી તો નહિ નાંખો ને ? હું મરી તો નહિ જાઉં ને ? મને દુઃખશે તો નહિ ને ? એણે પૂછ્યું, હજી એ એટલી જ બેબાકળી હતી, એના સાદમાં પણ બીક ભરી હતી.

મેં એને આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો. પણ એની બહુ અસર થતી દેખાઈ નહિ. એ મારૂં કહેવું સાંભળતી હતી કે કેમ એની પણ શંક હતી. છતાં થોડીવાર પછી બોલી ઉઠી. 'તમારે ઓપરેશન કરવું જ છે ને ? ઉભા રહો મને પ્રાથના કરી લેવ દો.'

આટલું કહેતા તો તેણે બેઠાં બેઠાં જ આંખો બંધ કરી દીધી બે હાથ જોડયા અને ગણગણવા લાગી. માંડ અડધી મિનિટ થઇ હશે ત્યાં તેણે આંખ ઉઘાડી. એના કોમળ મુખ ઉપર સ્મિત ફરકવા લાગ્યા, આંખ શાંત હતી એ સ્વસ્થ થઇ ગઈ હતી.

'હાશ હવે હું છું અને મારો પરમેશ્વર, તમારે જે કરવું હોય તે કરો' કહી ટેબલ ઉપર તે જાતે સુઈ ગઇ અને શાંત ચિત્તે જેમ કહીએ તેમ કરવા લાગી, એને હવે ઓપરેશનનો ડર રહ્યો ન હતો, એ હવે મૃત્યુથી ગભરાતી ન હતી એને એના પરમેશ્વરનો સથવારો મળી ગયો હતો. એ હવે બેબાકળી રહી ન હતી, બલ્કે પ્રસન્ન ચિત્ત હતી.

અમે બધા પણ થોડી વાર તો જોઇ રહ્યા. માંડ અડધી મિનિટની પ્રાર્થનામાં આ છોકરીએ જે માનસિક બળ મેળવી લીધું હતું તે અમારે માટે પણ આશ્ચર્યજનક હતું.

આ વાતને તો ઘણા વર્ષો વીતી ગયાં. મે એને મારા મનમાં એટલા માટે સંઘરી રાખી છે કે આ છોકરીએ મને શ્રદ્ધાના બળનો પ્રત્યક્ષ પાઠ શીખવ્યો હતો. કહો કે મારામાં પરમેશ્વર વિષેની શ્રદ્ધા જન્માવી હતી. આજે પણ જ્યારે દાકતરી વિદ્યાને બુઠ્ઠી નીવડતી જોઉં છું, ત્યારે આ શ્રદ્ધાનો આશરો કોઇ નવી જ શકિતનો સંચાર કરે છે એમ અનુભવું છું.

આવી જ રીતે એક બીજો પ્રસંગ પણ હું હંમેશ યાદ રાખવા પ્રયત્ન કરૂં છુ.

ઓપરેશનનો દિવસ હતો. ઓપરેશન થીએટરમાં આજે સરજનને પણ આઘા-પાછા થવાની જગ્યા રહી ન હતી. કારણ જે ને તે ઓપરેશન જોવા ભેગા થયા હતા. હૃદયનું ઓપરેશન હતું. આવું ઓપરેશન આ હોસ્પીટલમાં પહેલવહેલું જ થતું હતું. આખું થીએટર દાકતર-નર્સોથી ચિક્કાર હતું. છતાં વાતાવરણમાં ગજબની શાંતિ હતી. પાસે ઉભેલાનો શ્વાસ પણ સાંભળી શકાતો પણ બધાનો જીવ ઉંચે હતો. શું થશે ? ટેબલ ઉપર જ, દરદીનું મૃત્યુ તો હાર્ટ-ફેઇલથી નહિ થાય ને ? ઉંડે ઉંડે આ ડર બધાને હતો. ઓપરેશન ચાલતું ગયું તેમ તેમ વાતાવરણ વધુ અને વધુ ક્ષુબ્ધ થવા લાગ્યું. એક કલાક, બે કલાક, ત્રીજો કલાક પૂરો થવા આવ્યો. વચ્ચે-વચ્ચે નિયમિત અંતરે દરદીની નાડી અને

લાઉડસ્પીકરના સમાચાર અપાતા જતા હતા તે સિવાય બીજો અવાજ ભાગ્યે જ સાંભળવા મળતો હતો. આખરે સરજનનો 'હાશ Thank-God' નો અવાજ આવ્યો ઓપરેશન હેમખેમ પાર પડયું હતું. દરદીની સ્થિતિ સારી હતી. થીએટરનું વાતાવરણ જે અત્યાર સુધી તંગ હતું તેમાં એકદમ જીવ આવ્યો. શાંતિ તો બાજુએ રહી, લગભગ ઘોંઘાટ મચી રહ્યો.

(૨)

સર્જન હું હતો. એક અઘરૂં ઓપરેશન પાર પાડવાનો યશ મને મળવાનો હતો. એવે વખતે આનંદ થાય એ સ્વાભાવિક છે. આનંદ સાથે, આવું ઓપરેશન આ વિભાગમાં મેં જ પહેલ વહેલું કર્યું-નો ગર્વ પણ હતો. આનંદ સંતોષ-ગર્વના સ્થિતિમાં હું બહાર નીકળ્યો. ઓપરેશનમાં મોડું થઇ ગયું હતું એટલે જ બીજે પહોંચવાની ઉતાવળ હતી. લીફટ દૂર હતી રસ્તામાં કોઇ બ્હેને કંઈ પૂછયું એવું લાગ્યું પરંતુ જવાબ આપવાની જરૂર નહિ લાગી. એવામાં થીએટરની પાસે પડેલા એક બાંકડા પાસે સંખ્યાબંધ બીડીનાં ઠુંઠા વેરાયેલા જોયાં. પાસે જ કચરો નાંખવાનો ડબ્બો હતો છતાં તેમાં નહિ નાંખતાં રસ્તામાં ગમેતેમ ઠુંઠા ફેંકી હોસ્પીટલ જેવી હોસ્પીટલને ગંદી કરી મૂકનાર ઉપર ક્રોધ આવ્યો અને મારી હોસ્પીટલના સુપરિન્ટેન્ડન્ટ તરીકેની ફરજ યાદ આવી, હું ભૂલી ગયો કે મારે બીજે જલ્દી જવાનું હતું. હું ઉભો રહ્યો, બીડી પીધી હતી તેને ખખડાવ્યો તેની પાસે ઠુંઠા ઉપડાવી ડબ્બામાં નંખાવ્યા અને હોસ્પીટલમાં સ્વચ્છતાની જરૂરિયાત ઉપર ભાષણ ઠોકી, સુપરિન્ટેન્ડન્ટ તરીકે મારી ફરજ અદા કર્યા બદલ આત્મ-સંતોષ અનુભવ્યો.

લીફટમાં પહોંચતાં જ એક મિત્ર મળ્યા, એમણે આ બધું જોયું, સાંભળ્યું હતુ. મારી પાસેથી. ઓપરેશન કેવું અઘરૂં હતું, કેવું સરસ પાર પડયું, કેટલાં બધાં જોવા આવ્યા હતા વગેરે સાંભળ્યા પછી, લીફટની બહાર નીકળી મને ઉભો રાખી, કહેવા લાગ્યા.

'દાકતર, આવું અઘરૂં ઓપરેશન આટલી સુંદર રીતે પાર પાડવા માટે અભિનંદન ખૂબ-ખૂબ અભિનંદન. પણ તમે સરજન લોકો ઇન્સાનને ભૂલી જાઓ છો એ સમજાતું નથી. આટલું કહી એ અવાક્ થઈ ગયા. એના મ્હોં ઉપરનો ખેદ વાંચી શકાતો હતો.

મને એનું કારણ નહિ સમજાયું. એ મિત્ર હતા, વિશેષમાં બુઝર્ગ હતા. એને માટે મને માન હતું. મેં ખુલાસો કરવા વિનંતિ કરી એમની વાત એમના જ શબ્દોમાં કહું.

'હું કામે આવ્યો હતો. ઓપરેશન થીએટર બહાર બાંકડા પાસે ઉભો હતો, બાંકડા ઉપર એક ભાઇ અને એક બહેન બેઠાં હતાં. આધેડ વયના હશે. ગામડાના લાગતા હતા. થોડીવાર થાય એટલે અંદર અંદર ઘુસપુસ કરે અને પાછા શાંત થઈ જાય. મ્હોં ઉપર ગભરાટ દેખાતો હતો એટલે મેં પૂછપરછ કરી. તેમણે જણાવ્યું કે, અત્યારે એમના એકના એક દીકરાનું ઓપરેશન ચાલે છે અને ઘણો વખત થઈ ગયો પણ કંઇ સમજાતું નથી એટલે અધીરાં થયાં છે.' મેં હોસ્પીટાલ સારી છે, દાકતર હોંશિયાર છે, બધાં સારા વાના થશે, કહી આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો ત્યાં તો બાઈએ રડવા માંડયું. ભાઇ પણ રડવા જેવા થઇ રહ્યા પણ આંસુ છૂપાવવા, ગજવામાંથી બીડી કાઢી, સળગાવી, હું ખબર કાઢી લાવવા ઓપરેશન ચાલતું હતું ત્યાં ગયો. ઓપરેશન લાંબુ ચાલશે એવા સમાચાર મળ્યા એટલે એટલા સમાચાર પેલાં મા-બાપને આપી, ધીરજ રાખવા કહી, હું મારે કામે ગયો.

અહીં તો એક કલાક, દોઢ કલાક, બે કલાક વીત્યા. અંદર શું ચાલે છે તેની ખબર નહિ પડે; દીકરો મરે છે કે જીવે છે તેની પણ શંકા પડવા લાગી. બાઇએ, પતિને પરાણે ખબર

કાઢવા મોકલ્યો તો દરવાજા પાસેની નર્સની ગાળો અને નોકરોના ધક્કા ખાઈ પાછો આવ્યો. કોઈએ એમ પણ નહિ કહ્યું કે 'તારો દીકરો જીવે છે.' બાપે તો આંટા મારીને બીડી ફુંકીને વખત કાઢયો પણ માનો જીવ અને તેમાં પાછો એકનો એક દીકરો. ત્રણ કલાક થવા આવ્યા એટલે એનાથી નહિ રહેવાયું. એ થીએટર તરફ દોડી. એજ વખતે તમે બહાર નીકળ્યા. તમને, એના લાડકવાયાના સમાચાર પૂછયા. પણ તમને ક્યાં એના તરફ નજર નાંખવાની પણ પુરસદ હતી? ઉલટું તમે તો, એના લાડકવાયાના બાપને બીડીના ઠુંઠા માટે ધમકાવવા લાગ્યા, એ બિચારા પાસે એ ઠુંઠાં ઉચકાવ્યા અને ચાલી નીકળ્યા.

જે મા-બાપ તમને પરમેશ્વર તુલ્ય ગણી એકનો એક દીકરો શ્રદ્ધાપૂર્વક મારવા કે જીવાડવા સોંપી દે તેની પાસે એક બે આશ્વાસનના શબ્દોની પણ આશા નહિ રખાય, એ તંત્ર કેવું? તમે ફક્ત બે શબ્દો ચાલતાં ચાલતાં પણ બોલ્યા હોત કે 'બ્હેન તમારો દીકરો સારો છે, તું ગભરાઈશ નહિ.' તો મને ખાત્રી છે એ બન્ને મા ને બાપ તમારા પગમાં પડયાં હોત! ખેર જેવું તમારૂં ભણતર, તમે આથી મોટા ઓપરેશન કરતા રહો અને યશ કમાતા રહો. મારાથી નહિ રહેવાયું એટલે બોલાઈ ગયું. માફ કરજો.' કહી એ મિત્ર ચાલી નીકળ્યા.

આજે પણ જ્યારે હું એ દિવસનો વિચાર કરૂં છું ત્યારે પસ્તાવો થાય છે. લોકો અમારા ભણતરને દોષ દે છે પણ નવું કે જુનું કયું ભણતર એવું શીખવે છે કે દાકતરે દયા, પ્રેમ, હમદર્દી માણસાઈને પાંસે નહિ આવવા દેવાં?

આ પ્રસંગ પછી, હું નથી ભૂલી જઈ શકતો કે ઓપરેશન થિએટરમાં દરદી ઉપર જેમ ઓપરેશન ચાલી રહ્યું છે તેમ બહાર પણ સગાંવ્હાલાં ઉપર બીજું ઓપરેશન થઈ રહ્યું છે. બંનેને કાળજીની જરૂર છે. બંનેને કાળજીની જરૂર છે, બંનેને સહાનુભૂતિ જોઈએ છે. એમાંએ બહારનાંને વિશેષ જરૂર છે કારણ કે તેમને દરદીની માફક બેભાન બનાવવામાં નથી આવતાં!


## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

'પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે, જૈનશાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ તથા**
**,, ઝવેરભાઇ ગોવીંદ**
**ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—પાલીતાણા**

## જીર્ણોદ્ધારમાં સહાય કરો!

**કારવણ** (મીંયાગામ) દેરાસરનાં જીર્ણોધ્ધારનું કામ લગભગ પાંત્રીસથી ચાલીશ હજારનું છે. જે કામ હાલ ઝડપથી ચાલી રહ્યું છે. તો આ કાર્યમાં શ્રી સંઘો, દેરાસરજીના ટ્રસ્ટીઓ તેમજ સદ્‌ગૃહસ્થોએ સારી રકમ આપી લાભ લેવા વિનંતી છે. પૂ. શ્રમણ સમુદાયને આ જીર્ણોદ્ધારના કાર્યમાં યોગ્ય ઉપદેશ આપવા વિનંતિ છે.

**રૂા. ૨૫૧) આપનાર દાતાનું નામ તખ્તી ઉપર લખવામાં આવશે.**

મદદ મોકલવાનું સ્થળ :—

**શેઠ કલ્યાણચંદ ધરમચંદની પેઢી**
વાયા-મીંયાગામ મું : કારવણ

# સ્યાદ્વાદની મહત્તા

પૂજ્ય મુનિરાજ
શ્રી ધર્મગુપ્તવિજયજી મ.

⊙

જૈનદર્શને જગતને સુંદર તત્ત્વજ્ઞાનની ભેટ ધરી છે. તેમાં સ્યાદ્વાદ સિદ્ધાંત તેનો મહામૂલ્ય અને અતિ ઉપકારક સિદ્ધાંત છે. તે સ્યાદ્વાદ સિદ્ધાંતની મહત્તા તથા તેની ઉપયોગિતાને વ્યવહાર તથા શાસ્ત્રીય દલીલોદ્વારા પૂ. મહારાજશ્રી અહિં સમજાવે છે. જે સ્યાદ્વાદને સમજવા માટે માર્ગદર્શકરૂપ છે. ભાષા સરલ ને શૈલી લોકભોગ્ય છે.

સ્યાદ્વાદ શબ્દ જેટલો જૈનસમાજમાં પ્રચલિત છે. તેટલો જૈનેતર સમાજમાં નથી. જૈનસમાજમાં નાનાં બાળકોને પણ અવરનવર ધર્મગુરુઓ દ્વારા વ્યાખ્યાનમાં તે શબ્દ સાંભળવા મળે છે. છતાં દવાનું નામ સાંભળવાથી જેમ રોગ જતો નથી, તેમ કેવળ શબ્દ સાંભળવા માત્રથી વસ્તુનો બોધ કે રહસ્ય સમજાઈ જતું નથી. તેને માટે ધર્મગુરુઓની ઉપાસના કરવી પડે છે. તેમની પાસે રહી વિધિપૂર્વક તેનું અધ્યયન કરવું પડે છે. ત્યારે જ કોઈ જીવને સ્યાદ્વાદનું જ્ઞાન અને તેનું રહસ્ય સમજાય છે.

આજે જૈનસમાજમાં સ્યાદ્વાદના જ્ઞાતા જીવો છે પણ થોડા છે. તેને જાણવાની રુચિ ધરાવનારની પણ સંખ્યા થોડી છે. તો પછી જૈનેતર સમાજમાં તો શું બહુ આશા રાખવી ? પણ આનંદનો વિષય છે કે આજે કોઈ કોઈ વ્યક્તિઓ જૈનેતરસમાજમાં પણ સ્યાદ્વાદનું જ્ઞાન ધરાવે છે. અને એને જાણવાની રુચિવાળા પણ જીવો છે.

ખ્યાલ એ રાખવાનો છે કે સ્યાદ્વાદના બોધની સાથે તેનો પોતાના જીવનમાં ઉપયોગ કરવો અને તે દ્વારા આત્માની ઉત્ક્રાન્તિને સાધવી એ તો ઘણું દુષ્કર છે. છતાં જીવન સાથે તેનો સુમેળ સધાય અને કેવળ ચર્ચામાં કે વાણીમાં તે ન રહે તેની સાવધાની જોઈએ. હવે પ્રસ્તુત વિષય ઉપર આવીએ—

સ્યાદ્વાદમાં 'સ્યાત્' અને 'વાદ' એ બે શબ્દો છે. તેમાં સ્યાત્ શબ્દ પારિભાષિક છે. જ્યારે 'વાદ' શબ્દ પરિચિત છે. પારિભાષિક શબ્દની વ્યાખ્યા કરવી જોઈએ, સ્યાત્ એટલે અપેક્ષાએ કથંચિત્ અને વાદ એટલે કથન કરવું. એટલે અપેક્ષાએ વસ્તુનું કથન કરવું તે સ્યાદ્વાદ છે.

વ્યવહાર તો માણસ જાણે કે અજાણે અપેક્ષાવાદથી (સ્યાદ્વાદથી) કરે છે. છતાં તેનું જ્ઞાન ન હોવાથી કોઈ કોઈવાર માણસ ખોટા આગ્રહમાં તણાઈ મોટા ઝગડાનું રૂપ ધારણ કરે છે.

વસ્તુમાત્રમાં અનેક ધર્મો રહેલા છે. જ્યારે માણસને તેમાંથી કોઈ વિવક્ષિત એક ધર્મની જરૂર પડે છે ત્યારે તે ધર્મની અપેક્ષાએ જ વાત કરે છે. તેનો અર્થ એ નથી કે તે વિવક્ષિત વસ્તુમાં બીજા ધર્મોનું અસ્તિત્વ નથી. પણ જો પોતાને ઈષ્ટ અંશમાં જ (ધર્મમાં જ) આગ્રહ પકડાઈ જાય અને તે સિવાય તે વિવક્ષિત—વસ્તુમાં બીજા ધર્મો અસત્ છે એમ કથન કરવા લાગી જાય તો બીજા ધર્મોની અપેક્ષા ન રહેતાં વસ્તુસ્વરૂપ જ અસત્ બની જાય. કારણ કે વસ્તુ અનેક સાપેક્ષ ધર્મોથી સમન્વિત છે, જ્યારે બીજા ધર્મોથી નિરપેક્ષ બની પોતાના ઈષ્ટ અંશમાં એકાંત પકડી બેસે ત્યાં વસ્તુ પૂર્ણ રૂપે શી રીતે રહી શકે? જેમ, એક પુરુષ છે. તેમાં અનેક ધર્મો રહેલા છે. જેવા કે– પિતાપણું, કાકાપણું, મામાપણું, પતિપણું, માસ્તરપણું, અધિકારીપણું, વગેરે. છતાં કોઈ વ્યક્તિ એકાંત આગ્રહમાં પડી બોલે કે 'આ માણસમાં તો પિતાપણું જ છે અને આમ તે કાકાપણું,

પતિપણું, માસ્તરપણું વગેરે ધર્મોનો અપલાપ કરવા લાગી જાય તો વ્યવહારમાં સમજુમાં તેની અણુતરી ન થાય. કારણ કે માણસમાં જેમ પિતૃત્વ ધર્મ છે, તે તેના પુત્રની અપેક્ષાએ છે, તેમ માણસમાં કાકાપણું, પતિપણું, માસ્તરપણું વગેરે ધર્મો પણ તે તે વ્યકિતની અપેક્ષા રહેલા જ છે તેનો અપલાપ કેમ થાય ? આમ આગ્રહમાં પડી અમુક જ ધર્મોને સ્વીકારવા અને બીજા સત્ ધર્મોનો અપલાપ–તિરસ્કાર કરવો તે ન્યાયયુકત ન ગણાય. આમ સ્યાદ્વાદ સિધ્ધાંત (અપેક્ષાવાદ) વસ્તુને ભિન્નભિન્ન દૃષ્ટિએ, ભિન્ન–ભિન્ન અપેક્ષાથી વિચારવા અને કથન કરવા પ્રેરે છે.

સાંખ્ય, બૌદ્ધ વગેરે દર્શનકારો પણ આમ અપેક્ષાવાદને ભૂલ્યા તો એકાંત આગ્રહમાં તણાયા અને આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્યમાની બેઠા. પણ સાથે એ વિચાર ન કર્યો કે એકાંત નિત્ય આત્માને માનીશું તો બંધ–મોક્ષ વગેરે આત્મામાં કેવી રીતે ઘટશે ? તેમ એકાંત અનિત્ય માનીશું તો પણ બંધ, મોક્ષ, પાપ, પુણ્યનું કર્તૃત્વ, ભોકતૃત્વ વગેરે આત્મામાં કેવી રીતે સંગત થશે ? અને આત્માની સંસારી ભિન્નભિન્ન અવસ્થાઓ તો પ્રત્યક્ષ ઉપલબ્ધ થાય છે, તેનો અપલાપ કેમ થઈ શકે ? કંઇ આ જગત દેખાય છે તે કાલ્પનિક સ્વપ્ન નથી, પણ નક્કર વસ્તુસ્થિતિ છે.

શાસ્ત્રમાં વેદાંતીને એક ઉકિત (વચન) મલી કે 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' એ ઉકિતનો એવો અર્થ કરવામાં આવ્યો કે, 'બ્રહ્મ જ સત્ય છે. બાકી દૃશ્યમાન જગત મિથ્યા–ખોટું છે.' પરંતુ તેનો પરમાર્થ ન વિચાર્યો. જો સ્યાદ્વાદની શૈલીએ વિચાર્યું હોત તો બ્રહ્મ સત્ય છે એનો અર્થ એ નથી કે બ્રહ્મ (આત્મા) સિવાય બીજા જડતત્ત્વો નથી જ. પણ જીવની આત્મા તરફ દૃષ્ટિ જાય અને જીવનમાં તેને જ પ્રાધાન્ય અપાય અને તેની જ ઉપાસનામાં જીવ લાગી જાય અને બીજા જડ મોહક પદાર્થો તરફ જીવ ન ખેંચાતા વૈરાગ્ય તરફ વળે એ દૃષ્ટિએ ઉપરનું વેદ વચન બોલાયેલું છે. પણ બ્રહ્મ સિવાય બીજું કંઇ જગતમાં છે જ નહિ એવું બોલવું ન્યાયયુકત ન ગણાય. અરે ! પ્રત્યક્ષ ઉપલબ્ધ જગતનો અપલાપ કોણ કરી શકે ? શાસ્ત્રોમાં વાકયો ભિન્નભિન્ન અપેક્ષાઓથી, ભિન્નભિન્ન નયની દૃષ્ટિએ લખાયેલાં હોય છે. તેથી તેને તે તે અપેક્ષાથી અને તે તે નયની દૃષ્ટિએ વિચારવા પ્રયત્ન કરવામાં આવે તો એકાંત આગ્રહમાં ન પડાય.

શાસ્ત્રોમાં તેવું જ વ્યવહારમાં પણ છે ભિન્નભિન્ન વ્યકિતઓ જે ભિન્નભિન્ન વચન પ્રયોગ કરે છે. તે અમુક અમુક અપેક્ષાએ કરાયેલો હોય છે, તેને જો આપણે સમજી શકીએ તો કોઈનો પણ વિરોધ કરવાનું બને નહિ. પણ આ અપેક્ષાની દૃષ્ટિ નથી હોતી એટલે આપણા વિચારોથી કોઇ વ્યકિત વિરૂદ્ધ વિચારો દર્શાવે છે એટલે તરત જ આપણે તેનો વિરોધ કરીએ છીએ. એથી કલેશ અને અશાંતિ વધે છે.

જ્યારે વીતરાગ સર્વજ્ઞનું શાસન સ્યાદ્વાદ સિધ્ધાંત પર રચાયેલું હોવાથી વસ્તુતત્વને સંપૂર્ણ ન્યાય આપે છે. તે વસ્તુને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય નહિ કહેતા એક વિલક્ષણ નિત્યાનિત્ય સ્વરૂપવાળી કહે છે. એટલે કંઈ નિત્ય અને અનિત્યનો સરવાળો એ નિત્યાનિત્યત્વ નથી પણ એક એકાંત નિત્યથી કે એકાંત અનિત્યથી વિલક્ષણ સ્વરૂપવાળી વસ્તુ છે. તે નિત્યાનિત્ય સ્વરૂપવાળી વસ્તુને એક તદ્દન વ્યવહારુ દૃષ્ટાંત દ્વારા જોઈશું તો સમજવામાં સુગમ બનશે.

દા. ત. દાળ અને ચોખા તેને જુદાજુદા રાંધ્યા અને બીજી બાજુ તે બંનેને ભેગા કરી ખીચડી બનાવી. હવે વિચારો કે બંને ભોજનમાં દાળ–ભાત તો છે. ફકત એકમાં જુદાજુદા છે, જ્યારે ખીચડીમાં બંને એકમેક છે. બંનેમાં દાળ ભાત સમાન હોવા છતાં વૈદ્ય, ડોકટરો દરદીને

ખીચડી ખાવાની મનાઇ કરી દાળભાત ખાવાની ભલામણ કરે છે. ત્યાં ખીચડીમાં એવી વિશેષતા જુદાજુદા દાળભાત કરતાં આવી જાય છે કે જેથી વૈદ્ય, ડૉકટર તેનો નિષેધ કરે છે એટલે સૂચવે છે કે દાળભાત અને તેના ગુણ ધર્મો જુદા અને તેના મિશ્રણથી થયેલ ખીચડી અને તેના ગુણધર્મો જુદા. તદ્દન વિલક્ષણ છે. જો આ વસ્તુસ્થિતિ ન હોય તો દરદી ખીચડી ખાય તો પણ સરખી છે અને દાળભાત ખાય તો પણ સરખું છે. છતાં તેમ કરવા જાય તો ખીચડી પચવામાં ભારે પડે અને તેથી અપચો થઈ રોગ વધે છે. માટે તે દરદી ખીચડી ન ખાતાં દાળભાત જ ખાય છે.

એવું જ ડૉકટરની દવામાં છે. ડૉકટર જુદી જુદી દવાઓ ન આપતાં બધાનું મિક્ષ્ચર બરાબર કરીને જ દરદીને આપે છે. ઉપલક દૃષ્ટિએ લાગે કે જુદીજુદી દવામાં જે રોગનાશકતા વગેરે ગુણ ધર્મો રહેલા છે, તે જ મિક્ષ્ચરમાં આવવાના છે. ડૉકટર નકામી દવાઓને ભેગી કરી ખરલમાં લસોટી આપે છે. પણ ડૉકટર સમજે છે કે આ દવાઓને ખરલમાં ઘસી એકમેક થઈ એક વિલક્ષણ મિક્ષ્ચર મિશ્રણ બને તોજ આ દરદીનો રોગ જાય. તેથીજ તે ડૉકટર મિક્ષ્ચર બનાવી દરદીને આપે છે.

તેવુંજ દૃષ્ટાંત સૂંઠ અને ગોળનું છે. જુદા જુદા સૂંઠ અને ગોળ અનુક્રમે વાયુનો અને પીત્તનો નાશ કરે છે. સાથેજ દોષોને પણ ઉત્પન્ન કરે છે. સૂંઠ પાછી એકલી પીત્ત દોષને ઉત્પન્ન કરે છે અને ગોળ એકલો કફ દોષને ઉત્પન્ન કરે છે. જ્યારે તે બંન્નેનું મિશ્રણ કરી વાપરવામાં આવે તો વાયુ અને કફનો નાશ પણ કરે છે અને દોષો નવા ઉત્પન્ન થતા નથી. એ સૂચવે છે કે જુદા જુદા સૂંઠ અને ગોળનું કાર્ય જુદું અને તે બંનેથી બનેલા એક વિલક્ષણ મિશ્રણનું કાર્ય જુદું. જો બંને એકજ હોય તો આમ કાર્યોમાં ભિન્નતા ન આવે.

એવુંજ આત્માના નિત્યાનિત્યત્વ માટે છે. એકલું નિત્ય સ્વરૂપ જુદું અને એકલું અનિત્ય સ્વરૂપ જુદું અને તેથી નિત્યાનિત્ય સ્વરૂપ તદ્દન જુદું છે.

જૈનમતે આત્માને નિત્ય માન્યો છે. પણ પરિણામી નિત્ય નહિ તેમજ કૂટસ્થ નિત્ય (સદા એકજ અવસ્થા) નહિ. પરિણામી નિત્ય હોવાથી તે ભિન્ન ભિન્ન અવસ્થાઓને-આકારોને પામવા છતાં પોતાનું મૂળ સ્વરૂપ ત્યજતો નથી. જેમ મનુષ્યાકારે રહેલો આત્મા દેવરૂપે ઉત્પન્ન થાય છે. દેવાકારે નષ્ટ થઈ પશુના આકારે ઉત્પન્ન થાય છે. આમ સંસારમાં ૮૪ લાખ યોનિમાં ભિન્ન ભિન્ન આકારે ઉત્પન્ન થવા છતાં પોતાનું આત્મસ્વરૂપ કદાપિ ત્યજતો નથી. અને પરિણામી આત્માને માનીએ તોજ બંધ-મોક્ષની, કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરેની વ્યવસ્થા ટકી શકે છે. કૂટસ્થ નિત્ય આત્માને તો બંધ શો અને મોક્ષ શો ? કર્તૃત્વ શું અને ભોક્તૃત્વ શું ? માટે સાંખ્યના મતે આ બધી વ્યવસ્થા ટકી શકતી નથી.

એમ આત્મા એકાંતે અનિત્ય પણ નથી. ભલે ભિન્ન ભિન્ન અવસ્થારૂપે નષ્ટ થતો રહે છતાં કંઈ આત્માના બધા જ ધર્મોનો નાશ થઈ જતો નથી. અંશે (પર્યાય) નષ્ટ થવા માત્રથી વસ્તુ સર્વથા અભાવરૂપે બની જતી નથી. દા. ત. ઘડો ફૂટી ગયો. એટલે શું સર્વથા તેનો જગતમાં અભાવ થઇ ગયો ? ના, માત્ર ઘટાકાર રૂપે જ તે નષ્ટ થયો છે પણ મૃત્તિકાદિરૂપે તો તે કાયમ જ છે. આમ વસ્તુ માત્ર પર્યાયાર્થિક નયથી કથંચિત્ અનિત્ય છે અને દ્રવ્યાર્થિકનયથી વસ્તુ કથંચિત્ નિત્ય છે. પણ વસ્તુ કોઇ સર્વથા નષ્ટ થતી નથી, તેનું સર્વથા અસ્તિત્વ ઉડી જતું નથી. તેમજ તદ્દન અપૂર્વ અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી.

જૈન મતમાં વસ્તુને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સમજવા માટે નયોનાં જ્ઞાન માટે ખૂબ ખૂબ

આર આપવામાં આવ્યો છે. નયોના જ્ઞાન વગર વસ્તુમાં રહેલા ભિન્ન ભિન્ન સાપેક્ષ ધર્મોનું જ્ઞાન થઈ શકતું નથી.

દા. ત. વસ્તુમાં રહેલા અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મો માટે વિચારીએ તો અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મોમાં પરસ્પર અવિનાભાવ–એકબીજા વગર ન રહેવાપણું છે. જેમ કે, 'છગનલાલ ધનવાન છે' અને છગનલાલ ધનવાન નથી. આ 'છે' અને 'નથી' તે અપેક્ષાથી બોલાયેલું છે. કેમ કે છગનલાલ ધનવાન છે તે મગનભાઈની અપેક્ષા છે. કારણ કે હજાર રૂપીયાવાળા મગનભાઈ કરતાં લાખ રૂપીયાળા છગનભાઇ ધનવાન કહેવાય. પણ તેજ છગનભાઇ કરોડપતિ ચિનુભાઇની અપેક્ષાએ ધનવાન ન કહેવાય., આમ વસ્તુનો વ્યવહાર અપેક્ષાવાદથી થાય છે.

એમ આત્મામાં અસ્તિત્વ ધર્મ છે તે સ્વ–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી છે પણ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી નથી. એટલે વસ્તુમાત્ર સ્વસ્વરૂપે સત્ છે પણ પરરૂપે અસત્ છે. પણ સર્વથા વસ્તુ છે જ, અને સર્વથા વસ્તુ નથી જ એમ ન કહેવાય. જો એમ કહેવા જઇએ તો પ્રથમપક્ષે (વસ્તુ છે જ) બધી વસ્તુઓનું ઐક્ય થઈ જાય. ઘટ જેમ સ્વદ્રવ્ય ક્ષેત્ર-કાળ ભાવથી સત્ છે તેમ જો પટના પણ દ્રવ્યાદિ ૪ થી સત્ હોય તો ઘટ પણ પટ બની જાય. એમ જગતની બધી જ વસ્તુઓનું ઐક્ય થઈ જવાથી જગતનો અબાધિત વ્યવહાર ન ચાલી શકે. અને સર્વથા વસ્તુને અસત્ કહેવાથી જગતશૂન્યતાની આપત્તિ આવે. કારણ કે સ્વરૂપે જ વસ્તુ અસત્ બની જવાથી બાકી શું રહ્યું જગતમાં?

આમ વસ્તુમાં રહેલા ભિન્ન ભિન્ન સાપેક્ષ ધર્મોની અપેક્ષા નથી રાખતા તો અનેક આપત્તિઓ આવે છે. આ સ્યાદ્વાદ સિદ્ધાંતને જાણ્યા વગર વસ્તુ સ્વરૂપનો ચોક્કસ નિર્ણય નથી થતો તેથી સાધ્ય માટે ડામાડોળ સ્થિતિ રહે છે. શું ઉપાદેય કે શું હેય છે? તેનો પણ ચોક્કસ નિર્ણય થઈ શકે નહિ. તેથી પરમપદની પ્રાપ્તિ માટે ચોક્કસ ઉપાયો હાથમાં ન આવવાથી સાધકને સાધ્યની સિદ્ધિમાં અનેક વિઘ્નો આવે છે. અને વસ્તુતત્ત્વના ચોક્કસ નિર્ણય વગર ગમે તેટલા કષ્ટ અનુષ્ઠાનો કરવા છતાં સાધ્યની સિદ્ધિ થતી નથી.

આમ સ્યાદ્વાદનું જ્ઞાન આત્મવિકાસની પ્રાપ્તિમાં અનન્ય સાધન અને વસ્તુતત્ત્વનો નિર્ણય કરવા માટે અત્યંત આવશ્યક છે, માટે બુદ્ધિમાન મનુષ્યોએ તેના જ્ઞાતા પાસે તેનું જ્ઞાન મેળવવા ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. અને ગંભીરતાથી તેના ઉપર વિચાર કરવો જોઇશે, કારણ કે શ્રી જિનવચનો અતિગંભીર અને સ્યાદ્વાદ–ગર્ભિત હોઈ તેના પરમાર્થને અલ્પ જીવો જ પામી શકે છે.

જો કે આ મારો લેખન વિષયક પ્રયાસ આ દિશામાં પ્રથમ જ હોવાથી ક્ષતિઓ થવા સંભવ છે. માટે આ વિષયના જ્ઞાતા વિદ્વાનો આ લેખને વાંચી મારી ક્ષતિઓને બતાવશે તો હું તેમનો અંતઃકરણથી આભાર માનીશ. મેં મારી યથા-મતિ પ્રયત્ન કર્યો છે. શિષ્ટ પુરુષોનું વચન છે કે 'शुभे यथाशक्ति यतनीयं' એ ઉક્તિના આધારે મેં પણ પૂ. ગુરુદેવોની કૃપાથી જે કંઈ યત્ કિંચિત્ બોધ થયો છે તેના આધારે કેવળ બાળ જીવોના ઉપકારને માટે જ આ પ્રયત્ન કર્યો છે. અંતે પૂ. પુરુષોના શબ્દોમાં હું કહીશ કે–

स्याद्वादाय नमस्तस्मै, यं विना सकला क्रिया ।
लोकद्वितयभाविन्यो, नैव सांगत्यमिश्रति ॥

ભાવાર્થ–તે સ્યાદ્વાદને નમસ્કાર થાઓ કે જેના વિના આલોક અને પરલોકમાં થનારી સકલ ક્રિયાઓ સંગતિને પામતી નથી.

# આપણે આજે ફરી વિચારીએ!

**શ્રી ભાઇલાલભાઈ ડી. પટેલ**

આપણા ભારત દેશમાં પૂર્વકાલીન પ્રજાની સંસ્કૃતિ તથા સંસ્કાર સર્વજનહિતાયના તથા સ્વાર્થત્યાગના હતા. પરસ્પર એક બીજાને પૂરક થઇને વ્યવહાર ચલાવતા હતા. તે સમયે પૈસાને કે કેવળ સ્વાર્થને મહત્ત્વ ન હતું. વર્તમાનકાલની જેમ આધિભૌતિક સાધનોની એટલી બોલ-બાલા નહિ હોવા છતાં તે લોકો કેટ-કેટલા શાંત, સ્વસ્થ, સંતોષી તથા પરોપકારપરાયણ જીવન વ્યતીત કરતાં કે જે સર્વને માટે નિરુપદ્રવી હતું. આજે અણુબોંબ તથા વૈજ્ઞાનિકયુગમાં જેમ જેમ સાધનો વધ્યા તેમ તેમ અસંતોષ, તુચ્છતા, સ્વાર્થાંધતા, તથા કેવલ પેટભરાવૃત્તિ વધતી જ ચાલી છે. પૂર્વકાલનું આમ જીવન કેવું નિરુપદ્રવી, નિઃસ્વાર્થ તથા સરલ અને સંતોષી હતું, તેનું આછું રેખાચિત્ર વલ્લભ વિદ્યાનગરના સંસ્થાપક શ્રી ભાઇલાલભાઇ અહિં જે રજૂ કરે છે, તે સર્વને મનનીય છે. 'વર્તમાનકાલે ભારતમાં પ્રગતિ થઇ રહી છે,' ની બૂમો મારનારાઓને આ લેખ પ્રેરણા આપે છે કે, આપણે ફરી વિચાર કરીએ ! ને આજે આપણે કયાં જઇ રહ્યા છીએ ? તે સમજીએ !

⊙

અમેરિકાની મેલબોર્ન યુનિવર્સિટીના માજી ચાન્સેલર પ્રોફેસર બોરસોદી વલ્લભવિદ્યાનગરમાં થોડા વખત માટે રહેવા આવ્યા હતા. એક દિવસ વાતવાતમાં એમણે કહ્યું કે, 'હિંદ સ્વતંત્ર થયા પછીથી એ પોતાની સારી ચીજો જરૂર અપનાવી લેશે અને એને ઉત્તેજન આપશે એમ હું માનતો હતો. અહીં હિંદમાં આવ્યા પછીથી હું જોઉં છું કે હિંદ ગાંધીજીને ભૂલી રહ્યું છે અને અમેરિકાનું અનુકરણ ઘણી જ ઝડપથી કરી રહ્યું છે.'

હિંદ પાસે એની સંયુકત કુટુંબ પ્રણાલિકા હતી. સંયુકત કુટુંબમાં અનાથ બાળકો જેવી ચીજ જ નહોતી. મા, બાપ કે બંને ગુજરી જાય, છતાં પણ બાળકો સારી રીતે ઉછરતાં, એમને ભણાવવાની અગર તો ધંધે લગાડવાની વ્યવસ્થા થતી. કુટુંબના માણસો એમને પરણાવતાં અને એમનું નાવ સારી રીતે ચાલે એવી વ્યવસ્થા કરતાં.

વૃદ્ધો માટે ઘરમાં માનભર્યું સ્થાન રહેતું. વૃદ્ધો પણ નવરાં તો નહોતાં જ બેસી રહેતાં. સ્ત્રીઓ અને પુરુષો શકિત પ્રમાણે, તબિયત સારી હોય તો જીવતાં લગી, કંઇક ને કંઇક કામ તો કરતાં જ. સૌથી વિશેષ તો એ હકીકત હતી કે, જુવાન વહુવારુ કે બહેન-દીકરી સામે કોઈ અણછાજતી છૂટ લઈ શકતું નહિ. વૃદ્ધોની નજર બધે જ ફરતી અને ઘરની વહુ-દીકરીઓની સલામતી સચવાતી. જુવાન પુરુષો નિરાંતે એમનો ધંધો કરી શકતા.

સંયુકત કુટુંબ પ્રથામાં જુદાજુદા સ્વભાવ પ્રમાણે કંઈક મનદુઃખ થતું, પણ એકબીજાને નભાવી લેવાનું અને કામથી તથા પૈસાથી ઘસાઈ છૂટવાનું પણ શિક્ષણ મળતું. આવા ઘસાઈ છૂટવા માટે જે ત્યાગ કરવો પડે, તે એક પ્રકારના વીમાનું પ્રિમિયમ હતું. જુવાનીમાં મા અગર બાપ ગુજરી જાય તો એનાં છોકરાંઓની સંભાળ લેવાનો તેમ જ ઘરડાંઓની ઘડ-

પણમાં ચાકરી થવાની જ છે એનો પણ આ પ્રથાએ વીમો ઉતરાવ્યો હતો.

છોકરાં પ્રેમભર્યા વાતાવરણમાં ઉછરતાં હતાં. નાનપણથી જ બધાં સાથે રમતાં તથા મોટાં થયે સાથે ભણતાં હોવાથી દાક્ષિણ્યતા કેળવાતી હતી. છોકરાંઓને ભણતર સાથે ઘરની કેળવણી ગામના બીજા લોકો જોડેના વર્તનમાં કામ લાગતી હતી.

પશ્ચિમની સહકારી હિલચાલ અને હિંદનાં સંયુકત કુટુંબોમાં આ એક મહત્ત્વનો ફરક હતો. સહકારી સોસાયટીઓ પોતાના સભ્યોના જ ઉત્કર્ષ માટે કામ કરે છે. સંયુકત કુટુંબ-વ્યવસ્થાની સહકારભાવના બીજાઓને મદદ કરવા માટે ત્યાગની ટેવ પાડતી.

અત્યારે પશ્ચિમમાં અને ખાસ કરીને અમેરિકામાં બાળકો બીજાઓની દેખરેખ તળે મોટાં થાય છે. મા અને બાપ બંને આખો દિવસ કામમાં જ હોય છે. એક એક મિનિટની ત્યાં કિંમત છે. જીવનધોરણ ઊંચું રાખવાની અને નિભાવવાની ચિંતા હર મિનિટે રાખવી પડે છે. કામમાંથી પરવાર્યાં પછીથી આમોદપ્રમોદ માટે પણ દોડાદોડી તો ખરી જ. ઘરમાં રસોઇ કરવાની પણ ફુરસદ નથી હોતી. ખાસ કરીને બપોરનું ખાણું તો બહાર ગમે તે હોટેલમાં લેવાનું જ હોય છે. ત્યાં પણ ધણીધણિયાણી તેમ જ છોકરાંઓ જુદેજુદે સ્થળે જમી લે છે.

માબાપ, છોકરાં અને ભાઈભાંડુ વચ્ચે હિંદમાં સંયુકત કુટુંબમાં જે ઘનિષ્ઠ સંબંધ હતો તેવો આજે અમેરિકામાં નથી. ત્યાં દ્રવ્ય ખૂબ વધ્યું છે. આમોદપ્રમોદની ચીજોમાં ખૂબ વધારો થયો છે. દર ત્રણ માણસે એક નાની કે મોટી મોટરગાડી મળી રહે છે. છોકરાંને ઉછેરવાની વ્યવસ્થા હોય છે. એમની દેખભાળ બહુ સારી રીતે રખાય છે. મોટા થતા ભણવાની વ્યવસ્થા પણ બહુ જ સુંદર થઈ રહેલી છે. આમ છતાંય ત્યાં બાળકોને માબાપનો પ્રેમ નથી. પરિણામે આખી પ્રજા ઉચ્છૃંખલતા તરફ જઇ રહી છે. સ્વતંત્રતાનું સ્થાન સ્વચ્છંદતામાં આવતું જાય છે. આ એક હકીકત છે.

બીજી બાજુ પતિપત્નીનો અરસપરસ એક બીજામાં વિશ્વાસ ઘટતો જાય છે. લગ્ને એક ધંધાદારી ભાગીદારીનું સ્વરૂપ લીધું છે અગર લેતું જાય છે. 'આઈ શેલ નોટ બી ફેઇથલેસ ટુ ધી' અગર 'अहं त्वां न वंचयिष्यामि' અગર તો 'नाहं परतरं गच्छेत्' એ બધી ભૂતકાળની વાતો બનતી જાય છે અને હિંદમાં પણ એવું જ બનશે એમ અત્યારે તો દેખાય છે.

હિંદમાં વિદ્વાનો છે, વિચારકો છે, ગાંધીજીના અંતેવાસીઓ છે, છતાંય આ જુની જે સારી ચીજો છે તેને અપનાવી લેવાની કેમ કોઇ વાત કરતું નથી? ભૌતિક ચીજો પાછળ અત્યારે તો અહીં પણ હિંદના નેતાઓ આંધળી દોટ મૂકી રહ્યા છે. ખરૂં સુખ ભૌતિક ચીજોની વિપુલતામાં નથી, પણ સંતોષમાં જ છે, એ વાત તેઓ કેમ ભૂલી જાય છે? ભૌતિક ચીજોની વિપુલતામાં જો સુખ હોત તો અમેરિકામાં ગાંડાઓની આટલી મોટી સંખ્યા ન વધી હોત.

હિંદની સેંકડો વરસોની સંસ્કૃતિ તરફ નજર કરો. જુની દુનિયાની અનેક મહાપ્રજાઓનું જ્યારે નામનિશાન રહ્યું નથી, ત્યારે હિંદની હિંદુ પ્રજા હજી પણ જીવંત છે; એનાં કારણોની ખોજ કરો. હિંદુઓ આક્રમક ન હોવા છતાં સ્વરક્ષણ માટે અતિબહાદુરીથી લડવા છતાં તે પોતાનું રક્ષણ સારી રીતે ન કરી શકતા એ વાત પણ સાચી જ છે. દરેક પરદેશી ચડાઇઓ વખતે વહેલેમોડે એમને હારની નામોશી જ મળી છે, એ વાત પણ સાચી છે. છતાંય હિંદુઓ રબ્બરના દડાની માફક પડી પડીને પણ પાછા ઉછળ્યા છે, એ વાત પણ એટલી જ સાચી છે.

એટલે અત્યારે તો હિંદના નેતાઓએ એક જ વાતનો વિચાર કરવાનો છે કે, હિંદમાં એવું શું હતું કે જેણે આવી તાકાત હિંદુઓને આપી હતી ? અને એવી કઇ ત્રુટિઓ હતી કે જેથી એ પોતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ જતા હતા? જે સારું હતું તેને રાખો, તેને વિકસાવો અને ત્રુટિઓનો ત્યાગ કરો. પશ્ચિમનું સારૂં જરૂર લો. પણ તમારૂં સારું હોય તેનો ત્યાગ ન કરો. પશ્ચિમના ઉકરડાને તમારા દીવાનખાનામાં સ્થાન ન અપાય.

પશ્ચિમ પાસેથી એ ભલે લો. પણ તે તમારી રીતે લો. હિંદના મહાપુરુષોએ મહાન વારસો આપેલો છે. એને ફગાવી દઈને પશ્ચિમના આંધળા અનુકરણથી હિંદ બન્ને ચીજો ગુમાવશે.

જગત અત્યારે હિંદ તરફ મીટ માંડીને જોઇ રહ્યું છે એ એની સંસ્કૃતિને કેવી રીતે સજીવન કરી શકે છે ? હિંદ આમાં જો નિષ્ફળ જશે તો જગતનું ભાવિ વિનાશને માર્ગે છે, એમ દેખાય છે.

એક અમેરિકન વિદ્વાન અને વિચારકના વિચારો હું જે રીતે સમજ્યો છું, તે રીતે અહીં ઉતાર્યા છે. આ બધી વાતો થઇ ત્યારે નાનપણ યાદ આવ્યું, એટલે ઓગણીસમી સદીનો છેવટનો દસકો આંખો આગળ તરી આવ્યો. આજે જ્યારે આપણે 'વિના સહકાર નહિ ઉદ્ધાર'નો મંત્ર પોપટની જેમ પઢી રહ્યા છીએ, ત્યારે આપણો, ખાસ કરીને ગામડાંઓનો સહકાર કેવો હતો અને ગામડાંના જીવનમાં કેવો ઓતપ્રોત હતો તેનું ચિત્ર દૃષ્ટિ સમક્ષ તરી આવે છે.

શિક્ષણક્ષેત્રે મારા વતન સોજીત્રા ગામમાં કાશીએ જઈ ભણી આવેલા એક અંબાશંકર શાસ્ત્રી હતા. એમને ત્યાં દસબાર વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા. ગામના ચારપાંચ વિદ્યાર્થીઓ આવે અને ગામના મુગટેશ્વર મહાદેવની ધર્મશાળામાં એ બધા રહેતા. શાસ્ત્રીજી એમને 'શબ્દરૂપાવલી' 'સમાસચક્ર,' 'અમરકોષ' અને 'લઘુકૌમુદી' સુધીનો અભ્યાસ કરાવે; સાથે સાથે લગ્ન–મરણની ધાર્મિક ક્રિયાઓ પણ શિખવાડે શાસ્ત્રીજી કંઈ ફી લેતા ન હતા; ઘરનું કામકાજ વિદ્યાર્થીઓ કરે અને ભણી કમાતા થયા પછીથી કંઇક ભેટસોગાદ કે રોકડ રકમ એમને મોકલ્યા કરે. જીવ્યા ત્યાં સુધી શાસ્ત્રીજીએ કોઇની પાસે પૈસાની માગણી કરી હોય એમ જાણવામાં નથી; શાસ્ત્રીજીને એક ગાય હતી, જે કોઇએ આપી હતી. સવારે એનું દૂધ દોહીને શાસ્ત્રીજીનાં પત્ની ગાયને મૂકતાં હતાં. ગામમાં લોકો જે રસોઇ કરેલી હોય તેમાંથી જમતાં પહેલાં ગાય અને કુતરાં માટે 'ગોગ્રાસ' અને 'શ્વાનભાગ'રૂપે જુદું કાઢી મૂકતાં અને બપોરના ઘર આંગણે ગાયો આવે તેને ખવરાવતાં. અમુક ઘરોએ અમુક ગાયો આવવા ખાસ ટેવાયેલી હતી. શાસ્ત્રીજીની ગાયને લોકો સારી રીતે પિછાનતા એટલે એને સારી રીતે પૂરતું ખાવાનું મળી રહેતું; અને શાસ્ત્રીજીને દિવસમાં બે વખત પૂરતું દૂધ પણ મળી રહેતું.

વિદ્યાર્થીઓ સવારમાં વહેલા ઉઠી, સીમમાં જઈ કુદરતી હાજતથી પરવારી દાતણપાણી કરી લેતાં અને મહાદેવને કુવેથી પાણી ખેંચી નાહી લેતા; દિવસ ઉગતામાં તો ગામમાં ફરવા નીકળી પડતા અને 'વિદ્યાર્થીના આશીર્વાદ'ના સંબોધને દરેક ઘેર જઈ પહોંચતા. ત્યાં એમને દરરોજ સામાન્ય રીતે ઠરેલા માપનો બાજરીનો લોટ મળતો. વારતહેવારે કે સારામાઠા પ્રસંગે કોઇ કોઈ એમને જમણ યા પાકાં સીધાં પણ આપતા. વિદ્યાર્થીઓને પહેરવાનાં વસ્ત્રો પણ લોકો તરફથી મળી રહેતાં. ગૃહિણીઓ દરરોજ સવારમાં જ્યારે લોટ દળતી ત્યારે સૌથી પ્રથમ એક તાંબડીમાં બ્રાહ્મણ–સરવણને આપવા માટે જુદો લોટ કાઢી રાખવાનો રિવાજ હતો અને ત્યાર-

પછીથી જ બાકીનો લોટ ઘરવપરાશને માટે બીજા વાસણમાં ભરી લેવામાં આવતો. 'સરવણ' એટલે શ્રવણનો અપભ્રંશ થયેલો ગામઠી શબ્દ.

ગામમાં બહારગામથી આવનાર મુસાફરોને ઉતારવા માટે કે આવા વિદ્યાર્થીઓને રહેવા માટે કે લગ્નની જાનોને ઉતરવા માટે અગર કાણુ–મહોકાણુ પ્રસંગે આવનારાંઓને બેસવા જુદી જુદી નાતવાળાઓએ બંધાવેલી સાતઆઠ ધર્મશાળાઓ હતી. આ ધર્મશાળાઓમાં માતાજી કે મહાદેવનું મંદિર રહેતું. એની પૂજા કરવા માટે કોઈ ગોસાંઈ કે બાવો રહેતો. તે મંદિરની પૂજા ઉપરાંત ધર્મશાળાને વાળીઝુડીને સાફ રાખતો. ચોગાન પણ બહુ ચોખ્ખું રાખતો. સાંજના ગામલોકો પોતાને ફાવતી ધર્મશાળામાં બેસવા જાય, ત્યાં ગામગપાટા કે કથાવારતાનું કામ ચાલે. બાવો દરેકને પીવાનું પાણી જોઇતું હોય તો આપે, ચલમ કે હુક્કો પીનાર હોય તો તેની પણ વ્યવસ્થા થતી. દરેક ધર્મશાળામાં એક મોટી પાટ હોય એના ઉપર દિવસના એ બાવો બેસતો તેમ જ રાત્રે તે જ પાટ પર સૂઈ રહેતો. બેસવા આવનારાઓમાંથી કોઈ ને કોઈ એ બાવાને તમાકુ આપે, જે એમને પોતાને માટે તેમ જ સરભરા કરવા માટે આખું વરસ ચાલતી. બાવા કે ગોસાંઈઓ પણ સવારમાં ભિક્ષા માગવા નીકળી પડતા. ગામમાંથી દરેકને જોઈતું મળી રહેતું.

બાવા કે ગોસાંઈને જે વસ્ત્રો જોઇએ તે ગામના મહાજનમાંથી કોઈ ને કોઈ આપી આવે. એમને સંતોષ રહે કે, ઈશ્વરની પૂજા કરીને એ દેહનું કલ્યાણ કરે છે, અને લોકોને સંતોષ રહેતો કે બાવો ધર્મશાળા સાચવે છે અને દેવને અપૂજ' રહેવા દેતો નથી. બાવાને લોકો માન આપતા અને બાવો લોકોને આશીર્વાદ તો. બન્ને વચ્ચે રોકડ નાણાંની લેવડદેવડ રહેતી નહિ. આમ સૌને સંતોષ અને આનંદ રહેતાં.

વિદ્યાર્થીઓ ભણી રહે ત્યારે બજારમાં નીકળતા. દરેક દુકાનેથી એમને કંઈક ને કંઈક કામ મળી રહેતું. જે કંઇ ભેગું થાય તે બધું તે શાસ્ત્રીજીને ચરણે ધરી દેતા.

શાસ્ત્રીજી જેમ સંસ્કૃતનો અભ્યાસ કરાવતા તેમ ગામમાં એક પંડયાની પણ નિશાળ હતી. રાજ્ય તરફથી દાખલ કરાયેલી સાતમા ધોરણ સુધીની એક ગુજરાતી શાળા પણ હતી તેમ જ પાંચમા ધોરણ સુધીની અંગ્રેજી શાળા પણ શરૂ થઇ હતી.

ઓગણીસમી સદી પૂરી થતાંમાં જ પંડ્યાની ગામઠી નિશાળ તો બંધ થઈ ગઇ હતી; પંડયાની નિશાળમાં એક લાકડાના પાટી ઉપર આંક અને મૂળાક્ષર શીખવવાની રીત હતી. આવી પાટી દરેક વિદ્યાર્થી પાસે રહેતી અને લખવાનું પૂરૂં થઇ ગયા બાદ એને ભીના કપડા વડે લૂંછી નંખાતી. વિદ્યાર્થીને નિશાળે બેસાડતી વખતે પંડયાને સવા રૂપિયો દક્ષિણારૂપે મળતો તે ઉપરાંત ગોળધાણા કે પેંડા–પતાસાં બાળકોમાં વહેંચાતા, દરેક વિદ્યાર્થી ઘેરથી દરરોજ એક મૂઠી અનાજ લઈ આવતો. અમુક આંક પૂરા કરે કે પંડયાને રૂપિયો મળતો. પંડયાની નિશાળે આંક, લેખન, વાચન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, લેખા, નામું અને વ્યાજ ગણવાનું વગેરે શીખવવામાં આવતું. પંડયાનો સારી રીતે નિર્વાહ થાય એટલું એમને મળી રહેતુ. એમના ભણાવેલા વિદ્યાર્થીઓ વેપારરોજગાર કરી કમાતા થાય ત્યારે પંડયા તરફ સદ્‌ભાવ દાખવતા. આમ અરસપરસ માન અને પ્રેમભર્યો વર્તાવ રહેતો.

ગુજરાતી અને અંગ્રેજી શાળાઓમાં પણ શિક્ષકોને 'ટયૂશન' લેવાનો સ્વપ્ને ય ખ્યાલ ન હોતો. નિશાળના વખત ઉપરાંત શિક્ષકને ઘેર અભ્યાસમાં ખાસ કાળજી લેનારા વિદ્યાર્થીઓ જતા. શિક્ષક તેમને પ્રેમથી શીખવતા. કેટલાક

શિક્ષકો રાત્રે વિદ્યાર્થીઓ જોડે જ સૂતા અને સવારે બાળકોને વહેલા ઉઠાડી સ્નાન વગેરે ત્યાં જ પતાવી લેવડાવી, તેમને અભ્યાસ પણ કરાવતા. ત્યાંથી ઘેર જઈ જમીપરવારી વિદ્યાર્થીઓ શાળામાં જતા. રજાના દિવસોમાં પણ કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓને શીખવવામાં જ સમય પસાર કરતા. એમના વિદ્યાર્થીઓ પણ ઘણે ઉંચે હોદ્દે ચડેલા હોવા છતાં ય જ્યારે ગામમાં જતા ત્યારે એવા શિક્ષકોના ચરણે માથું નમાવતા.

શિક્ષણની આવી પ્રથા ઉપરાંત ગામડાંઓમાં કોઈનું હાડકું ભાંગ્યું હોય તે બેસાડનારા માણસો પણ હતા. તે હાડકું સારી રીતે બેસાડી દેતા. દર્દીને જલદીથી આરામ થઇ જતો. એ લેપ લગાડતા, પાટા પણ બાંધતા છતાં તેની કશી પણ ફી લેતા નહિ. આવું સેવાનું કામ કરનારની ખેતી વગેરે ગામના અન્ય ભાઇઓ પોતે કરી આપતા. દર્દીને આરામ થયે કૂતરાને રોટલા નાખવાની કે અમુક રકમ ધર્માદામાં દેવાની સૂચના અપાતી. બહુ જ ગરીબ દર્દીને કશોય ધર્માદો કરવાની ફરજ નહોતી. આ જ પ્રમાણે સાપ કે વીંછીનું ઝેર ઉતારનાર પણ હતા. કૂવો કયાં ખોદવો તેની અચૂક માહિતી આપનારા પણ હતા.

મારા કાકાના દીકરા કાશીભાઇને કૂવો ખોદાવવાનો વિચાર થયેલો. અમારા ગામથી પાંત્રીસ માઈલ દૂર એક ગામમાં એક રાવળ ભગત કુવાની ખબર આપતા, જેથી એક શ્રીફળ લઈને તેઓ ભગતના ગામે ગયા. તેને ઘેર પહોંચતાં સંધ્યાકાળ થવા આવી હતી. ઘરમાં પેસતાં જ જોયું તો ભગત માતાજીની પૂજામાં બેઠેલા હતા. આસન ઉપરથી ભગત બોલ્યા: 'આવો પટેલ ! કુવાનું પૂછવા આવ્યા છો ને ?' કાશીભાઇએ 'હાજી,' એમ ઉત્તર આપ્યો. ત્યાર પછી લાવેલ નાળિયેર ભગતના આસન પાસે મૂકયું. કાશીભાઈએ મનમાં વિચાર્યું કે પાટીદારિયા પાઘડી જોઇને પટેલ તરીકે રાવળ ભગતે બોલાવ્યા હશે અને ભગતને ઘેર તો કૂવાના પાણી માટે જ લોકો પૂછવા આવતા હોવાથી કુવાની વાત જ કાઢી જણાય છે. આવું મનમાં વિચારતા તે ભગતે બતાવેલ સ્થાને બેઠા.

રાવળ ભગત અર્ધા કલાક પછી પૂજા કરી પરવાર્યા અને કાશીભાઇ પાસે બેસીને પૂછયું: 'પટેલ ! તમારું ખેતર ત્રણખૂણિયું છે, કે જેની અંદર તમે નવો કુવો કરવા માગો છો ?' આ પ્રશ્ન સાંભળીને કાશીભાઈને ઘણું જ આશ્ચર્ય થયું. સામાન્ય રીતે ખેતરોના સર્વે નંબરને ચાર ખૂણા હોય. ત્રણ ખૂણાનું ખેતર એ તો એક અપવાદરૂપ જ હોય. આ વાત રાવળ ભગતે શી રીતે કહી, એની એમને નવાઇ ઉપજી અને બોલ્યા: 'હા, બાપજી !' પછીથી ભગતે ખેતરની ત્રણ બાજુની વાડમાં દિશા બતાવીને અમુક અમુક ઝાડ છે એમ પૂછયું. કાશીભાઇએ હા પાડી, એટલે ભગત બોલ્યા કે 'તમારે નવો કુવો કરવાની કશી જરૂર નથી. તમારા ખેતરમાં જુનો કુવો દટાયેલો પડયો છે.'

જે ત્રણ ઝાડ ભગતે સૂચવ્યાં હતાં, તે દરેક ઝાડથી હાથ ભરીને ત્રણે ઝાડથી જે લાઈન દોરાય તે લીટીઓ જે સ્થળે એકઠી થાય, ત્યાં આગળ જુનો કુવો છે એમ પણ કહ્યું. કુવાનું બાંધકામ ખેતરના તળથી સોળ હાથ ઉંડે તમને મળી આવશે; તે કુવાનો વ્યાસ આઠ હાથનો છે. એ કુવાનું ટકી રહેલું ચણતર સારી હાલતમાં છે. તળનું લાકડાનું ચકકર પણ સાબુત હાલતમાં છે. વળી તેમાં પાણી મીઠું નીકળશે. વાતોને અંતે નાળિયેરનો પ્રસાદ હાજર રહેલા બધામાં વહેંચી આપ્યો. ભગતે આને માટે કંઇ પણ ફી લેવાની ના પાડી.

કાશીભાઈ ઘેર આવ્યા. ભગતે સૂચવ્યા પ્રમાણે માપની ત્રણ દોરીઓ વડે ત્રણે ઝાડથી માપ લીધાં. તે ત્રણે દોરીઓ જે ઠેકાણે ભેગી

થઇ ત્યાં કૂવો ખોદાવવાનું શરૂ કર્યું. આ કેંદ્રથી પાંચ હાથની ત્રિજ્યા લઈને ખોદાણકામ શરૂ કરતાં બરાબર સોળ હાથ ઊંડે ભગતના કહેવા પ્રમાણેના એક પ્રાચીન કૂવાનું ચણતર દેખાયું ! બધાંના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. ગોળધાણા વહેંચાયા અને કૂવો બને તેટલો ઊંડો ખોદવામાં આવ્યો. ઉપરનું ચણતર પૂરું થયું. એ કૂવા ઉપર એંજિનપંપ પણ ગોઠવાઇ ગયો. ગામમાં કોઈને પણ આ કૂવાની માહિતી નહતી.

ગામમાં વૈદ હતા. એમને રહેવાનું ઘર ગામલોકોએ બાંધી આપેલું હતું તેમ જ વૈદના નિર્વાહને માટે પસાયતું કાઢી આપેલું હતું (પસાયતું એટલે નિર્વાહ માટે અપાયેલું ખેતર) એનું જમીનમહેસૂલ ખેતર આપનાર કુટુંબ ભરી દેતું. વૈદ હંમેશાં એ કુટુમ્બના માણસોની જરૂર પડયે મફત સારવાર કરતા. દરરોજ સવારે વૈદ ફરવા નીકળે. જેને જરૂર હોય તે વૈદને જોતાં બોલાવી લ્યે, કોઇ માંદુ હોય ત્યાં તો વગર બોલાવ્યે જતા. વૈદ નાડી તપાસે, દવા આપે, પછી ઉઠતી વખતે વૈદને અમુક માપ ચોખા કે ઘઉં આપતા. વૈદ તે ઉપરણાને છેડે બાંધી લે.

કોઇ પૈસાદારને ત્યાં મંદવાડ હોય તો બીમાર માણસ માટે જોઈતી વૈદકીય વનસ્પતિ એ ઘરના લોકો કને બજારેથી મંગાવી લેતા. કોઈ ધાતુની જરૂર હોય તો તે પણ એવા ઘરતાં માણસો જ મંગાવી આપે. વૈદની સૂચના અનુસાર તે દર્દીના ઘરનાં માણસો તેની દવા તૈયાર કરતાં અને જરૂર હોય ત્યાં વૈદ જાતે ભઠ્ઠી પર બેસતા. આ પ્રમાણે દર્દીને માટે જોઇએ તેના કરતાં ઘણી વધારે પ્રમાણમાં દવા વૈદ કરાવી લે આમ વધારાની દવાનો ઉપયોગ ગરીબ લોકોને મફત દવા આપવામાં કરવામાં આવતો.

વૈદને ઘેર ચોસઠપ્રહરી પીપર, મંથ્થુર, સિતોપલાદિ, સુદર્શન ચૂર્ણ વગેરે ઘરગથ્થુ સામાન્ય દવાઓ ઉપરાંત દરેક જાતની ભસ્મ પણ આ જ પદ્ધતિથી તૈયાર કરાવાતી હતી. સહસ્રપુટી અભ્રકભસ્મ અને સુવર્ણવસન્તમાલતી જેવી ભસ્મો પણ આવી જ રીતે તૈયાર કરાવાતી. હિરણ્યગર્ભ અને સમીરપન્નગ જેવી માત્રાઓ પણ શ્રીમંતોના પૈસે બનાવી લેવાતી. આવી કિંમતી વસ્તુઓ આણીને વખતે ગરીબ લોકોને પણ કામમાં આવતી. દરદ મટયા પછી દર્દી ખુશીથી જે કાંઇ ભેટ કે રોકડ રકમ આપે તેનો સ્વીકાર વૈદ સંતોષ સાથે કરતા અને દર્દીની તંદુરસ્તી માટે આશીર્વાદ આપતા.

ગામમાં જોષી હતા જે જન્માક્ષર લખી આપતા. શ્રીમંતની જન્મોત્રી પણ કરતા. કોઈની દશા બેઠી હોય તો તેની ખબર પણ દેતા અને ગ્રહશાંતિના ઉપાય દર્શાવતા.

આ રીતે રોજના જીવનમાં નાણાંના ઉપયોગ સિવાય જીવન સંતોષી અને સુખમય હતું. દરેક માણસ વિદ્યાનો વ્યય કરતો, પણ વિદ્યાની દુકાન માંડતો નહિ. વિદ્યાને વેચવી એ મહાપાપ લેખાતું. આ તો બધી થઇ ઓગણીસમી સદીની વાતો. હવે તો વીસમી સદી ચાલે છે. અણુયુગ આવ્યો છે અને સમાજવાદી સમાજ-રચના અમલમાં આવી રહી છે.

પરિણામે સંયુકત કુટુંબ તૂટીને વ્યકિત-સ્વાતંત્ર્ય વધતું ચાલ્યું છે, પુરુષ, સ્ત્રી અને નાની વયનાં બાળકો એટલામાં જ કુટુંબનો સમાવેશ થાય છે, જેથી દેશમાં વૃદ્ધોને માટે અશકતાશ્રમો, ત્યકતાઓ અને વિધવાઓ માટે 'બાપનાં ઘર' તેમજ બાળકો માટે અનાથાશ્રમો જેવી સંસ્થાઓની જરૂરિયાતો ઊભી થઇ છે.

અણુયુગમાં સ્ત્રીપુરુષોની માલિકીની વસ્તુઓ તેમ જ નાણાંનો જુદો જુદો હિસાબ રહે છે. હવે 'પડયું પાનું' નિભાવવાની વાત નથી. છૂટાછેડા પણ સહેલાઈથી અત્યારે મળી રહે છે. આ યુગમાં વિદ્યાનો વેપાર ખૂબ જોરથી ચાલી રહ્યો છે. પોતીકાં બાળકોને જો પાસ કરાવવાં

હોય તો શાળાના શિક્ષણ ઉપરાંત 'ટયૂશન' રાખવું જ જોઇએ. નહિ તો બાળકો નાપાસ થઈ જાય એમાં કાંઇ સંશય નહિ.

વીસમી સદીમાં ઠોઠ વિદ્યાર્થીઓ ઉપલા વર્ગના ગ્રેજ્યુએટ પણ થઇ શકે છે, જ્યારે હોંશીયાર વિદ્યાર્થીઓ રખડી પડે છે; કારણ કે કોલેજના પ્રોફેસરો પણ ઘણી જગાએ ટયૂશન લેતા થઇ ગયા છે. વૈદ, ડોકટર, વકીલ વગેરે સઘળાઓએ વિદ્યાનો વેપાર જ માંડયો છે. આપણે માનીએ છીએ કે, આપણે બધા ઘણા આગળ વધી રહ્યા છીએ!

ભૌતિક સાધનો ઘણાં વધ્યાં છે તેની ના નથી. પણ સાથે સાથે રોગ અને ગાંડપણ પણ વધતાં જાય છે, એ બીના પણ એટલી જ સાચી છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ એ પણ ભૌતિક સાધનોની સાથોસાથ વધતાં જ ચાલ્યાં છે. પેલા અમેરિકન વિચારકની જેમ આપણે પણ આ બધાંનો વિચાર કરીએ એ બહુ જ જરૂરનું છે.

(અખંડ આનંદ)


ઇષ્ટપ્રાપ્તિ યંત્ર

શ્રી ઘંટાકર્ણ મહાવીર

ત્રિરંગી ચિત્ર ૭½"×૧૦"


પોસ્ટેજ સાદું ૨૫ ન. પૈસા

કિંમત ૫૦ ન. પૈસા

આધિ-વ્યાધિ-ઉપાધિ તાત્કાલિક દૂર કરવા જાતેજ ચમત્કાર અનુભવી લો

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર






૧ દરેકને પોસાય તેવી ઇન્દુ સ્ટાયલો પેન
૨ કાયમ ચકચકીત રહેતી કલીપ
૩ ગેરંટીડ લીકપ્રૂફ
૪ દેખાવમાં સુંદર, ટકાઉ અને મજબુત
૫ દરેક ઠેકાણે મળે છે.

★

તમો તમારા વેપારી પાસે આ પેન ખરીદવાનો આગ્રહ રાખો.

મેન્યુઃ-

ધી નેશનલ પેન વર્કસ
મુંબઈ-૪.

# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા** ; યોગિની સુલસા પોતે કરેલ તર્કટમાં ફાવે છે. રથમર્દન નગરીના મહારાજાને સ્વાધીન કરી નિર્દોષ તથા નિષ્પાપ ઋષિદત્તા પર અનેક માનવહત્યાઓનો આરોપ મૂકાય છે. ને યુવરાજ કનકરથનો સખ્ત વિરોધ હોવા છતાં રાજા હેમરથની આજ્ઞાથી ઋષિદત્તાને સેનાપતિના ફરમાન મુજબ મારાઓ સાથે રથમાં બેસાડીને વનમાં તેની હત્યા માટે લઈ જવામાં આવે છે. વિદાયવેળાયે પણ ઋષિદત્તા પોતાના પતિ યુવરાજને શાંત્વન આપે છે. ને સમતાભાવે નવકારમંત્રનું સ્મરણ કરતા તેઓ વિષાદભરી વિદાય લે છે. સુલસા યોગિની પોતાનું ધાર્યું કાર્ય થઈ ગયું માની હર્ષોન્માદમાં આવીને ત્યાંથી વિદાય થાય છે. **હવે વાંચો આગળ**

❀

## પ્રકરણ ૨૧ મું

## ઘનઘોર અટવીમાં

**એ**ક રાત્રિ અને એક દિવસના સતત પ્રવાસ પછી રાજ્યના મારાઓ ઋષિદત્તાને લઇને એક ભયાનક અટવીમાં આવી પહોંચ્યા.

પ્રવાસના આ સમય દરમ્યાન ઋષિદત્તાએ અન્ન-જળ કશું લીધું નહોતું. તેણે ચઉવિહારા અઠ્ઠમનું વ્રત ધારણ કર્યું હતું અને નવકારમંત્રના સ્મરણ વગરની એક પળ પણ એળે ન જાય એની કાળજી રાખી હતી.

માર્ગમાં ત્રણચાર સ્થળે રથચાલકે અને મારાઓએ વિશ્રામ લીધો, ભાતું વાપર્યું હતું અને જળપાન પણ કર્યું હતું. રથચાલકે દરેક વાર યુવરાણીને ભોજન માટે કહ્યું હતું પણ નવકારમંત્રના સ્મરણમાં ગરકાવ બનેલી ઋષિદત્તાએ કશો ઉત્તર આપ્યો નહોતો.

ઋષિદત્તા એક મહાન પિતાની પુત્રી હતી અને જૈનદર્શનની છાયામાં જ મોટી થઇ હતી. એના પિતાએ એને કેટલાક મંત્રતંત્રના નિર્દોષ અને અહિંસક પ્રયોગો શિખવ્યા હતા. સાથોસાથ એ પણ જ્ઞાન આપ્યું હતું કે સંસારના તમામ મંત્રો કરતાં, તમામ તંત્રો કરતાં અને તમામ શકિત કરતાં નવકારમંત્ર સર્વશ્રેષ્ઠ છે.

આથી ઋષિદત્તાને વિશ્વાસ બંધાયો હતો કે નવકારમંત્ર એ જીવનનાં પરમ સત્યરૂપ છે. નવકારના આરાધનથી માનસિક ક્લેશ નષ્ટ થાય છે, દુષ્ટ કર્મનો પરિપાક પ્રશમે છે, મમતા અને માયાના બંધનોનો વળગાડ વળગતો નથી, અંતરનો સઘળો વિષાદ ચાલ્યો જાય છે અને જીવનમાં નવું બળ, નૂતન પ્રેરણા અને નવી તાઝગી પ્રાપ્ત થાય છે.

ઋષિદત્તાને એના મહાન પિતાએ કહ્યું હતું કે; 'નવકારમંત્રનું આરાધન શિવપદ સુધી પહોંચાડે છે. જે શકિત શિવપદ સુધી પહોંચાડે, ભવોભવના બંધનો તોડવાનું બળ આપે, જન્મ-મૃત્યુ પર વિજય મેળવવાની પ્રેરણા પાય તે મહાન મંત્રશકિત ગમે તેવાં સંકટોને પચાવી જવાનું બળ તો સહજ ભાવે આપે છે. શિવસુખ આપનારી તાકાત સામાન્ય સુખ આપે એમાં કોઇ આશ્ચર્ય નથી.'

પિતાના આ શબ્દો તેણે હૈયામાં જ સાચવી રાખ્યા હતા અને નવકારમંત્ર એ કલ્યાણમાર્ગનો દીપક છે અને સુખ-દુઃખ બંનેનો મહાન સહારો છે એમ તે શ્રદ્ધાપૂર્વક માનતી હતી.

ભયંકર અટવીમાં આવ્યા પછી મારાઓ એક યોગ્ય સ્થળે ઉભા રહી ગયા; રથને પણ ઉભો રખાવ્યો.

મહારાજાએ યુવરાજ્ઞીના વધ માટે જેનાં હૈયામાં દયાની એક નાનીશી રેખા પણ ન હોય અને રાજાજ્ઞાના પાલનમાં કદી સ્ખલન ન કરે એવા વિશ્વાસુ મારાઓ મોકલ્યા હતા. રથનો સારથિ પણ એવો જ હતો. છતાં તેના હૈયામાં દયાની એક ભાવના જાગી ચૂકી હતી. જે સ્ત્રી અન્નજળ પણ લેતી નથી, આંખો મીંચીને મનમાં કંઇક સ્મરી રહી છે, તે સ્ત્રી દોષિત તો ન જ હોય. ગુનેગાર માણસો છટકવાનો પેંતરો રચતા હોય છે અથવા કાલાવાલા કરીને છુટવાની પ્રાર્થના કરતા હોય છે. રાજવધૂએ એમાનું કશું કર્યું નથી. એના ચહેરા પર ભય કે દુઃખનું કોઇ દર્શન પણ થતું નથી.

પરંતુ સાથેના મારાઓના હૈયામાં આવા કોઇ ભાવ પ્રગટ્યા નહોતા.

સંધ્યા થઇ ગઇ હતી.

ભયંકર અટવીમાં તો જાણે અંધકાર કદી ભેદાતો જ ન હોય એમ લાગતું હતું. કારણ કે વિશાળ વૃક્ષો આકાશને ટેકો આપી રહ્યાં હોય એમ જણાતું હતું. ગાઢ ઝાડી સૂર્યના કિરણો આડી દિવાલ હોય એમ દેખાતું હતું.

અને રથને વધારે આગળ લઇ જઇ શકાય એવો કોઇ માર્ગ પણ નહોતો.

એક ક્ષુદ્ર જળાશય પાસે રથને ઉભો રાખ્યો.

એક મારાએ સારથિ સામે જોઇને કહ્યું; 'આ સ્થાન ઘણું ઉત્તમ છે.'

સારથિએ કહ્યું: 'હા. ઘણું ભયંકર છે. પણ આપણે થોડીક દયા બતાવીએ તો ?'

'કઇ વાતની ?'

'યુવરાજ્ઞીએ અન્નજળ કશું લીધું નથી. એને મારવા કરતાં અહીં જ છોડીને ચાલ્યા જઇએ, રાત્રિના અંધકારમાં વનપ્રાણીઓ આવીને એનો નાશ કરી નાંખશે.'

તરત મારાએ કહ્યું: 'ના. મહારાજાની આજ્ઞાનું તો પાલન કરવું જ જોઇએ.'

સારથિ કશું બોલ્યો નહિં.

બીજા મારાએ રથનો પડદો ઉંચકીને બૂમ મારી 'યુવરાજ્ઞી, હવે આપ રથમાંથી નીચે ઉતરો. સંધ્યા વીતી ગઇ છે અને આપના વધ માટેનું યોગ્ય સ્થાન આવી ગયું છે.'

પણ ઋષિદત્તાએ કશો ઉત્તર ન આપ્યો. તે નવકારમંત્રની આરાધનામાં એટલી તદાકાર બની ગઇ હતી. પોતે ક્યાં છે ? પોતાનું શું થવાનું છે ? કોણ બોલાવે છે વગેરે કશું તેને યાદ જ નહોતું આવતું.

મારાએ કહ્યું; 'અમારે તરત પાછા વળવું છે. ઢીલ કર્યાં વગર નીચે ઉતરી જાઓ.'

ઋષિદત્તાએ કશું સાંભળ્યું જ નહોતું. તે મંત્રારાધનમાં તન્મય જ બની રહી.

બીજા એક મારાએ કહ્યું: 'બાઇ, આ ઢોંગ–ધતુરાથી અમે જરાયે ચળીયે એવા નથી. માટે તરત નીચે ઉતરી જા ને તારે જેને યાદ કરવા હોય તેને યાદ કરી લે.'

એકાગ્રતા અને ચિંતન બંને બહારની દુનિયાની ચીજ નથી. ઋષિદત્તા અત્યારે અંદરની દુનિયામાં મંત્રનો પ્રકાશ પૂજી રહી હતી.

સારથિ આશ્ચર્યભરી નજરે યુવરાજ્ઞી સામે જોઇ રહ્યો હતો.

અને મારાઓ હવે ધૈર્ય રાખી શકે તેમ નહોતા. એક જણે રથમાં બેઠેલી રાજવધૂનો હાથ પકડ્યો અને તેને ખેંચતા કહ્યું; 'વાતથી ન સમજે ઇ લાતથી જ સમજે છે.'

આમ છતાં ઋષિદત્તા ધ્યાનમાંથી જરાયે વિચલિત ન બની. તેણે પોતાના ભવનમાંથી નીકળ્યા પછી અઠ્ઠમ તપનો મનથી સંકલ્પ કરી લીધો હતો અને અખંડ નવકારના આરાધનની ગાંઠ વાળી લીધી હતી. ઋષિદત્તાએ માન્યું હતું કે 'નવકારના આરાધનમાં જો મૃત્યુ આવે તો આત્માને વળગેલાં બંધનો

સહેલાઇથી કપાઇ જાય અને મુક્તિનો માર્ગ સાંપડી જાય.'

હજી પણ યુવરાજ્ઞીને અચળ જોઇને મારાએ ક્રોધમાં આવી જઇ તેને એક જ આંચકા સાથે રથની બહાર ખેંચી.

કોમળ ફુલ જેવી ઋષિદત્તા !

અટવીની ખંજર ભૂમિ પર પટકાઇ પડી અને નવકારમંત્રના આરાધનમાં જ જાણે તેણે સર્વભાન ગુમાવી દીધું હોય તેમ નિશ્ચલ બનીને રથના પાછલા ભાગની ધરતી પર પટકાઇ પડી.

એક મારાએ કમરે લટકતું કૃપાણ બહાર કાઢયું.

એ જ પળે સારથિએ કહ્યું: 'ઉભો રહે. મને જરા તપાસ કરવા દે.' આમ કહી સારથીએ યુવરાજ્ઞીનો હાથ તપાસ્યો.

ત્યારપછી તે મારાઓ સામે જોઇને બોલ્યો; 'યુવરાજ્ઞીની કાયામાં પ્રાણ છે જ નહિં.'

'હેં.!'

'હા. નાડી ચાલતી જ નથી. ભૂખ અને તૃષાના સંતાપથી એનો પ્રાણ ઉડી ગયો લાગે છે. જેણે કદી દુઃખ ન જોયું હોય તે આ બધું કેવી રીતે સહી શકે ?'

મારાઓ ફાટી આંખે માર્ગમાં પડેલી ઋષિદત્તા સામે જોઇ રહ્યા.

સારથીએ કહ્યું; મડદા પર ઘા કરવો એ કાયર અને કમજોર માણસનું જ કામ છે. આપણું કામ વગર મહેનતે પતી ગયું છે.'

એક મારાએ ઋષિદત્તાનો હાથ પકડયો. એને પણ લાગ્યું કે યુવરાજ્ઞીની કાયામાં ચેતન છે જ નહિં. એટલે તે બોલ્યો; 'સાચી વાત છે. મરેલાને મારવામાં કોઇ શોભા નથી. હવે આ ભલે અહીં ને અહીં પડી રહે. આપણે વિદાય થઇએ.'

થોડી જ પળો પછી ભયંકર અટવીમાં રાત્રિની વિકરાળતા શરૂ થાય તે પહેલાં સારથિ રથ સાથે અને મારાઓ પોતાના અશ્વો સાથે વિદાય થઇ ગયા.

ઋષિદત્તા એમ ને એમ માર્ગમાં પડી રહી. એની સમગ્ર શક્તિ નવકારમંત્રના આરાધન પાછળ રોકાઇ ગઇ હતી. એને બીજી કોઇ વાતનું ભાન પણ નહોતું. આ અટવી કેવી ભયંકર છે ? આ સ્થળ કેટલું બિહામણું છે ? પોતે કેવા વિકટ સ્થાને માર્ગમાં પડી છે ! એવી કોઇ વાત એના પ્રાણને સ્પર્શતી જ નહોતી.

કોઇ પણ જોનારને એમ જ લાગે કે આ શાપભ્રષ્ટ દેવસુંદરી મૂર્છિત દશામાં પડી લાગે છે ! પણ એ મૂર્છિત બની નહોતી. આરાધના જો આટલી અટલ ન હોય અને ચિત્તની ચંચળતા જાગતી હોય તો એ આરાધન ઉત્કૃષ્ટ ગણી શકાતું નથી.

ઋષિદત્તા એમને એમ ત્યાં પડી રહી. ધીરે ધીરે રાત્રિ જામવા માંડી. વાયુનાં સુસવાટા સમસમાટી બોલાવી રહ્યા હતા. અને વનના હિંસક પ્રાણિઓ ચારે દિશાએ હાકોટા બોલાવી રહ્યા હતા. નિશાચર પશુઓ શિકાર માટે જાણે વનને કંપાવી રહ્યા હોય તેમ લાગતું હતું.

કોઇ સ્થળે કેસરીસિંહની હાક થતી તો કોઇ સ્થળે વાઘનો હુંકાર ગાજતો. કોઇ સ્થળે ભયંકર વરાહની તીણી ચીસ વાતાવરણને કંપાવી મૂકતી તો કોઈ સ્થળે લુચ્ચાનો સરદાર ચિત્તો ત્રાડ નાખતો.

અને આ બધી નિયમિત રાત્રિએ થતી ત્રાડો સાંભળવાથી ટેવાઇ ગયેલાં પંખીઓ પોતાના માળામાં જાણે પરમ શાંતિ માણી રહ્યાં હતાં એમને કોઇ પ્રકારનો ભય નહોતો. કારણકે બધાં પંખીઓ જાણતાં હતાં કે હિંસક પશુઓ પોતાના માળાને કદી આંબી શકે તેમ નથી.

અને વનરાજના શિકારનો એંઠવાડ મેળવવાની આશા હૈયામાં સંઘરીને ચપલ નજરે ચારેય દિશાએ જોઇને લપાતાં છૂપાતાં વિચરતાં શિયાળીયાંઓ પણ કોઇ કોઇ વાર પોતાના વિચિત્ર અવાજથી વાતાવરણને વધુ ભયજનક બનાવી રહેતાં.

પરંતુ આ બધા મૃત્યુસૂચક અવાજો દેવી ઋષિદત્તાના કાનમાં જાણે પ્રવેશ જ પામતા નહોતા. તેના

પોતાના પ્રિય નવકારમંત્રના આરાધનમાં પોતાનાં અસ્તિત્વને પણ જાણે વિસરી ગઇ હતી.

મધ્યરાત્રિ શરૂ થઇ.

અટવીમાં આમેય ધોળે દિવસે અંધકાર જેવુંજ રહેતું હતું. અને આ અંધારઘેરી મધરાતમાં તો જાણે અટવી એવી જ લાગતી હતી કે અંધકારનું જન્મ સ્થાન પોતે જ ન હોય !

કોઇ સ્થળે મશાલ નહોતી, કોઈ સ્થળે તાપણું નહોતું કે કોઇ સ્થળે આછા દીવડાનો હળવો પ્રકાશ પણ નહોતો. સારથિ અને મારાઓ તો આ અટવીથી દૂર દૂર નીકળી ગયા હતા. નિર્દય માણસોને પોતાના જાનનો વધારે ભય હોય છે !

અને તે લોકો દેવી ઋષિદત્તાને એવા સ્થળે મૂકી ગયા હતા કે જ્યાં આસપાસ બેચાર કોશમાં કોઇ વનપલ્લિ કે ગામડું પણ નહોતું.

અંધકાર, ભેંકાર અને કાન ફાડી નાખે એવા હુંકાર વડે જાણે વનવિસ્તાર સમૃદ્ધ બની ગયો હતો.

એક વનરાજ પોતાની પત્ની અને બે બાળકોનાં પરિવાર સાથે મારણ કરીને જળપાન કરવા બાજુના જ ક્ષુદ્ર જળાશય પાસે આવ્યો. તેણે એકવાર ચારે તરફ ગર્વભરી નજર કરી. ત્યારપછી સમગ્ર પરિવારે શાંતિથી જળપાન કર્યું. જળપાન કરીને આ સિંહપરિવાર પાછો વળ્યો અને જ્યાં ઋષિદત્તા મંત્ર ધ્યાનમાં માર્ગ વચ્ચે પડી હતી. ત્યાંથી નિકળ્યો. સિંહણની નજર માર્ગ વચ્ચે પડેલી ઋષિદત્તા પર પડી. પણ કોઇ મડદું પડયું હશે એમ માનીને તે પોતાના સ્વામી પાછળ આગળ વધી તેના બંને બાળકો પણ નાચતાં કુદતાં ને ગેલ કરતાં આગળ વધ્યાં.

અને એક લુચ્ચુ શિયાળ થોડી જ વાર પછી યુવરાજ્ઞી પાસે આવ્યું. પણ તે ચમકી ઉઠયું. યુવરાજ્ઞીના ગળામાં પોતાના સ્વામીની ભેટ રૂપે મળેલો એક હાર હતો એ હાર મોતીનો હતો. પણ તેનું ચગદું એક તેજસ્વી વજ્રનું હતું. એ ચગદું ચંદ્રના ટુકડા માફક ચમકી રહ્યું હતું. આ ચળકાટ જોઇને શિયાળ ચમકયું અને એકદમ નાઠું.

ધીરે ધીરે રાત નમવા માંડી.

પ્રાતઃકાળનો પ્રાણવર્ધક વાયુ સારાયે વિશ્વને સંજીવની આપવા જાણે વહેતો ન હોય !

પોતાના માળાઓમાં શાંતિથી પોઢી રહેલા પંખીઓની પાંખો ફફડવા માંડી. ઉષાનાં અજવાળાં વિશ્વને રંગે તે પહેલાં જ બધાં પંખીઓએ જાણે પ્રકૃતિની યશગાથા ગાવી શરૂ કરી હોય તેમ કલરવ કરવા માંડયો.

હિંસક પશુઓનાં ભયથી સુરક્ષિત સ્થળે ભરાઇ બેઠેલાં અન્ય પ્રાણીઓ મુકિતનો શ્વાસ લેતાં સચળ બન્યા.

અને બરાબર આવા સુંદર સમયે ઋષિદત્તા બેઠી થઇ. મનમાં તો નવકારનું સ્મરણ જ ચાલતું હતું. તેણે નેત્રો ખોલ્યાં. નહોતો રથ, નહોતા મારાઓ, નહોતો સારથિ. એક અગોચર, નિર્જન અને ભયકર વન ચારે દિશાએ પથરાયેલું પડયું હતું.

પણ પોતે આ સ્થળે કેવી રીતે આવી પડી છે કે આ સ્થળ કેટલું ભયંકર છે એનો કશો વિચાર કર્યાં વગર તે થોડે દૂર પડેલા એક પત્થર પર બેઠી અને નેત્રો બંધ કરી પુનઃ નવકારમંત્રનું આરાધન શરૂ કર્યું.

મૌન રહીને અઠ્ઠમ કરવાનો તેણે સંકલ્પ કર્યો હતો. અન્ન જળ કશું લેવું નહોતું અને નવકારમંત્રના આરાધન સિવાય કોઇ પણ વસ્તુ ઉત્તમ નથી એવી તેની શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાના બળે તે પુનઃ નવકારમંત્રના આરાધનમાં તદાકાર બની ગઈ.

સમયના ચક્રને કોઇ થંભાવી શકતું નથી. એ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે. એની ગતિમાં કદી વિલંબ થતો નથી કે કદી અધૈર્ય આવતું નથી. એક સરખી ચાલ, એક સરખો તાલ અને એક સરખી દૃષ્ટિ કાળ સિવાય કોની હોય છે ?

અને દિવસ વીતી ગયો. બીજી ભયાનક રાત્રિ શરૂ થઇ. ફરીવાર એના એ મર્મભેદી અને ભીષણ અવાજો વાતાવરણને ખળભળાવવા માંડયા.

પણ ઋષિદત્તા પત્થરની નાની શિલા પર પદ્માસન મારીને બેસી ગઇ હતી. અડોલ, અચંચળ અને અણનમ.

નવકારમંત્રનું આરાધન હૈયામાં જ શોભે છે. હોઠ પર એની પૂર્ણ શોભા હોતી નથી. ઋષિદત્તાના હૈયામાં જ આરાધન થતું હતું. કાયા તો જાણે કાષ્ઠવત્ બની ચૂકી હતી.

દેવી ઋષિદત્તાએ નિર્ધાર કર્યો હતો કે અઠ્ઠમના તપ દરમ્યાન નવકારમંત્ર સિવાય અન્ય કોઈ પણ વિચારને મનમાં આવવા ન દેવો.

મધરાત થઇ.

શિલા તળેથી જ એક ભયંકર વિષધર બહાર નીકળ્યો અને શિલા પર ધ્યાનસ્થ દશામાં બેઠેલી ઋષિદત્તાના પગ પર ચડી, ખોળામાં થઇને બીજી બાજુ ઉતરી ગયો.

ઋષિદત્તાને આ અંગેનું કોઇ ધ્યાન નહોતું.

બીજી રાત્રિ પણ નિર્વિઘ્ને પૂરી થઇ.

પુનઃ પંખીઓનાં પ્રાતઃગાન શરૂ થયાં. ઋષિદત્તાએ નેત્રો ખોલ્યાં. પત્થર પરથી નીચે ઉતરીને દૂરની બીજી શિલા તરફ ચાલવા માંડી. અકડાઇ ગયેલી કાયા કંઇક મોકલી થઇ. આજ અઠ્ઠમ તપનો અંતિમ દિવસ હતો. યુવરાજ્ઞીનું મન ઘણું જ પ્રફુલ્લ હતું. પોતે વનવાસિની હતી એટલે વનથી તેને કોઇ આશ્ચર્ય થતું નહિં. તે બીજી શિલા તરફ ગઇ.

ઉષાના અજવાળાં પથરાયાં.

ઋષિદત્તાએ પૂર્વ દિશા તરફ મુખ રાખી શ્રી જિનેશ્વર ભગવંતનું મનમાં સ્મરણ કરી નમસ્કાર કર્યાં અને ત્યારપછી તે બીજી શિલા પર પદ્માસન મારીને ધ્યાનમાં બેસી ગઈ.

મધ્યાહ્ન થયો.

અને પારધિની એક ટોળી શિકાર કરતી કરતી આ ક્ષુદ્ર જળાશય પાસે આવી. સાત આઠ પારધિઓ હતા. દરેક પાસે ચિત્રવિચિત્ર પશુપંખીઓના દેહ હતા. દરેકના ખભા પર બાણનાં ભાથાં લટકતાં હતાં. હાથમાં ધનુષ્ય હતાં. બધા પારધિઓમાં વેશભૂષા અને અલંકારોથી કંઇક અનોખો જણાતો એક આધેડ પારધિ માત્ર ધનુષ્ય બાણથી જ સજ્જ હતો. તેના હાથમાં કોઇ શિકારથી મારેલાં પશુપંખી હતાં નહિં.

બધાએ ક્ષુદ્ર જળાશયમાં હાથમુખ ધોયાં. જળપાન કર્યાં અને જળાશયના કાંઠે બેસીને સહુ વાતો કરવા માંડયા.

એકાએક એક પારધિની નજર થોડે દૂર શિલા પર બેઠેલી સુંદરી ઋષિદત્તા પર પડી અને તેણે પારધિરાજ સામે જોઈને કહ્યું; 'મહારાજ, સામે દેવસુંદરી બેઠી છે.'

'દેવસુંદરી ? કયાં છે ?' કહીને સરદાર ઉભો થયો. સાથીએ આંગળી વડે સુંદરી દેખાડી. એ તરફ નજર જતાં જ પારધિરાજની આંખો ચાર થઈ ગઈ. આવું રૂપ ? આવું તેજ ? આવી કોમળતમ માધુરી ? તે બોલ્યો; 'કોણ હશે ?'

'ભગવાન જાણે. પણ છે ભારે રૂપાળી !' બીજા પારધિએ કહ્યું.

પારધિરાજ શિલા તરફ અગ્રસર થયો. રૂપ જોઇને ઘણા માણસો પોતાની પ્રાકૃતિક માનવતા ભૂલી જાય છે. અને રૂપનું અપમાન કરવામાં અને રૂપનું શોષણ કરવામાં જ એવા માણસોને મોજ પડતી હોય છે!

પારધિરાજ શિલાખંડ પાસે આવ્યો. તેના સાથિઓ પણ તેની પાછળ આવીને ઉભા રહ્યા. પારધિરાજે ઋષિદત્તા સામે જોઇને કહ્યું: 'તું કોણ છે સુંદરી ?'

પણ કોણ સાંભળે ? કોણ ઉત્તર આપે ?

પારધિરાજે પોતાના સાથીઓ સામે જોઇને કહ્યું: 'કોઇ જપ કરવા બેઠી લાગે છે ! આને બેઠી કરીને આપણી સાથે ઉઠાવી જવી જોઇએ.'

'હા મહારાજ, આ તો આપનું પટ્ટરાણી પદ શોભાવે તેવી છે.' એક પારધિએ કહ્યું.

તરત પારધિરાજે ઋષિદત્તાનું કાંડું પકડયું. પણ ઋષિદત્તા ધ્યાનમાંથી ચલિત ન થઈ.

'માળી જબરી લાગે છે. અલ્યા એક પછેડી પાથરો. એમાં આને નાંખીને ઝોળી કરીને ઉઠાવો. આમ સહેલાઇથી માને તેવી નથી લાગતી.' પારધિરાજે પોતાના સાથીઓ સામે જોઇને કહ્યું.

પારધિરાજની આજ્ઞાનો તરત અમલ થયો. એક પારધિએ પોતાની પછેડી પાથરી અને બે જણાએ ઋષિદત્તાને ઉઠાવીને પછેડીમાં બેસાડી. ત્યાર પછી તેને ઝોળી માફક ચાર જણાએ ઉંચકી અને સમય ગુમાવ્યા વગર આ શિકારીઓ અટવીના એક કેડી મારગે વિદાય થયા.

આટલું વીતવા છતાં ઋષિદત્તાએ આંખો ખોલી જ નહોતી અને મનમાંથી નવકારમંત્રનું સ્મરણ ગુમાવ્યું નહોતું. જાણે કશું નથી બન્યું એવા ભાવ સાથે તે પછેડીની ઝોળીમાં બેસીને પણ મંત્રારાધન કરવામાં એવી ને એવી તન્મય જ રહી.

(ચાલુ)

જીવદયા નેત્રપ્રભા

આંખના દરદો મટાડવા તેમજ રોશની જાળવવા ઉપયોગી

* આંખને ઠંડક આપે છે.
* આંખને સ્વચ્છ રાખે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય

ગામદેવી રોડ મુંબઈ નં. ૭

ભાવનગરના સ્ટોકીસ્ટ :— પ્રતાપરાય નાનચંદ કાપડીઆ-આંબાચોક

કચ્છ-ભૂજના સ્ટોકીસ્ટ :— લક્ષ્મીચંદ કુંવરજી


દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વ્યાપારી બંધુઓને

નિવેદન કે, દહેરાસરના વપરાશ માટે ઉત્તમ તેમજ સ્વચ્છ વસ્તુ જેવી કે, અગરબત્તી કેશર, સુખડ, દશાંગધુપ, વાસક્ષેપ, સોના-ચાંદીના વરખ, બાદલું, કટોરી, નવકારવાળી તેમજ અમારી સ્પેશયલ સુગંધરાજ નં. ૩૩૩ અને ૫૫૫ અગરબત્તી વગેરે કિફાયત ભાવે ખરીદવાનું એક ભરોસાપાત્ર સ્થળ.

બી. એમ. સરૈયા ઠે, ભાગા-તળાવ. સુરત.

વધુ વિગત માટે પત્રવ્યવહાર કરો !

ગ્રાહકોનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.



# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

**શ્રી કિરણ**

જગતમાં–સંસારમાં જીવનની કિંમત કૃતજ્ઞતા ગુણથી ઓળખાય છે, કૃતઘ્ન માનવ નહિ પણ પશુથીયે બદતર છે. કૃતજ્ઞતા ગુણને અંગે તથા અન્યાન્ય ઉપયોગી વિષયોને અંગે પ્રાસંગિક રીતે શ્રી કિરણ પોતાની સુરમ્યશૈલીયે યોગ્ય માર્ગદર્શન આપે છે, જે અવશ્ય મનનીય છે. હવેથી 'કલ્યાણ'ના દરેક અંકમાં શ્રી કિરણ પોતાની હળવી પણ ગભીરશૈલીયે 'કલ્યાણ'ના હજારો વાચકોને જીવનોપયોગી તાત્ત્વિક તથા સાત્ત્વિક વિચારધારા દ્વારા મનનીય વાચનનો રસથાળ ધરશે.

⊙

## કૃતજ્ઞતા અને પરોપકાર

આધ્યાત્મિક સાધનાનું પ્રથમ પગલું 'માર્ગાનુસારિતા'ના ગુણોમાં રહેલું છે.

માર્ગાનુસારિતા એટલે માનવતા !

આપણે સર્વ પ્રથમ માનવતા કેળવવાની છે. માનવતાના સર્વ ગુણોનો પાયો કૃતજ્ઞતા છે.

નવકારની સાધનામાં પ્રવેશ કરવા માટે કૃતજ્ઞતાની તાલિમ લેવી પડશે.

સામાયિકની સાધનામાં પ્રવેશ કરવા માટે ઋણમુકિતની તાલિમ લેવી પડશે.

નવકાર વિના સામાયિકની સાધના શકય નથી. કૃતજ્ઞતા વિના ઋણમુકિત શકય નથી.

જે કૃતજ્ઞ છે, તે બીજા તરફથી પોતાને પ્રાપ્ત થયેલા ગુણોને–લાભોને જાણે છે, સ્વીકારે છે. સ્વીકારીને પોતાનાં હૈયામાં આર્દ્રતાનો અનુભવ (feel) કરે છે. એટલું જ નહિ, પરંતુ 'હું તેનો બદલો કઇ રીતે આપી શકું ?' તેની તે ચિંતા સેવે છે, તે માટે યથાશક્તિ પ્રયત્નો કરે છે.

મારા પર ઉપકાર કરનાર પ્રત્યે જો હું સદ્ભાવ ન દાખવી શકું, તો અપકાર કરનાર પ્રત્યે પણ ઉપકાર કરવાની તાકાત કયાંથી પ્રગટશે ? પછી તો સમગ્ર જગતનું કલ્યાણ કરવાની વાતો માત્ર શબ્દોમાં જ રહેશે.

જો હું મારા પ્રત્યે બીજાએ કરેલા હિતને પણ નથી સ્વીકારતો તો મારા આત્મ પરિણામ કેવાં નિષ્ઠુર છે ? મારા આ પરિણામને કોમળ બનાવવા માટે, તેની વશુદ્ધિ માટે પણ મારે આ કૃતજ્ઞતા ગુણ તથા પરોપકાર ગુણ પ્રગટાવવો જ રહ્યો.

અહિં પરોપકાર ગુણ ઋણમુકિત રૂપે છે.

આ બંન્ને ગુણથી વંચિત રહેનાર એક પણ સારા ગુણને નહિ પામી શકે.

અન્યના સીધા અથવા આડકતરા સહજ માત્ર ઉપકારને પણ જાણવો, માનવો, સ્વીકારવો, પ્રશંસવો જોઇએ અને આ ઉપકારનું ઋણ વાળવા સર્વ સુયોગ્ય પ્રયત્નો કરવા જોઈએ.

ભલે, ઋણ આપણે ન વાળી શકીએ. ઋણનો ભાવપૂર્વકનો સ્વીકાર પણ નિર્જરાનું કારણ બને છે.

જો ઋણને આપણે ભાવપૂર્વક ન સ્વીકારીએ તો આપણામાં આત્મ પરિણામની કોમળતા નથી,

આપણે કૃતઘ્ન છીએ. કૃતઘ્નતા રૂપી પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. માત્ર કૃતજ્ઞતા પ્રગટાવવી પડશે.

ભાવમાં, શબ્દમાં કે કાર્યમાં વ્યકત થતી આપણી કૃતજ્ઞતાથી અન્યના સત્કાર્યો માટે અને સદ્‌વિચારો માટે પ્રેરણા મળે છે. જ્યારે કૃતઘ્નતા અન્યના સદ્‌ભાવો પર કયારેક આઘાત કરે છે, કયારેક સત્કાર્યોને થતાં અટકાવે છે.

કૃતજ્ઞતા મોક્ષમાર્ગ પ્રત્યે વાળે છે, કૃતઘ્નતા સંસારમાં ભ્રમણ કરાવે છે.

નવકારની સાધનામાં કૃતજ્ઞતા અને પરોપકાર બંને ગુણો અનિવાર્ય છે.

આપણે નવકારનો જાપ કરીએ છીએ, શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ કરીએ છીએ, સામાયિક ધર્મનું પાલન કરીએ છીએ શું આપણામાં કૃતજ્ઞતા છે? શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોના અનંત ઉપકારો આપણને સ્પર્શે છે? અસર (feel) કરે છે?

પરમ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓની મહાકરૂણાના ભાવસ્પર્શે આપણું જડ હૈયું પીગળે છે?

જે અનંત ઉપકારો આપણા ઉપર થયા છે તેની ઋણમુકિત માટે પરાર્થકારિતાને ફરજ રૂપે આપણે સ્વીકારી છે?

નવકારની સાધના સફળ કરવી છે? તો ઉપકારીના સહેજ પણ ઉપકારને ન ભૂલો અને પરાર્થકારિતાને–અન્યના કલ્યાણને ફરજ સમજો.

કોઈપણ આધ્યાત્મિક સાધના સફળ કરવી હોય તો તેની પ્રાથમિક અનિવાર્ય શરત આ છે. કૃતજ્ઞતા ગુણ કેળવો.

કૃતજ્ઞતા ગુણ (sense of gratitude) અને પરોપકાર ગુણ (sense of sacrifice) બંને એક બીજાના પૂરક છે.

## મહા કરૂણા

જાપાનના મહાકવિ નાગોચીએ એક કવિતામાં લખ્યું છે કે માતાના મમત્વનું એક બિંદુ અમૃતના સમુદ્રથી ય અધિક મીઠું છે.

શ્રી તીર્થંકરોના આત્માઓના જીવમાત્ર પ્રત્યેના વાત્સલ્યને માતાના વાત્સલ્યની સાથે પણ નહિ સરખાવી શકાય.

એક માતા પોતાના જ બાળકનું પરિપૂર્ણ હિત ચિંતવે છે, અને તે પણ કેવળ ભૌતિક હોય છે, અથવા બહુ તો નૈતિક અને વિરલ પ્રસંગમાં જ આધ્યાત્મિક હોય છે.

તીર્થંકરો પ્રત્યેક જીવના આધ્યાત્મિક કલ્યાણને માતા કરતાં પણ અનંતગુણ વધારે ભાવથી ચાહે છે.

શ્રી તીર્થંકર ભગવંતોના આ ભાવને મહાવાત્સલ્ય કહો, મહા કરૂણા કહો, કે 'સવિ જીવ કરૂં શાસન રસી'ની ભાવના કહો.

## દુઃખમુક્તિનો અમોઘ ઉપાય

આ સંસારનો વિચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપ કર્મોનો વિશિષ્ટ નાશ થવાથી થાય છે. પુનઃ બંધાય નહિ એવી રીતે પાપકર્મોનો નાશ તથા ભવ્યત્વ પાકવાથી થાય છે.

આ તથા ભવ્યત્વ વગેરેને પકાવવાના, પ્રગટાવવાના પ્રાપ્ત કરવાના ત્રણ સાધનો શ્રી શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યા છે.

એક ચાર શરણોનો સ્વીકાર.

બીજું દુષ્કૃત્યોની નિંદા.

ત્રીજું સુકૃત્યોનું સેવન તથા અનુમોદન.

માટે દુઃખ મુકત થવાની ઈચ્છાવાળાએ આ ઉપાયોનું હંમેશાં નિશ્ચયપૂર્વક સેવન કરવું જોઈએ અને તેમાં પણ રાગદ્વેષ–કામ, ક્રોધાદિ સંકલેશ હોય ત્યારે તો વારંવાર અને સંકલેશ ન હોય તો પણ દિવસમાં ત્રણવાર (ત્રિકાળ સંધ્યાએ) અવશ્ય કરવું જોઈએ.

## ચાર શરણ

आप्तोऽष्टादशदोषशून्यजिनपश्चाऽर्हन् सुदेवो मम ।
त्यक्ताऽऽरंभपरिग्रहः सुविहितो वाचंयमः सद्गुरुः॥
धर्मः केवलिभाषितो वरदयः कल्याणहेतुः पुनः ।
अर्हत् सिद्ध-सुसाधु-धर्मशरणं भूयात् त्रिशुद्धया
ऽऽभवम् ॥

રાગદ્વેષાદિ અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા એજ મારા સુદેવ છે. આરંભ, પરિગ્રહ અને મોહમાયાથી સર્વથા વિમુકત સાધુતાના આદર્શ-સ્વરૂપ સુવિહિત સાધુઓ જ મારા સદ્ગુરૂ છે. શ્રી તીર્થંકર ભગવંતે કેવલજ્ઞાનના બળે સ્વયં અનુભવીને જગતના પ્રાણીઓના એકાંતહિત માટે પ્રરૂપેલ અહિંસામય જ મારો સધ્ધર્મ છે.

હું ત્રિકરણ શુદ્ધિએ સમગ્ર ભવની પરંપરામાં પરમ આધાર સ્વરૂપ અરિહંત, સિદ્ધ, સુસાધુ અને ધર્મના શરણને ભાવપૂર્વક સ્વીકારૂં છું.

## દુષ્કૃત ગર્હા

भूतानागतवर्त्तमानसमये यद् दुष्प्रयुक्तैर्मनो
वाक्कायैः कृतकारितानुमतिभिर्देवादितत्वत्रये ॥
संघे प्राणिषु चाप्तवाच्यनुचितं हिंसादि
पापास्पदम् ।
मोहांधेन मया कृतं तदधुना गर्हामि
निंदाम्यहम् ॥

ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓથી કરણ, કરાવણ અને અનુમોદન દ્વારા, દેવ, ગુરૂ, ધર્મ શ્રી સંઘ તથા શ્રી તીર્થંકર પ્રભુની વાણી સબંધી કે કોઇપણ પ્રાણીને વિષે મોહાંધ થઈને હિંસાદિ પાપો આસેવ્યા હોય તેની હું સાચા હૃદયથી નિંદા અને ગર્હા કરૂં છું.

## સુકૃત અનુમોદના

अर्हत्सिद्धगणीन्द्र पाठकमुनि श्राद्धाव्रति श्रावका
यर्हत्वादिक भावतद् गतगुणान्
मार्गानुसारान् गुणान् ॥
श्री अर्हद् वचनानुसारिसुकृतानुष्ठान सद्दर्शन
ज्ञानादीननुमोदयामि सुहितैर्योगैः प्रशंशाम्यहम् ॥

શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ ભગવંત આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રાવક, અવિરત શ્રાવક વિગેરે સબંધી અરિહંતપણા આદિના ગુણોની, અન્યના માર્ગાનુસારીના ગુણોની તથા પ્રભુશાસનની મર્યાદાને અનુસરતા શુભ અનુષ્ઠાનોની અને સમ્યગ્જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણોની પ્રશસ્ત ત્રિકરણ યોગથી હું પ્રશંસા કરૂં છું.

## સંગીતની અસર :

કેટલાક વર્ષો પહેલાંની વાત છે.

સાનફ્રાંસીસ્કોના જેલના અધિકારીઓ પાસે એક વ્યકિતએ આવી ને કહ્યું કે, સંગીત દ્વારા તે પોતે અપરાધીઓની મનોભાવનાઓને બદલીને તેમને સભ્ય તથા સજ્જન બનાવવા ઇચ્છે છે.

જેલના અધિકારીઓને આશ્ચર્ય થયું, જેલની અસહ્ય વેદનાઓ જેમને ન સુધારી શકી તે કેદીઓ સંગીત સાંભળી સુધરી શકે? ત્રાસ વડે, ભય વડે જે ન થયું તે શું સ્વરની શકિત વડે થઈ શકે?

પરંતુ કેટલાક દિવસના પ્રયોગો પછી આ પ્રયત્નમાં આશ્ચર્યકારક સફળતા પ્રાપ્ત થઈ.

કેટલાય દેશોમાં સંગીતદ્વારા પ્રજાની નૈતિક ભૂમિકા ઉચ્ચ બનાવવાના વૈજ્ઞાનિક પ્રયોગો આજે સફળતાપૂર્વક થઇ રહ્યા છે.

જન્મ જાત ભયંકર અપરાધીઓ જેમને જેલની સખતમાં સખત સજા પણ ન સુધારી શકી તેમના જીવનમાં સંગીત દ્વારા અદ્ભુત પરિવર્તન આવ્યું છે.

## પશુ પક્ષીઓ પર ધ્વનિ તરંગોની અસર :

માનવ સ્વભાવ ઉપર સંગીતની ઘણી ઉંડી

અસર છે, સંગીતના જાદુ વડે માનવીમાં આશ્ચર્યકારક પરિવર્તન લાવી શકાય છે.

સંગીતની મધુર લય અને તેના કોમલ સ્વર પશુ-પક્ષી અથવા માનવીની ઉગ્રભાવના-ઓને કોમળ બનાવીને તેમના જીવનમાં નવી સ્ફુર્તિ પ્રગટાવે છે.

મેડમ મોંટેસરીનું નામ શિક્ષણક્ષેત્રમાં સુપ્રસિદ્ધ છે.

બાલ્યવયમાં મોંટેસરીએ એક બિલાડી પાળી હતી. આ બિલાડીનો સ્વભાવ ઘણો ઉગ્ર હતો. પ્રત્યેક આવનારની સામે ધસી જતી, બિલાડી સામેની ફરીઆદો સાંભળીને મોંટેસરી કંટાળી ગઈ.

પરંતુ જ્યારથી મોંટેસરીએ પિયાના ઉપર સંગીતનો અભ્યાસ શરૂ કર્યો ત્યારથી બિલાડીમાં આશ્ચર્યજનક પરિવર્તન આવ્યું, થોડા દિવસો પછી બલાડી બીલ્કુલ શાંત થઈ ગઈ.

આ ઘટના વડે મોંટેસરીને શિક્ષણ ક્ષેત્રમાં યશસ્વીપણે કાર્ય કરવા માટે નવી પ્રેરણા મળી,

બીજો પ્રસંગ પંડિત ઓંકારનાથજી ઠાકુરનો છે.

એક વાર સંગીત માર્તંડ પંઠિત ઠાકુર લાહોર આવ્યા હતા. લાહોરના પ્રાણી ઘરમાં એક વિકરાળ વાઘ આવ્યો હતો, તેની ગર્જના-ઓથી ત્યાં આવનારા ધ્રુજી ઉઠતા,

પંડિતજીએ વાઘને વશ કરવા માટે સંગી-તનો પ્રયોગ કર્યો. પંડિતજીના ગળામાંથી મધુર સ્વર જેમ જેમ નીકળતા ગયા તેમ તેમ વાઘ શાંત થતો ગયો. છેલ્લે આ જંગલી પશુ પાંજ-રાના સળીઆમાં પંજા બહાર કરી, પાળેલા કુતરાની જેમ પંડિતજી સામે જોઈ રહ્યું.

કહેવાય છે કે બૈજુબાવરાનું સંગીત સાંભળી હરણો આવતાં. આ યુગના પણ એવા ઘણા ઉદાહરણો સંભળાય છે, મિંયા ગુલામરસુલ ગાતા ત્યારે બુલબુલ પક્ષીઓ તેની આસપાસ એકઠા થતા, તે વાત પ્રસિદ્ધ છે.

સંગીતના પ્રભાવથી ભયંકર વિષધર સર્પદંશ દેવાની હિંસક પ્રવૃત્તિ ભૂલી જાય છે.

લંડનના પ્રાણી ઘરમાં સંગીતના પ્રયોગો કરવામાં આવ્યા હતા. ચિત્તાને એવું સંગીત પસંદ હતું જેથી તેની રગેરગોમાં ઉત્તેજના થઈ આવે. હરણોએ તો સંગીતનો પ્રેમ પ્રગટ કર્યો જ હતો. એક બંગાળી વાઘણ (Royal Bengal Tigress) એકાગ્ર ચિત્તે સંગીતમાં મોહિત થઇ હતી.

જો ધ્વનિ તરંગોની શકિતમાં પશુ-પક્ષી-ઓને વશ કરવાની તાકાત છે તો પછી ધ્વનિ તરંગો કયારેક માનવહૃદયમાં રહેલા સુષુપ્ત ભાવોને જાગૃત કરે, કયારેક ચિત્તવૃત્તિઓ શાંત કરે કે કયારેક મનને એકાગ્ર કરે, તેમાં શું આશ્ચર્ય ?

જો સામાન્ય પ્રકારની વ્યકિતઓ દ્વારા રચાયેલા સંગીતમાં ધ્વનિશકિતની આશ્ચર્ય-કારક અસરો છે, તો શ્રી જિનેશ્વર ભગવંતે જેને મહામંત્ર કહ્યો છે તેવા શ્રેષ્ઠ મંત્રમાં પરમ કલ્યાણને પ્રગટાવનારી અનેક ઉચ્ચ શકિતઓ હોય તેમાં શી નવાઈ !

## સ્વાર્થનો મહા રોગ

જ્ઞાનમાં જો એટલો બધો ઘમંડ આવી જાય કે હૈયું કોમળ ન રહે, આંખો રડી ન શકે, એટલો અહંભાવ આવી જાય કે અન્યના ગુણ જોઈ પ્રમોદ ન થાય, ઓષ્ઠ હસી ન શકે અને એટલું સ્વકેન્દ્રિત બની જાય કે માત્ર પોતાના સિવાય અન્ય કોઈની ય ચિંતા ન કરે તો આવું જ્ઞાન અજ્ઞાનથી ય વિશેષ હાનિકારક છે.

—ખલીલ જિબ્રાન

કેવળ પોતાના જ સુખનો વિચાર કરનારો આરાધક વિશ્વહિતની ભાવના ધરાવતા શ્રી જિનેશ્વરદેવો કે તેઓના માર્ગે અપ્રમત્તભાવે ચાલનારા અન્ય પરમેષ્ઠી ભગવંતો સાથે સંબંધ કઈ રીતે બાંધી શકશે ?

**ભરૂચ**–ખાતે જૈન ધર્મશાળાના નવા મકાનનું ઉદ્‌ઘાટન તા. ૨૪–૧૧–૬૦ ના રોજ મુંબઇ નિવાસી પરીખ શ્રી નગીનદાસ વમળચંદ કપડવણજવાળાના વરદહસ્તે થયું હતું.

**બીલીમોરા**–મુનિરાજશ્રી વિજયચંદ્રવિજયજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સંઘ તરફથી કાર્તિક વ. ૭ના રોજ ભાઇ મંગલકુમાર હિરાલાલ દીક્ષા લેવા પાલીતાણા જતા હોવાથી અનુમોદના તથા અભિનંદન આપવાનો મેળાવડો યોજવામાં આવ્યો હતો. પાલીતાણા ખાતે પૂ. આચાર્યશ્રી વિજય લાવણ્યસૂરિજી મહારાજના વરદ હસ્તે માગસર શુદિ ૮ના રોજ ધામધૂમથી દીક્ષા થઈ હતી.

**ખંભાત**-મુનિરાજશ્રી સુરેન્દ્રસાગરજી મહારાજના સદુપદેશથી પાંત્રીસ હજારના ખર્ચે તૈયાર થયેલ ઉપાશ્રયના ઉદ્‌ઘાટન નિમિત્તે નવ દિવસ સુધી રોજ શ્રી નવકાર મંત્રની ૨૫ નવકારવાળીઓ સાથે એકાસણાની (ક્ષીર–પુરી) ૬૦, ભાઈ–બ્હેનોએ આરાધના કરી હતી. પાંચ દિવસ એકાસણાનો લાભ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈએ લીધો હતો. બાકીના દિવસોનો ઓશવાલ સંઘ, શ્રી નંદુભાઈ તથા તપસ્વીઓએ લાભ લીધો હતો. અઠ્ઠાઇ મહોત્સવ પણ થયો હતો. ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન શ્રી મોહનલાલ દલસુખભાઇએ રૂા ૧૦૦૧, બોલી કર્યું હતું. ઝવેરી કાંતિલાલભાઇએ તાળાની બોલી રૂા. ૪૦૧, બોલી તાળું શ્રી સંઘને આપ્યું હતું અને પ્રભાવના થઇ હતી.

**ભુજ**–મુનિરાજશ્રી સુબોધવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજની નિશ્રામાં અપૂર્વ ધર્મારાધના થઇ હતી. આસો માસની શાશ્વતી ઓળીનું આરાધન સુંદર રીતે થયું હતું. ત્રણે દહેરાસરમાં શ્રી સિદ્ધચક્રજીનું સુંદર માંડલું કાઢવામાં આવ્યું હતું. દીવાળીના દેવવંદન, જ્ઞાનપંચમીનું આરાધન, ચોમાસી ચૌદશના પૌષધ તથા દેવવંદન ચાતુર્માસ પરિવર્તન, પટનાં દર્શન, વગેરેમાં જૈનજનતાએ સારો લાભ લીધો હતો. અને દરેક પ્રભાવના વગેરે થયું હતું. બે સદ્‌ગૃહસ્થો તરફથી અષાડ શુદિ ૪થી સંવત્સરી સુધી નિયમીત એક સામાયિક તથા પ્રતિક્રમણ કરનાર બાળકોને કટાસણું અને ભાદરવા શુદિ ૪થી કાર્તિક પુનમ સુધી એક સામાયિક અને પ્રતિક્રમણ કરનાર બાળકોને શાહ મનસુખલાલ આશકરણ ભૂજવાળા તથા શ્રી કેશવલાલ સંગજી ભૂજવાળા તરફથી ચરવળાની પ્રભાવના થઇ હતી. મહેતા છબીલલાલ દેવસી તથા શ્રી ચંદ્રમણિબેન તરફથી દરેકને જમણ આપ્યું હતું. પૂ. મહારાજશ્રીની નિશ્રામાં સામાયિક પ્રતિક્રમણ, પૌષધ, પૂજા વગેરે ધાર્મિક ક્રિયા સારા પ્રમાણમાં થઇ હતી. પૂ. મહારાજશ્રીના વિહાર વખતે સેંકડો માણસ વળાવવા આવ્યા હતા અને પ્રભાવના થઇ હતી. મહારાજશ્રી બિદડા પધાર્યા છે ત્યાંથી ભદ્રેશ્વર–તીર્થની યાત્રાએ પધારશે.

**ગઢહિંગલજ**–ખાતે શ્રી અનસુયાબેને સવાસો આયંબિલની તપશ્ચર્યા કરી હતી તે નિમિત્તે પૂ. મુનિરાજશ્રી લલીતવિજયજી મહારાજશ્રીના નિશ્રામાં મા. શુ. ૬ પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા નાણુ સમક્ષ થઈ હતી. શ્રીફળની પ્રભાવના થઇ હતી, બપોરે પૂજા ભાવના, આંગી, પ્રભાવના વગેરે થયેલ. શુદિ ૭ના શ્રી ચંદ્રાબેન તરફથી પૂજા અને શ્રીફળની પ્રભાવના થઇ હતી. શુદિ ૮ના શ્રી અનસુયાબેનને સવાસો આયંબિલનું પારણું હતું. તે દિવસે પૂજા, આંગી, ભાવના, પ્રભાવના તથા નવકારશી થઇ હતી. શુદિ ૧૧ના મૌન એકાદશીના પૌષધ કરનારને પારણા શ્રી જીવરામ સાંકલચંદ તરફથી કરાવવામાં આવ્યા હતાં. શુદિ ૧૫ના રોજ નવાણું પ્રકારી પૂજા શ્રી શાંતિલાલ દેવચંદ તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી. પૂજાઓ ભણાવવા કોલ્હાપુરથી શ્રી સુરેન્દ્રલાલ માસ્તર તથા બેલગામથી શ્રી સેવંતિલાલ વગેરે આવેલા તેમજ તાસગામથી બાલસંગીત મંડળ અને શાહપુરી જૈન પાઠશાળાની બાલિકાઓએ ગરબા, સંવાદ, આદિ કાર્યક્રમથી ગામમાં ઉત્સાહનું વાતાવરણ સારું હતું. પાંત્રીસ વર્ષથી શ્રી સંઘમાં કુસંપનું કારણ વાતાવરણ હતું તે શાસનદેવની કૃપાથી સંપ થઇ ગયે છે.

**નમ્ર વિનંતી**—જેમને ફાગણ શુદિ ૧૫ સુધીમાં ૫૦૦, આયંબિલ સળંગ યા એકાંતરે પુરાં થઇ ગયાં હોય કે થવાના હોય તેઓએ પોતાનું નામ–ઠામ વગેરે શાહ લાલચંદભાઇ રાજમલ મસ્કતી મારકેટ, અમદાવાદ એ ઠેકાણે લખી જણાવવા વિનંતિ છે. શ્રાવક–શ્રાવિકાઓએ જ જણાવવું.

**વઢવાણ શહેર**—શ્રી મોહનલાલ વાઘજીભાઇ જૈન પાઠશાળાની વાર્ષિક ધાર્મિક પરિક્ષા શ્રી વાડીલાલ મગનલાલ શેઠે લીધી હતી. તેનો ઇનામી મેળાવડો પૂ. ગણિવર્ય શ્રી માનતુંગવિજયજી મહારાજની અધ્યક્ષતામાં કાર્તિક શુદી ૧૧ ના રોજ યોજવામાં આવ્યો હતો. મંગલાચરણ, ગુરુસ્તુતિ, સ્વાગતગીત, સંવાદ, ગરબા વગેરેનો કાર્યક્રમ પત્યા બાદ પાઠશાળાનો રીપોર્ટ તથા વીઝીટનું વાંચન થયું હતું. પછી શ્રી વાડીલાલભાઇએ પાઠશાળાના અભ્યુદય અંગે વિવેચન કર્યું હતું. પૂ. મહારાજશ્રીએ શ્રુતજ્ઞાનની મહત્તા અંગે ખૂબજ રોચક શૈલિમાં વ્યાખ્યાન આપ્યું હતું. આગામી વાર્ષિક અર્ધ પરિક્ષાની ઇનામી યોજના માટે રૂા. ૫૦, શ્રી મોતીલાલ લાલચંદભાઇ તરફથી અને મેટ્રિકના વિદ્યાર્થીઓ ૧ લા, ૨ જા, અને ત્રીજા નંબર આવનારને રૂા. ૧૦૧, રૂા. ૬૧, રૂા. ૪૧, આપવાની યોજનાનો સ્વીકાર શ્રી રતીલાલ જીવણભાઇએ કર્યો હતો. રૂા. ૩૦૦, નાં ઇનામ શેઠશ્રી જીવણભાઇ અબજીભાઇના સુપુત્રો શ્રી શાંતીલાલભાઇ તથા શ્રી રતીલાલભાઇ તરફથી વહેંચાયા તાં અને તેઓ તરફથી કાર્તિક શુદિ ૧૨ ના દિવસે જમણુ અપાયુ હતું.

**શ્રી સમેતશીખરજી**—મહાતીર્થના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થયું છે. પહાડ ઉપરના નૂતન શ્રી જલમંદિરમાં પ્રતિષ્ટા તા. ૮–૨–૬૧ના શુભ દિને થવાની છે. તેનો મહોત્સવ ૨૯–૧–૬૧થી શરૂ થનાર છે. રહેવા માટે વિશાળ ધર્મશાળાઓ છે, બીજી અનેક જાતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેઓ સંઘ રૂપે, સ્પેશીયલો કે સમુહરૂપમાં મહોત્સવ પર પધારનારા હોય તેઓએ એક મહિના અગાઉ અને કુટુંબોએ પંદર દિવસ પહેલા આવવાનો દિવસ અને સંખ્યા જણાવવાથી વ્યવસ્થાપકોને ઉચિત વ્યવસ્થા કરવામાં અનુકુળતા રહેશે. જણાવવાનું સીરનામું શ્રી સમ્મેતશીખરજી જીર્ણોદ્ધાર સમિતિ ઠે. શેઠ લાલચંદ ધરમચંદ ૬–ક્રોસ સ્ટ્રીટ કલકત્તા–૭.

**સાબરમતી:** પૂ. આ. શ્રી ઉમંગસૂરીશ્વરજી મ. તથા પૂ. પંન્યાસજી ઉદયવિજયજી મ. ની અધ્યક્ષતામાં માગ. શુ. ૬ ગુરૂવારના રોજ શ્રી આત્મ–વલ્લભ વિવેક સામાયિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી ચિંતામણિ સોસાયટીમાં પૂજા રાગ–રાગણીથી ભણાવવામાં આવી હતી. સાધર્મિવાત્સલ્ય થયું હતું. મૌન એકાદશીની આરાધના સુંદર રીતે થઇ હતી.

**જાવાલ** (રાજસ્થાન): પૂ. પંન્યાસજી જયંતવિજયજી મ. ની નિશ્રામાં સૂરિસમ્રાટ શ્રી નેમીસૂરીશ્વરજી મ.ની ગુરૂમૂર્તિની પ્રતિષ્ટા માગ. શુદી ૬ના રોજ ઉલ્લાસપૂર્વક થઇ હતી. આ અંગે શ્રી શાંતિસ્નાત્ર સંઘજમણ, પૂજા વગેરે થયું હતું. પૂ. પંન્યાસજી મા. શુ. ૧૪ના વિહાર કરી શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ પધાર્યા છે અત્રે મહા મહિનામાં શ્રી ઉપધાનતપ કરાવવાનું નક્કી હોવાથી પૂ. મ. શ્રી પુનઃ જાવાલ પધારશે.

**ઉપધાનતપ મહોત્સવ** શ્રી મોહન ખેડા તીર્થ ખાતે જૈનાચાર્ય શ્રીમદ્ વિજયયતીન્દ્રસૂરિજી મ. ની સાનિધ્યે ઉપધાન તપ શરૂ થયેલ તેના માળનો મહોત્સવ કાર્તિક વદિ ૧૪થી પ્રારંભ થયેલ. માગ. શુ. ૫ના ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. માગસર શુદિ ૬ ના સવારે હજારોની જનમેદની સમક્ષ માલા પરીધાનની ક્રિયા શરૂ થઇ હતી. રતલામ નિવાસી શેઠે કનૈયાલાલજીએ પહેલી માળનો ચડાવો બોલી માળા પહેરી હતી. બપોરે શાંતિસ્નાત્ર તેમના જ તરફથી ભણાવવામાં આવ્યું હતું. અઠ્ઠાઇ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો.

**શાંતાક્રુઝ**—શતાવધાની પૂ. પંન્યાસજી કીર્તિવિજયજી મહારાજની પ્રેરણાથી પાઠશાળા માટે ફંડની જરૂરીયાત જણાવતાં રૂા. ૬૫૦૦, થયા હતા. એક સદ્ગૃહસ્થે પૂ. મહારાજશ્રીની શુભ પ્રેરણાથી સાહિત્યના

પ્રચાર માટે રૂા. દસ હજાર આપવાની ઉદારતા બતાવી હતી. પોકેટ સાઇઝમાં ભ. મહાવીર સ્વામીનું સંક્ષિપ્ત જીવન આલેખતી ૨૦ હજાર કોપી અંગ્રેજી ભાષામાં બહાર પડનાર છે. ગુજરાતી ભાષામાં પાંચ હજાર કોપી બહાર પડી ચૂકી છે.

તા. ૮-૧૦-૬૦ ના સરલા સર્જન હાઇસ્કુલ પાર્લા, પીપલ્સ હાઇસ્કુલ ખારના ૨૫૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, મ્યુનિસિપલ હાઈસ્કુલ શાંતાક્રુઝ, પોદ્દાર હાઇસ્કુલ શાંતાક્રુઝ, એમ જુદી જુદી સ્કુલોમાં ૫ થી ૬ હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ તેઓશ્રીનાં પ્રવચનનો લાભ લીધો હતો. પૂ. મહારાજશ્રીના સમાગમમાં જૈનેતરો તથા વહોરાજી જેવાઓ પણ શ્રી નવકાર ગણતા થયા છે. વાકોલા જૈનસંઘની વિનંતિથી તા. ૧૩-૧૧-૬૦ ના રોજ જૈન-જૈનેતરોની જંગી મેદની વચ્ચે 'જીવનનું ધ્યેય' એ વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. ગવર્નમેન્ટ કોલોની વાકોલામાં પણ જાહેર વ્યાખ્યાન થતાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો. એકંદર પૂ. મહારાજશ્રીના પ્રવચનોએ સુંદર જમાવટ કરી હતી.

**સિદ્ધપુર**-આ વર્ષે પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ નહિ હોવાથી પર્યુષણની આરાધના કરાવવા પાટણથી શ્રી ચંદુલાલ સુંદરભાઇ માસ્તર આવ્યા હતા. તેમના આવવાથી તપ પૌષધ, પૂજાઓ, ભાવના વગેરે સારા પ્રમાણમાં થયું હતું. વરઘોડો સ્વામિવાત્સલ્ય પણ થયું હતું. આસો માસની આયંબિલની ઓળી થઈ હતી લગભગ ૩૦૦ આયંબિલ થયાં હતાં. આસો વદિ ૫ ના ધર્માદા ટ્રસ્ટ એકટ વિરોધ કરવા સંઘની મીટીંગ બોલાવવામાં આવી હતી. અને ઘટતા સ્થળોએ વિરોધના તારો પણ કરવામાં આવ્યા હતા.

**ચાણસ્મા**-જૈન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજશ્રીએ લીધી હતી પરિણામ ૮૬ ટકા આવ્યું હતું. તેનો ઇનામી મેળાવડો આસો સુદી ૧૨ ના પૂ. તપસ્વી મહાનંદવિજયજી મહારાજની નિશ્રામાં ઉપાશ્રયના હોલમાં યોજવામાં આવ્યો હતો. પૂ. મહારાજશ્રીના મંગલાચરણ બાદ બાળકોની સ્તુતિ, ગરબો, સંવાદ સંગીત આદિ થયા બાદ શ્રી બાબુભાઇ માસ્તરે પરીક્ષાનું પરિણામ તથા પાઠશાળાનો અહેવાલ રજુ કર્યો હતો. આ પ્રસંગે ખાસ આમંત્રણથી પધારેલા શ્રી વાડીલાલ મગનલાલ શેઠે તથા મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજશ્રીએ શ્રુતજ્ઞાનની મહત્તા અંગે ઉદ્બોધન કર્યું હતું. શેઠશ્રી ગોવીંદજીભાઇ કરમચંદભાઇના હસ્તે રૂા. ૨૫૫ નાં ઇનામો વહેંચાયા હતાં.

**ખંભાત**-પૂ. આચાર્ય શ્રી જમ્બૂસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના શિષ્ય રત્ન પૂ. પંન્યાસજી વર્ધમાનવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ પધારતાં સંઘમાં ઘણો ઉત્સાહ હતો. આસો શુ. ૧૦ ની આખા શહેરની ચૈત્ય પરિપાટી નીકળી હતી. જેતારણ (મારવાડ) ના રહીશ શેઠ તેજરાજજી લક્ષ્મીચંદજી જેઓ હાલ ધંધાર્થે મદ્રાસ રહે છે તેઓ પોતાના કુટુંબ સાથે શહેર યાત્રા કરવા માટે આવ્યા હતા, અને શહેરયાત્રા કરાવવાનો લાભ પણ તેમણે લીધો હતો. રોજ જુદી જુદી પોળના મંદિરમાં દર્શન, પૂજા, સ્નાત્ર વગેરે ભણાવાતું. વ્યાખ્યાન સાંભળવા સેંકડોની સંખ્યામાં જનતા લાભ લેતી હતી. છેલ્લે દિવસે સંઘ તરફથી લાડુની પ્રભાવના થઇ હતી. એકંદર ચૈત્ય-પરિપાટીનો કાર્યક્રમ સુંદર અને ભવ્યરીતે ઉજવાયો હતો. કેન્દ્ર સરકારે ધર્માદા ટ્રસ્ટ એકટ ૧૯૬૦ જે બહાર પાડયો છે તેનો વિરોધ પૂ. આચાર્ય દેવશ્રીની સાનિધ્યમાં થયો હતો.

**ભાયખલા** (મુંબઇ) શ્રી મોતીશા જૈન પાઠશાળાનો ઇનામી મેળાવડો તા. ૯-૧૦-૬૦ ના રોજ ભાયખાલા દહેરાસરજીના રંગમંડપમાં પૂ. મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયો હતો. રૂા. ૩૫૦ નાં ઇનામો વહેંચાયાં હતાં. પાઠશાળાના મુખ્ય શિક્ષક શ્રી ચીમનલાલ પાલીતાણાકરને રૂા. ૭૧ અને સહશિક્ષક શ્રી રસીકલાલને રૂા. ૪૪ તેમજ શિક્ષણ સંઘ તરફથી ઇનામો તથા પ્રમાણપત્રો વગેરે શેઠ શ્રી માનમલજી કુંદનમલજીના શુભ હસ્તે વહેંચાયાં હતાં. પ્રમુખશ્રીએ પાઠશાળાને રૂા. ૨૦૧ આપ્યા હતા.

**બારગાઉનો સંઘ**—શ્રી શત્રુંજય ગિરિરાજનો બાર ગાઉનો યાત્રા સંઘ પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં મુંબઇ નિવાસી શ્રી શિવજીભાઇ વેલજી શાહનાં ધર્મપત્નિ શ્રી ઝવેરબેને મા. વ. ૯ના રોજ કાઢયો હતો. પૂ. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા સંઘમાં સારા પ્રમાણમાં હતી. શ્રી કદંબગિરિ તીર્થ ખાતે શ્રી સંઘવીને પૂ. પંન્યાસજી મહારાજના વરદ હસ્તે માલા-રોપણ થયું હતું. શ્રીસંઘ રોહિશાળા, કદંબગિરિ, ચોક, વગેરે સ્થળોએ થઇ મા. વ. ૧૧ ની સાંજે અત્રે આવી પહોંચેલ.

**કોલ્હાપુર**—શ્રી શાહુપુરી શાંતિનાથજી જૈન પાઠશાળાના અભ્યાસકો શ્રી સુરેન્દ્રલાલ માસ્તર સાથે યાત્રાએ નિકળેલ. ગઢહિંગલજ શ્રી શંખેશ્વર (મૈસુર) નજીકના સોલાપુર, નિપાણી વગેરે સ્થળોએ થઇ ખરૂપ પાછા ફર્યા હતા, નિપાણીવાળા શ્રી તારાચંદ બાપુભાઇએ સાધર્મિ ભકિત કરવા સાથે કોલ્હાપુર પહોંચવા પોતાની મોટર આપી હતી.

**વડાલી**—પૂ. પંન્યાસજી મહારાજશ્રી પ્રવીણ-વિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં સ્વ. ભંડારી ચુનીલાલ બલ્લુભાઇના શ્રેયાર્થે તેમના સુપુત્રો તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠપૂર્વક ભણા-વવામાં આવ્યું હતું. પૂ. મહારાજશ્રી ઇડર પધાર્યા હતા. મૌન એકાદશીની સુંદર આરાધના થઇ હતી મા. વ. ૧ ના અત્રેથી વિહાર થતાં સેંકડો માણસો વળાવા આવ્યા હતા. દોઢસો માણસ તો સુમેરપુર સુધી આવ્યું હતું. મહાલ ઠાકોર શ્રી બેચરસિંહજીની વિનંતિથી તેમના દરબારમાં પધાર્યા હતા. ઇડરથી આવેલ પચાસેક ભાઇઓનું વાત્સલ્ય તેમના તરફથી થયું હતું. પૂ. પં. મહિમાવિજયજી મહારાજે એક કલાક દરબારગઢમાં વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાંથી બીજના વિહાર કરી દેશોતર, એકલારા, સરદાર-પુર, વડનગર, ચાણસ્મા થઇ શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રાએ પધારશે ત્યાંથી શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ પધારશે.


## શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઇ

## 卐 સ્નાત્ર-મહોત્સવ 卐

卐

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયીક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે તો દરેક ભાઇઓને લાભ લેવા વિનંતિ છે.

卐

લી૦ સંઘ સેવકો

**મણિલાલ રામચંદ** પ્રભાસ પાટણવાળા — **ચંદુલાલ જેઠાલાલ** ખંભાતવાળા

## સ્ફટીકની માળાઓ

સ્ફટીકની નવકારવાળી તથા ઝવેરાતની વિવિધ વસ્તુઓ માટે લખો યા મળો

**જગમોહન બી. ઝવેરી જ્વેલર્સ**

બોરપીપળો ખંભાત (ગુજરાત)

**ભદ્રાવતી**–શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક મહોત્સવ દીન ભારે ધામધુમથી ઉજવાયો હતો તા. ૧૨, ૧૩, ૧૪–૧૨–૬૦ ત્રણ દિવસ પૂજા, ભાવના, આંગી પ્રભાવના, સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું.

**પાલીતાણા**–શ્રી ખુશાલભુવન ખાતે પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી લાવણ્યસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ઉપધાન તપ શરૂ થયેલ તેનો માલારોપણ મહોત્સવ કા. વ. ૧૪થી સાહિત્યમંદિરમાં શરૂ થયેલ. પૂજા, ભાવના, આંગી, પ્રભાવના અને અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. મા. શુ. ૪ના ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. મા. શુ. ૫ન નવ વાગતાં પ્રથમ માળ રૂા. ૨૩૦૧) માં જાંબુવાળા શ્રી લક્ષ્મીચંદ ત્રિભોવનદાસને ત્યાંથી ઘેલીબેને, બીજી માળ રૂા ૧૬૦૧ માં પાટણ–વાળા શ્રી હિરાબેને પહેરેલ. કુલ માળા પહેરનાર ૨૩૯ હતાં.

મા. શુ. ૮ના રાણીગામના રહીશ અને પાલીતાણા સાહિત્યમંદિરના મુનીમ શ્રી દુર્લભજીભાઇએ તથા બીલીમોરાના રહીશ શ્રી મંગળદાસભાઇએ દીક્ષા અંગીકાર કરી હતી.

**પેટલાદ**–પૂ. પંન્યાસજી સુજ્ઞાનવિજયજી મહારાજ શ્રીની નિશ્રામાં શ્રી કનુભાઇના લગ્ન નિમિ-તે શ્રી શાંતિલાલ તારાચંદ તરફથી માગ. વદિ. ૧૦ના શ્રી સિદ્ધચક્રપૂજનનો વિધિ, શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણકની આરાધના, સ્વામિવાત્સલ્ય તેમજ માગ. વદિ ૧૧ના પૂજા, ભાવના વગેરે રાખેલ. ક્રિયા કરાવનાર ખંભાત નિવાસી શ્રી ચુનીલાલ માસ્તર આવેલ.

**માંડાણી**–પૂ. આચાર્ય શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ આદિ કા. વ. ૮ના સ્વાગતપૂર્વક પધાર્યા હતા. પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં કા. વ. ૧૩થી અઠ્ઠાઇ મહોત્સવનો પ્રારંભ થયો હતો. લાસ ગામથી સંગીતકારો આવેલ. મા. શુ. ૬ના સવારે શ્રી પાર્શ્વયક્ષની પ્રતિષ્ઠા તથા ત્રણ પટોના અભિષેક ચઢાવો બોલીને થયેલ. બપોરના નવાણું અભિષેકની પૂજા, સાધર્મિક વાત્સલ્ય, ભાવના, પ્રભાવના વગેરે સુંદર થયેલ.

**તવરી**–પૂ. આચાર્ય શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ આદિ પધારતાં મા. શુ. ૬થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ મા. શુ. ૧૧ના શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ મા. શુ. ૧૨ના મહોત્સવ કરાવનાર સંઘવીઓ તરફથી ૨૭ ગામોની નવકારશી કરી હતી. રથ યાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. વીશ સ્થાનકતપનું ઉદ્યાપન હોવાથી દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉપકરણોની ગોઠવણી કલાત્મક રીતે થઇ હતી. અમદાવાદથી સંગીતકારો આવ્યા હતા. આખા જિનમંદિરને રોશનીથી શણગારવામાં આવેલ. મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો.

## ઇનામી-સંમારભ

સુરેન્દ્રનગર શ્રી ગણિમુક્તિવિજયજી જૈન પાઠશાળાની પરીક્ષા પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠે લીધેલ જેનું પરિણામ ૮૦ ટકા આપેલ, જેનો વાર્ષિક ઇનામી મેળાવડો પ. પૂ. પં. શ્રી પરમપ્રભવિજયજી મ. ની નિશ્રામાં કારતક વદ ૩ ને રવિવારના રોજ સવારના નવ વાગે રાખવામાં આવેલ. સ્તુતિ, સંવાદ, ગરબા વિ. બાદ શિક્ષકશ્રી ચંપકલાલભાઇએ રીપોર્ટ તથા વિઝીટ વાંચી સંભળાવેલ ત્યાર બાદ શ્રી બાપાલાલભાઇ તેમજ પરીક્ષક શ્રી વાડીભાઇએ જ્ઞાનની મહત્તા તેમજ પાઠશાળાને હજુ વધુ આદર્શ બનાવવા માટે પૈસાની જરૂર ઉપર ભાર મૂકેલ. સ્નાત્રની સ્કીમો જે બંધ પડેલ છે તે ફરી શરૂ કરવા માટે લગભગ દોઢ વરસના અઠવાડીક સ્નાત્રો લખાઇ ગયા હતા ત્યાર બાદ પૂ. પં. શ્રીએ સમ્યજ્ઞાન ઉપર પ્રવચન આપેલ અને શ્રીયુત કેશવલાલ ત્રિકમલાલ વોરા કાયમી ઇનામી પ્રબંધમાંથી લગભગ રૂા. ૩૫૦ ના ઇનામો વ્હેંચાયેલ. શિક્ષક શિક્ષિકાઓને પણ પારિતોષિક આપવામાં આવેલ.

**મુંબઈ**–શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે બિરાજેલા વિદ્વાન જૈનાચાર્ય શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મહારાજના તપસ્વી શિષ્ય રત્ન પૂ. પંન્યાસજી કુમુદચંદ્રવિજયજી મહારાજે સંવત ૨૦૧૫ જેઠ શુદિ ૧૪ થી એકધારા આયંબિલ તપની આરાધના શરૂ કરેલ તે સંવત ૨૦૧૭ કાર્તિક શુદિ ૧૧ ના રોજ ૫૦૦ આયંબિલો પૂર્ણ કરેલ છે, અને હજુ પણ આયંબિલ ચાલુ છે. કાર્તિક વદી ૦)) નાં દિવસે ૫૧૯ આયંબિલ પુરાં થાય છે અને ૮૯ મી ઓળી પૂર્ણ થાય છે.

**પુનાકેમ્પ**–પૂ. મુનિરાજશ્રી મણિચંદ્રવિજયજી મહારાજના ચાતુર્માસથી આરાધના સારી રીતે થઇ હતી. આસો શુદિ ૩ થી મહોત્સવની શરૂઆત થઇ હતી. શ્રી નંદીશ્વરદ્વીપની મહાપૂજા તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. અરિહંતપદની આરાધના ૪૦૦ ભાઇ–બ્હેનોએ કરી હતી અને અઠ્ઠમની આરાધના પણ થયેલ.

**લીંબડી**–મુનિરાજશ્રી માનતુંગવિજયજી મ. ની નિશ્રામાં દરેક આરાધના સુંદર રીતે થઇ છે. પૂ. બાપજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ પણ ઉજવવામાં આવી હતી. શ્રી શાંતિ જિન ભકિત સમાજ, શાસન તથા સમાજના કાર્યોમાં ઠીક રસ લઇ રહેલ છે. વર્ધમાન તપની ઓળી, શ્રી નવપદજીની ઓળી, દીપાવલી પર્વ, જ્ઞાનપંચમી વગેરે પર્વોની આરાધનામાં સારી સંખ્યામાં ભાઇ–બ્હેનો જોડાયાં હતાં.

**વીશનગર:** શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે તા. ૧૧–૧૦–૬૦ ના રોજ લીધેલ તેનો ઇનામી સમારંભ ઉપાશ્રયના હોલમાં પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો. શ્રી શાંતિલાલ મોહનલાલ શાહે, શ્રી વિનોદચંદ્ર ભાઇ માસ્તરે, વકીલ છનાલાલભાઇએ, અને પરીક્ષક શ્રી રામચંદ્રભાઇએ પાઠશાળા અને ધાર્મિક શિક્ષણ અંગે વક્તવ્યો કર્યાં હતા. પૂ. મહારાજશ્રીએ સમ્યગ્જ્ઞાન અંગે પ્રવચન કર્યું હતું. શ્રી અમૃતલાલભાઇએ ઇનામી ફંડમા રૂ ૫૧, તથા અન્ય ભાઇઓએ રૂ. ૭૫ ઇનામી ફંડમાં નોંધાવ્યા હતા. કાર્તિક શુદિ ૧૨ના શ્રી નવાણું અભિષેકની પૂજા ભણાવવામાં આવેલ. કા. વ. ૩ના પૂ. મહારાજશ્રી શ્રીસંઘ સાથે વાલમ પધાર્યા હતા. નવકારશી, પૂજા, આંગી, ભાવના વગેરે થયું હતું.

**પાટડી:** જૈન પાઠશાળાની પરીક્ષા શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે લીધી હતી પરિણામ સારૂં આવેલ તેનો ઇનામી મેળાવડો સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ. ની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો, ઇનામો વહેંચાયાં હતાં. પૂ. સાધ્વીજી મહારાજે યોગ્ય સૂચનો ધાર્મિક શિક્ષણ અંગે કર્યાં હતાં. રવિવારે સામુદાયિક સ્નાત્ર ભણાવવાનો નિર્ણય થયો છે.

**રાણકપુરજીનો સંઘ**–પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી ગુણચંદ્ર વિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી કિર્તિસેન વિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ખુડાલાથી શ્રી મુકુદચંદજી સંઘપતિ સાથે ૭૦ માણસોનો છ'રી પાળતો શ્રી રાણકપુરજીનો સંઘ નીકળ્યો હતો. વાલી, કોટ, મુડાસ, સાદડી, વગેરે ગામોમાં પૂજા ભાવના, વ્યાખ્યાન, નવકારશી વગેરે સુંદર થયું હતું. શ્રી સંઘ રાણકપુરજી પહોંચતાં લોકોના હૃદયમાં ખૂબજ ઉત્સાહ અને ઉલ્લાસ હતો.

**ખુંટવડા**–(સૌરાષ્ટ્ર) પૂ. પંન્યાસજી સુદર્શનવિજયજી મહારાજનું કાર્તિક શુદિ ૧૫ના ચાતુર્માસ પરિવર્તન હોવાથી ગામને ધ્વજા–પતાકાથી શણગારવામાં આવ્યું હતું. વાજતે–ગાજતે શ્રી જેકોરબેનના ઘેર ચોમાસું બદલાવ્યું હતું. પૂ. પંન્યાસજી મહારાજને મૌન એકાદશી સુધીની સ્થિરતા કરવા માટે શ્રી સંઘે વિનંતિ કરી હતી પણ પૂ. મહારાજશ્રીને વિહારની ઉતાવળ હોવાથી ગોરસ પધાર્યા હતા. ત્યાં શ્રી સંઘ વળાવા આવ્યો હતો અને પૂજા, સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું. પૂ. મહારાજશ્રી વઢવાણ બાજુ પધાર્યાં છે.

**શીયાણી**–તીર્થ અતિ પ્રાચીન છે. દસ વર્ષ પહેલાં જેનો જીર્ણોદ્ધાર થયો છે. તેની વર્ષગાંઠ

માગશર શુ. ૫ ની હોવાથી તીર્થ કમિટીએ પૂ. લબ્ધિસાગરજી ગણિવર્યને વિનંતિ કરતાં પધાર્યા હતા. વર્ષગાંઠના દિવસે પૂજા, સ્વામિવાત્સલ્ય વગરે સારા પ્રમાણમાં થયું હતું. જોરાવરનગર નિવાસી શ્રી ચુનીલાલ ઉમેદચંદભાઇએ સારો પરિશ્રમ ઉઠાવી લાભ લીધો હતો, ધ્વજા ચઢાવવાનો આદેશ લઇ શાયાણીના રહીશ શ્રી નહાલચંદ ડાહ્યાભાઇએ ધ્વજા ચઢાવી હતી. યાત્રીઓ આજુબાજુથી સારા પ્રમાણમાં આવ્યા હતા.

છોટા ઉદેપુર–શ્રી મહાવીર જૈન યુવક મંડળની સભા બોલાવી કા. શુ. ૧૫ ના દિવસે ટ્રસ્ટ બીલનો વિરોધ કર્યો હતો. ઠરાવ સર્વાનુમતે કરી દીલ્હી મોકલવામાં આવ્યો હતો. મંડળ સંચાલિત પાઠશાળા શરૂ કરવામાં આવી છે.

ચાદરાઇ–પૂ. પંન્યાસજી શાંતિવિમલજી મહારાજ ચાતુર્માસ પરિવર્તન બાદ વિહાર કરતાં ગામના ૪૦૦ થી ૫૦૦ ભાઇ–બ્હેનો શુયા ગામે પૂ. મહારાજશ્રીને વળાવા પધાર્યા હતા શેઠ સાંકલચંદજી તરફથી શ્રીફલની પ્રભાવના થઇ હતી. પૂ. મહારાજશ્રી વિહાર કરી શીવગંજ, સુમેરપુર, નાણા–બેડા પીંડવાડા થઇને મારવાડા પધાર્યા હતા ત્યાંથી ગુજરાત બાજુ પધારવાના છે.

મત્સ્યોદ્યોગ સામે વિરોધ–પાટણ શહેરના સમસ્ત નાગરિકોની એક જાહેર સભા સરકારની મત્સ્ય ઉદ્યોગની યોજનાનો વિરોધ કરવા તા. ૧૩–૧૧–૬૦ ના રોજ મળી હતી. જેના પ્રમુખ શ્રી નગરશેઠ કેશવલાલ અમરચંદ હતા. પાંચ હજારની જનમેદની હતી. શ્રી શંભુ મહારાજે સરકારની હિંસામય યોજનાની ઝાટકણી કાઢી હતી અને આ ભારતની પવિત્ર ભૂમિ પર હિંસા જે પ્રસરી રહી છે એથી દેશનો ઉદય નથી. જનતાના અવાજને સાંભળવો જોઇએ વગેરે રોચક અને લાક્ષણિક શૈલિમાં જણાવ્યું હતું પછી પ્રમુખશ્રીએ વિરોધનો તથા રક્ષક કમિટિ સ્થાપવાનો ઠરાવ રજુ કર્યો હતો. રક્ષક કમિટિની સ્થાપના થઇ હતી. જીવદયાના ચુસ્ત હિમાયતી શ્રી કે. કે. શાહ આ બાબતમાં ખૂબ રસ લઇ રહ્યા છે અને પરિશ્રમ ઉઠાવી નામદાર સરકારને વિરોધનો સુર પહોંચે અને મત્સ્ય ઉદ્યોગ બંધ કરાવવા માટે પ્રચાર અને પ્રયાસ કરી રહ્યા છે.

પાટણના રહીશ શ્રી લલીતકુમાર શાહ ધાર્મિક તથા સામાજિક કાર્યોમાં સારો રસ ધરાવે છે. તેઓએ નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટના એજન્ટ તરીકે ૧૯૫૯–૬૦માં સૌથી વધુ કામ કર્યું હોવાથી મહેસાણા મુકામે ગુજરાત રાજ્યના ગર્વનર હસ્તક રોલીંગ કપ એનાયત થયો હતો.

## વઢવાણ શહેરમાં ઉજવાયેલ માળનો ભવ્ય મહોત્સવ

પૂ. પંન્યાસજી શ્રી માનતુંગવિજયજી ગણિવર આદિ વઢવાણ શહેરમાં ચાતુર્માસ પધારતાં ચાતુર્માસ દરમીયાન શાસનનાં અનેક શુભ કાર્યો થયાં હતા. માગશર શુદિ ૧૧ ના શ્રી મહાવીર સ્વામીની દહેરીએ ચરણ પાદુકાનો પ્રતિષ્ઠા મહોત્સવ અતિ સુંદર રીતે ઉજવાઇ ગયો અને ત્યાર બાદ પૂ. પંન્યાસજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી મહામંગલકારી શ્રી ઉપધાન તપની આરાધના ધર્મપ્રેમી શ્રી સુખલાલભાઇ ઓઘડભાઇ એકલાએજ આનંદ અને ઉત્સાહપૂર્વક કરી તેમની માળારોપણ વિધિ નિમિત્તે પોતાના તરફથી માગશર શુદિ ૧૩ થી માગશર વદિ ૫ સુધીનો અઠ્ઠાઇ–મહોત્સવ રાખવામાં આવ્યો હતો રોજ પૂજા, આંગી, ભાવના, પ્રભાવના વગેરે સુંદર થયું હતું. મા. વ. ૪ના માળા તથા જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. માગશર શુદિ ૫ સવારના સાત વાગે માળારોપણનો વિધિ શરૂ થયો હતો. સેંકડો ભાઇ–બ્હેનોની હાજરી તરી આવતી હતી. બરાબર ૮–૫ મીનીટે શ્રી સુખાભાઇને શ્રી મૃદુલાબેને માળા પહેરાવતાં ઉપાશ્રય જયનાદોથી ગાજી ઉઠયો હતો. પતાસાં તથા પેંડાની પ્રભાવના થઇ હતી. બપોરના શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામા આવ્યું હતું. ક્રિયા વિધિ કરાવનાર પાલેજથી શ્રીયુત જીવણલાલભાઇ અને પૂજા–ભાવના માટે પાટણથી શ્રી કેશવલાલભાઇને બોલાવવામાં આવ્યા હતા.

# વેરાયેલાં વિચાર રત્નો

( પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત )

અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

✽

સંસારમાં કેટકેટલા ઝઘડા છે, પણ સંસાર રસિક આત્માઓને તેમાં રચ્યા પચ્યા રહેવાથી ઝઘડા કે ટંટા લાગતા નથી. સંસારમાં કર્મના કારણે ઝઘડાનો ઈતિહાસ જેટલો કરૂણ અને ભયંકર છે, તેટલો ધર્મના ઝઘડાનો ઈતિહાસ કરૂણ કે બિહામણો નથી. જ્યાં જ્યાં ઝઘડો, ત્યાં ત્યાં સંસાર, અને ઝઘડાને ટાળે તે ધર્મ.

સજ્જન મનુષ્યો પોતાના સ્વાર્થને દૂર કરી અન્યના પરમાર્થની આકાંક્ષાવાળા હોય છે, ત્યારે દુર્જન મનુષ્યો પોતાના સ્વાર્થને સાધી અન્યનુ ખરાબ ઇચ્છનારા હોય છે.

સંસારમાં વિનય એ મહામૂલ્ય મોંઘેરૂં રત્ન છે. જૈન શાસનનો વિનય લોકોત્તર હોય છે.

પરમાત્માની ભકિતરૂપે મહાપુરૂષોએ સેવા માંગી છે. પછી પરમાત્માની ભકિત, સેવાની સાથે મેવા આપે જ છે, પણ મેવા માગે એને કંઇ ન મળે.

કોઇ પણ વ્યકિત પ્રત્યે પરોપકાર વૃત્તિ રાખવી, તે સદ્‌વિચાર.

કોઇનું પણ પાયમાલ કરવાની વૃત્તિ રાખવી, તે કુવિચાર.

મનનો નિગ્રહ કરેલો હોય તો દરેક ધર્મ કાર્ય સહેલાઈથી થઈ શકે છે. આત્મા બધા ઉપર કાબુ મેળવે પણ મનને કાબુમાં લેવું મુશ્કેલ છે. મનને મારે તે અમર મનને ન મારે તે મરેલો.

ક્રોધ જુનો દુશ્મન છે તેને ઉંચો કર્યો એટલે આપણી સ્ટોકમાં રહેલી પુન્યાઈને ઓછી કરી કહેવાય. જેઓ સંસારમાં ક્રોધાદિ પાછળ શક્તિ ખરચી નાંખે છે, ભોગ, વિલાસમાં ભમ્યા કરે છે, તેઓ પરિણામે પોતાની રહીસહી પુન્યાઇને ખાઇ જાય છે.

કોઇ પણ વસ્તુમાં ખામી જણાતી હોય ત્યારે સમજવું કે આપણી પુન્યાઇએ પગલાં દૂર કર્યાં. અર્થાત્ પુન્યાઈ પરવાઈ ગઈ.

પાપોદયથી પ્રગટતાં દુઃખના સમયે આત્મા જો વધારે પાપ કરે તો વધારે દુઃખી થાય છે. પાપની પરંપરા અનંત દુઃખોને આપનારી છે.

---

માગસર વદિ ૬ના રોજ સ્વામિવાત્સલ્ય પણ તેમના તરફથી થયું હતું. સંઘનો સાથ–સહકાર તથા ઉત્સાહ અને ઉલ્લાસ અનુપમ હતાં જેથી મહોત્સવનો દરેક કાર્યક્રમ સુંદર રીતે ઉજવાયો હતો. એકલા ઉપધાન કરનાર, એકલા માળ પહેરનાર, એકલાએ જ અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિસ્નાત્ર તથા સ્વામિવાત્સલ્ય કરી અનુપમ લાભ લેવાથી શ્રી સુખલાલભાઇએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું. આવા સુંદર અને શુભ પ્રસંગને નિહાળનાર સૌ કોઇ તેમની ભાવનાની અનુમોદના કરી રહ્યા હતા.

# નવા સભ્યો અને સહકાર

૫૧-૦૦ શ્રી કોટ જૈન શ્વે. મૂ. સંઘ. મુંબઈ

૧૧-૦૦ શેઠ શ્રી નેમચંદ નાથાભાઈ જૈન જિનાલય સુરત, પ્રતિષ્ઠાના શુભ પ્રસંગ નિમિત્તે શ્રી માણેકચંદ ડાહ્યાભાઈ ચોકસીની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરિજી જૈન જ્ઞાન મંદિર પૂ. પંન્યાસજી મહારાજ શ્રી નવિનવિજયજી ગણિવરની શુભ પ્રેરણાથી

૨૧-૦૦ શ્રી વિજય લક્ષ્મીચંદ ભાવડ નાશીક સીટી

૧૧-૨૫ શ્રી ખેતસીભાઈ દેપાર નવાગામ પૂ. સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીશ્રી પદ્મયશાશ્રીજી મ. ના ૫૦૦ આયંબિલના પારણા નિમિત્તે

૨૫-૦૦ એક સદ્‌ગૃહસ્થ અમદાવાદ પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસજી મહારાજ શ્રી વિબુધવિજયજી ગણિવરના પંન્યાસ પદારોહણના શુભ પ્રસંગ નિમિત્તે

૧૧-૦૦ દોશી શામજીભાઈ સોમચંદ મુલુન્ડ પૂ. સાધ્વીશ્રી ત્રિલોચનાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી વેલજીભાઇ કાળાભાઈ શાહ નવાગામ

૧૧-૦૦ શ્રી સાંકલચંદ દોલાજી ગાંધી કોલ્હાપુર

૧૧-૦૦ શ્રી ચીમનલાલ કપૂરચંદ શાહ સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી ધીરજલાલ નરશીદાસ સુરેન્દ્રનગર ઉપર મુજબની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ ચોકસી કપુરચંદ અનરાજની કું. મુંબઈ-૨ પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મ. શ્રીની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી શ્રાવક મહાજનની પેઢી પાટડી પૂ. સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી શાંતિલાલ જીવરામ શાહ ઈલીચપુર

## શ્રી કલ્યાણ પ્રકાશન મંદિરની વ્યવસ્થાપક કમિટિના સભ્યો :

| | | |
|---|---|---|
| ૧ | શેઠ રમણલાલ દલસુખભાઈ શ્રોફ | મુંબઇ |
| ૨ | શેઠ મણિભાઈ વનમાલીદાસ બી. એ. | કલકત્તા |
| ૩ | શેઠ અમરચંદ કુંવરજીભાઈ | સાવરકુંડલા |
| ૪ | મહેતા બાબુભાઇ ભગવાનજીભાઈ | દાદર-મુંબઇ |
| ૫ | દોશી શાંતિલાલ પાનાચંદભાઇ | દાદર-મુંબઇ |
| ૬ | વારૈયા કપૂરચંદ રણછોડભાઇ | પાલીતાણા |

**Regd. No. B. 4925** **KALYAN**


## સંસ્કાર, સાહિત્ય તથા કથાનો રસથાળ!

## તમારાં ઘરનો શણગાર : આજે જ વસાવો!

૧ **સંસ્કાર દીપ** : પ્રાચીન કથાઓ નવી શૈલીમાં : ક્રા. ૧૬ પેજી ૨૧૨ પેજ : મૂ. ૨-૦૦

૨ **દીપમાલ** : ચિંતન, મનન પ્રધાન જીવનોપયોગી નિબંધનિકાઓ : ક્રા. ૧૬ પેજી ૧૪૮ પેજ : મૂલ્ય ૧-૨૫ – પૂ. પં. મ. શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરશ્રીના પુણ્ય ઉપકારોની સ્મૃતિ નિમિતે ફક્ત ૬૫ ન. પૈ.

૩ **સંપત્તિનો નશો** : યુવકોને ઉપયોગી મનોરંજક સંવાદો : ક્રા. ૧૬ પેજી ૯૪ પેજ મૂલ્ય ૭૫ ન. પૈ.

૪ **પવિત્રતાના પથ પર** : બાળાઓ ભજવી શકે તેવા બોધપ્રદ સંવાદો અને મનનીય સુવાકયો : ક્રા. ૧૬ પેજી ૯૨ પેજ : મૂલ્ય ૭૫ ન. પૈ.

૫ **કથારત્ન મંજૂષા** : ભા, ૧ ધન્યચરિત્રનું નૂતન રૂપાંતર : અનેક ચમત્કારિક કથાઓનો ભંડાર : ક્રા. ૧૬ પેજી : ૩૯૮ પેજ : મૂલ્ય રૂા. ૩-૦-૦

૬ **કથારત્ન મંજૂષા ભા. ૨** : પ્રથમખંડનો અધૂરો કથારસ આગળ વહે છે. પૂર્વ ભાગનો સાર અને ઉપયોગી પરિશિષ્ટો સાથે : પેજ ૩૯૬ : મૂ. રૂા. ૩.

૭ **ભારતનાં પ્રસિદ્ધ જૈન તીર્થો** : ભારતનાં તીર્થોનો પરિચય તથા ઇતિહાસ ક્રા. ૧૬ પેજી : ૨૨૨ પેજ મૂલ્ય : રૂા. ૨

૮ **ગીત માધુરી** : ભકિતગીતો, ઉત્સવગીતો, આદિ ગીતોનો અનોખો સંગ્રહ : ક્રા. ૧૬ પેજી ૧૦૮ પેજ : મૂ. ૭૫ ન. પૈ.

૯ **શત્રુંજય માહાત્મ્ય** : મૂળ સંસ્કૃત ગ્રંથનો ગૂર્જર ભાષાનુવાદ : પર્વાધિરાજના મહિમાને વર્ણવતો અદ્વિતીય ગ્રંથ : હોલકલોથ બાઈન્ડીંગ; ફોરેન કાગળો : ક્રા. ૮ પેજી, ૫૨૪ પેજ : મૂ. રૂા. ૯

૧૦ **નવપદ આરાધન વિધિ** : નવપદ ભગવંતની આરાધના કરનાર વર્ગને ઉપયોગી. શ્રીપાલ ચરિત્ર સાથે : અન્યાન્ય પ્રચલિત વિવિધ તપોની વિધિ સહિત : બાળબોધ ટાઈપોમાં : ક્રા ૧૬ પેજી. ૧૯૦ પેજ : મૂલ્ય ૧-૫૦ ન.પૈ.

ઉપરોકત પ્રકાશનો પોષ્ટેજ અલગ મોકલનારને સિલકમાં હશે તો તે મોકલાવાશે.

**શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા.**

પ્રાપ્તિસ્થાન : **રાજેભાઈ એમ. પી.**

ઠે. નવાગઢ મુ. પાલીતાણા (સૌરાષ્ટ્ર).


તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.